Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંત તુકારામની વાણી

અનુવાદક
કિશોરલાલ ચ૦ મશરૂવાળા
સંપાદક
સુકુલબાઈ કલાર્થી

ગૂજરાત વિદ્યાપીઠ
અમદાવાદ-૧૪

69 ग
२५

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંત તુકારામના જેટલી ખ્યાતિ મહારાષ્ટ્રમાં કોઈ પણ સંતને પ્રાપ્ત થયેલી નથી. સંસારનો ત્યાગ ન કરતાં તેમણે પરમાર્થ-પ્રાપ્તિ કરી લીધી. સાદી લોકભાષામાં અભંગો રચીને લોકોને ઉપદેશ કર્યો. ઉત્કટ ભક્તિભાવના, નિરપેક્ષતા, સરળતા વગેરે તેમના મહાન ગુણોથી લોકો તેમના તરફ આકર્ષાયા. લોકોને તેઓ અત્યંત પૂજનીય થયા. તેમના અભંગોમાં, તેમના ઉદ્‌ગારોમાં ઈશ્વરપ્રાપ્તિની વ્યાકુળતા ઉત્પન્ન કરવાનું સામર્થ્ય છે અને જ્ઞાન આપીને તેને શાંત કરવાની પણ શક્તિ છે. જેઓ તેમનો અભ્યાસ કરશે તેમને આ પ્રકારનો અનુભવ આવ્યા વગર રહેશે નહીં.

કેદારનાથજી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

69 ग
२५

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ओ३म्

पुस्तक संख्या .....

पञ्जिका संख्या .....

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई सज्जन पन्द्रह दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकते। अधिक देर तक रखने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

३० ३२६
Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
4.4.36

स्टाक प्रमाणीकरण ११८४-११८५

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રીમદ્ રાજચંદ્ર જયંતી માળા-૩

સંત તુકારામની વાણી

અનુવાદક
કિશોરલાલ ઘ૦ મશરૂવાળા
સંપાદક
સુકુલભાઈ કલાર્થી

CHECKED
Initial

'તુકારામ તુક રામસે દોનો સેતુ અભંગ ।
ઉનકા સેતુ ભંગ ગયા ઇનકા સેતુ અભંગ ॥'

— રામચંદ્રજી અને તુકારામ એ બંનેએ સેતુ બાંધ્યો; રામચંદ્રજીનો સેતુ તૂટી ગયો, પરંતુ તુકારામનો (અભંગ રૂપી) સેતુ અભંગ છે.

પ્રકાશક તરફથી ભેટ

ગૂજરાત વિદ્યાપીઠ
અમદાવાદ-૧૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકાશક
મગનભાઈ પ્રભુદાસ દેસાઈ
મહામાત્ર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૧૪

મુદ્રક
જીવણજી ડાહ્યાભાઈ દેસાઈ
નવજીવન મુદ્રણાલય, અમદાવાદ-૧૪

સર્વ હક્ક ગૂજરાત વિદ્યાપીઠને સ્વાધીન છે.

પહેલી આવૃત્તિ, ઈ. સ. ૧૯૫૬
પ્રત ૩,૦૦૦



દોઢ રૂપિયો

સપ્ટેમ્બર, ૧૯૫૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકાશકનું નિવેદન

મરાઠી સાહિત્ય તથા પ્રજામાં વેદ કે અમૃત સમાન ગણાતી વાણીમાંથી પ્રસાદ રૂપે અમુક અંશ ગુજરાતી વાચકો પાસે આ પુસ્તક મૂકે છે. શ્રી. કિશોરલાલભાઈએ આ પસંદગી કરી તેનો સમશ્લોકી ગુજરાતી અનુવાદ પણ કરેલો તે પણ સાથે આપ્યો છે. તેમાંના ૫૯ અભંગો અગાઉ 'શિક્ષણ અને સાહિત્ય' માં બહાર પડ્યા હતા. બીજા કેટલાકનો અપ્રગટ અનુવાદ તેમનાં પત્ની શ્રી. ગોમતીબહેન પાસેથી મળ્યો છે. એમ ૧૨૦ અભંગોનો આ સંગ્રહ થાય છે.

આ કામ શ્રી. કિશોરલાલભાઈએ ૧૯૩૦–૧ના તેમના જેલ-નિવાસ દરમિયાન કર્યું હતું. તે આટલે વરસે 'શ્રી રાજચંદ્ર જયંતી માળા'માં પ્રગટ થાય છે, એ સૌને માટે આનંદની વાત છે. શ્રી. નાથજીએ સમય કાઢીને પ્રસ્તાવના લખી આપી અને પરિશિષ્ટમાં બીજા કેટલાક અભંગો ટાંકી સંત તુકારામનું જીવનચરિત આલેખ્યું છે.

આનું સંપાદન શ્રી. મુકુલભાઈએ કર્યું છે ને સંતની જીવનકથા શરૂમાં ઉમેરી છે. આમ બધી રીતે જોતાં આ ચોપડી સંત તુકારામની વાણીનો આસ્વાદ ગુજરાતી વાચકને આપશે, એ શ્રદ્ધાથી આ પુસ્તક બહાર પાડવામાં આવે છે. મૂળ મરાઠી પણ આપ્યું છે તે અભ્યાસીઓને ગમશે એમ માનું છું. આ હૃદયંગમ વાણીનું પુસ્તક તૈયાર કરી આપવા માટે જેમણે મદદ કરી છે તે સૌનો આભાર માનું છું.

૧૫–૯–'૫૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુક્રમણિકા

પ્રકાશકનું નિવેદન		૩
સંત તુકારામ	મુકુલભાઈ કલાર્થી	૫
પ્રસ્તાવના	કેદારનાથજી	૧૭
સંત તુકારામની વાણી		૧
ભક્તિવિષયક અભંગો — ૧ થી ૬૩; ઉપદેશ — ૬૪ થી ૧૦૧; સંત — ૧૦૨ થી ૧૦૯; જ્ઞાન — ૧૧૦ થી ૧૨૦.		
પરિશિષ્ટ		
[અભંગાનુસાર સંત તુકારામનું જીવનચરિત]	કેદારનાથજી	૯૯
મરાઠી અભંગોની વર્ણાનુક્રમણિકા		૧૨૫
ગુજરાતી અભંગોની વર્ણાનુક્રમણિકા		૧૨૭

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંત તુકારામ

पवित्र तें कुळ पावन तो देश।
जेथें हरिचे दास जन्म घेती।।

'પવિત્ર તે કુળ, પાવન તે દેશ,
જ્યાં હરિના દાસ ધરે જન્મ.'

મહારાષ્ટ્રના સુવિખ્યાત સંત તુકારામનો જન્મ પૂના શહેરથી થોડે દૂર ઇંદ્રાયણી નદીને કિનારે આવેલા દેહૂ ગામમાં ઈ. સ. ૧૫૯૮ના અરસામાં થયો હતો. તેમના પિતાશ્રીનું નામ બોલાજી કે બોલ્હોબા હતું અને તેમનાં માતુશ્રીનું નામ કનકાઈ કે કનકાબાઈ હતું.

તુકારામનું કુટુંબ સુખી, આબાદ અને આબરૂદાર હતું. દેહૂ ગામમાં તેમના કુટુંબની સારી પ્રતિષ્ઠા હતી.

સંત તુકારામ શ્રીવિઠ્ઠલ પ્રત્યેના તેમના ઉત્કટ ભક્તિભાવથી જાણીતા થયા છે. પરંતુ તેમનું કુટુંબ પણ ભક્તિભાવ માટે દેહૂ ગામમાં જાણીતું હતું. તેમના કુટુંબમાં વિઠ્ઠલભક્તિ વંશપરંપરાથી ચાલી આવી હતી.

સંત તુકારામના આઠમી પેઢીના પૂર્વજ વિશ્વંભર બુવા શ્રીવિઠ્ઠલના અનન્ય ભક્ત હતા. તે સાધુસંતોનો તેમ જ અતિથિઓનો આદરપૂર્વક સત્કાર કરતા. ભજનકીર્તનમાં પણ તેમને ખૂબ રસ હતો.

આ જોઈને વિશ્વંભર બુવાનાં માતુશ્રીએ તેમને એક વાર કહ્યું: "દીકરા, તારા બાપદાદાઓ પંઢરીની વારી[1] નિયમિત કરતા આવ્યા છે. તું પણ આ નિયમને ન છોડે તો તારું સદા કલ્યાણ થશે."

વિશ્વંભર બુવાએ પોતાની માતાનું આ વચન માન્ય કર્યું અને તે દર એકાદશીએ પંઢરપુર જવા લાગ્યા. ત્યાં શ્રીવિઠોબા–રખુમાઈનાં

---

૧. યાત્રા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દર્શન કરી તે ભારે હૈયે ઘેર આવતા. એક વર્ષ તેમણે આઠ મહિનામાં પંઢરપુરની સોળ વારી કરી. ત્યાર બાદ એક રાતે તેમને સ્વપ્નું આવ્યું. સ્વપ્નમાં શ્રીવિઠ્ઠલે આવીને તેમને કહ્યું કે, 'તારે હવે પંઢરપુર આવવાની જરૂર નથી. હું જાતે જ તારે ઘેર આવીને રહીશ.'

સ્વપ્નમાં સૂચવ્યા મુજબ વિશ્વંભર બુવા વહેલી સવારે ગામના કેટલાક લોકોને લઈને દેહૂની પાસે આવેલા આમ્રવનમાં ગયા. ત્યાં એક સ્થાને તુળસીપત્ર વગેરે પૂજાદ્રવ્યો જમીન પર પડેલાં જોયાં. તેમણે એ જગ્યાએ ખોદકામ કર્યું; એટલે જમીનમાંથી વિઠોબા-રખુમાઈની મૂર્તિ હાથ લાગી. વિશ્વંભર બુવા તેમ જ તેમની સાથે આવેલા લોકો આ જોઈને રાજી રાજી થઈ ગયા. વિશ્વંભર બુવા તે મૂર્તિને દેહૂ લઈ આવ્યા અને પોતાના ઘરની પાસે ઇંદ્રાયણીના કિનારા પર તેમણે તેની પ્રતિષ્ઠા કરી. ત્યારથી એ મૂર્તિ હજુય દેહૂ ગામમાં છે.

આમ, પૂર્વજ વિશ્વંભર બુવાના વખતથી પંઢરીની યાત્રા અને અને વિઠોબા-રખુમાઈની ભક્તિ કુટુંબનો રિવાજ જ બની ગયાં હતાં. એટલે જ તુકારામે ગાયું છે કે, 'विठ्ठल कुळींचे दैवत' — વિઠ્ઠલ અમારા કુળદેવતા છે; અને 'पंढरीची वारी आहे माझे घरी।'—પંઢરીની યાત્રા કરવાનો નિયમ મારા ઘરમાં ચાલ્યો આવે છે.

તુકારામનાં માતાપિતા પણ વિઠોબાનાં પરમ ભક્ત હતાં. ભગવાનની પ્રેમથી અને ભાવપૂર્વક પૂજા કરવી તથા દાનધર્મ કરવાં, એ તેઓને ખૂબ જ ગમતું. તુકારામના પિતાએ પંઢરપુરની આષાઢી-કાર્તિકી વારી સતત ચાળીસ વર્ષ સુધી કરી હતી. વળી તેમની એવી શાખ હતી કે, તે સંસાર-વ્યવહાર ચલાવતાં કદી જૂઠું બોલતા નહીં. માતુશ્રી પણ ખૂબ જ ભગવત્પરાયણ હતાં. તુકારામના જન્મ પહેલાં કનકાબાઈને વૈરાગ્યની લગની લાગી હતી. તે ઘણી વાર એકાંતમાં બેસતાં, કોઈની પણ સાથે વધારે બોલતાં નહિ અને સંસાર-વહેવાર તરફ બહુ ધ્યાન પણ આપતાં ન હતાં. વળી તે દિવસોમાં કનકાઈને સંત નામદેવના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
અભંગો સાંભળવાનું ખૂબ જ ગમતું. ઘણી વાર તે હરિકીર્તન સાંભળતી વેળાએ અથવા મંદિરમાં વિઠોબા–રખુમાઈ તરફ મીટ માંડીને બેઠાં હોય ત્યારે કલાકો સુધી ધ્યાનસ્થ અવસ્થામાં આવી જતાં. માતાપિતાના આવા ભક્તિપરાયણ જીવનની અસર તુકારામ પર બાળપણથી પડી હતી.

બાળક તુકારામને હુતુતુ વગેરે રમતો રમવી ગમતી. પણ તેમની સૌથી પ્રિય રમત તો માટીનાં વિઠ્ઠલ-રખુમાઈ બનાવી તેમની પૂજા કરવી એ હતી. પોતાના બાલમિત્રોને ભેગા કરી ભજનો ગાવાં અને ભજનનો કાર્યક્રમ પૂરો થાય એટલે સૌને પ્રસાદ વહેંચવો, એમાં તેમને ખૂબ મજા પડતી. તુકારામની શ્રીવિઠ્ઠલ માટેની આવી ભક્તિ જોઈને તેમનાં માતાપિતાને આનંદ થતો. વળી ઘેર આવેલા સાધુસંતોની સેવા-ચાકરી કરવી, બારણે કોઈ ભિખારી આવી ચડે તો તેને ભિક્ષામાં કંઈક આપવું તેમ જ પોતાને કશું ખાવાનું આપવામાં આવે તો પોતાના મિત્રોમાં વહેંચીને ખાવું એવું એવુ કરવામાં તુકારામને નાની વયમાં રસ પડતો.

તુકારામ વિદ્યાર્થી તરીકે પણ હોશિયાર હતા. ભણવાની બાબતમાં તેમને ખૂબ જ ખંત હતી. ગુરુજી પ્રત્યે પણ તેમને અત્યંત આદર હતો. તેથી તે ગુરુજીના પ્રિય થઇ પડ્યા હતા. તુકારામમાં સારા સંસ્કારો અને સદ્ગુણો જોઈને ગુરુજીએ એક વાર કહ્યું હતું, 'મોટપણમાં આ તુકો મોટો પંડિત થવાનો છે.'

બાર વર્ષની વયે તુકારામનાં લગ્ન થયાં હતાં. તેમની પત્નીનું નામ રખુમાઈ હતું. રખુમાઈ બહુ શાંત અને સરળ સ્વભાવની હતી. પરંતુ એકાએક વર્ષમાં તેને દમનો રોગ લાગુ પડ્યો અને તે સાજી થાય કે કેમ એની બધાંને શંકા ગઈ. એટલે તુકારામનાં માતાપિતાએ તુકારામનું બીજું લગ્ન કર્યું. તેમની બીજી પત્નીનું નામ જિજાઈ હતું. તે પતિપરાયણ હતી, પરંતુ બહુ જ ઉગ્ર સ્વભાવની હતી. તેથી તુકારામને ઘણી વાર સહન કરવું પડ્યું હતું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંત તુકારામને બે ભાઈઓ અને એક બહેન હતાં. એમના મોટા-ભાઈ સાવજીને નાનપણથી જ સંસાર પ્રત્યે વિરક્ત ભાવ પ્રગટ્યો હતો. તુકારામનાં બીજાં લગ્ન પછી તેમના પિતા બોલાજીને લાગવા માંડ્યું કે, 'હવે ઘડપણ આવ્યું. માટે ઘરકારભાર છોકરાઓને સોંપી દઈ મનને પ્રભુભક્તિમાં પરોવવું જોઈએ.' એમ વિચાર કરીને તેમણે તેમના મોટા પુત્ર સાવજીને બોલાવીને એ વિષે વાત કરી. એ સાંભળીને સાવજીએ કહ્યું : "બાબા, મને આ સંસારની જંજાળમાં ન ફસાવો. હું તો હવે તીર્થ-યાત્રાએ જવા માગું છું. આ તો તમે હયાત છો એટલે ઘરસંસાર છોડીને જવાતું નથી. મને આશીર્વાદ આપો કે આ શરીર કૃતાર્થ થાય."

બોલાજીએ સાવજીને ખૂબ ખૂબ સમજાવ્યો. પરંતુ તે એકનો બે ન થયો. એટલે છેવટે હારીને બોલાજીએ ઘરનો સઘળો ભાર સાવજીથી નાના તુકારામના માથે નાખ્યો. તે વખતે તુકારામની ઉંમર તેર વર્ષની જ હતી. એટલી નાની ઉંમરે ઘરડાં માબાપ તેમ જ આખા કુટુંબનો ભાર તુકારામ ઉપર આવી પડ્યો. તેમને પિતાના વેપારમાં જોડાવું પડ્યું. ધીમે ધીમે તેમણે બધું કામ સંભાળી લીધું.

તુકારામને કુશળતાથી વેપારરોજગાર કરતા જોઈને પિતાએ ખુશ થઈ તેમને શિખામણ આપતાં કહ્યું : "દીકરા, લેણદેણ અને બધું કામકાજ એવી કુશળતાથી તપાસ્યા કરવું જોઈએ કે નફોનુકસાન હંમેશાં નજર સામે રહે અને એવાં જ કામ કરવાં કે જેમાં અંતે આપણને લાભ થાય."

પિતાશ્રીનાં આ વચનનો બીજો જ મર્મ સંત તુકારામના ભક્તિપૂર્ણ હૃદયમાં ઉદ્ભવ્યો. તેમને થયું કે, 'સંસારમાં જે કંઈ લાભ છે તે શ્રીહરિ છે અને દુન્યવી સંપત્તિ છે તે નુકસાન છે; આ લાભ-હાનિને ધ્યાનમાં રાખીને શ્રીહરિપદરૂપ પરમ લાભ પ્રાપ્ત કરી લેવો.' તેમણે ગંભીર ભાવે પિતાશ્રીને કહ્યું : "બાબા, હું એ પ્રમાણે જ કરીશ."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચારેક વર્ષ ઘરકારભાર બરોબર ચાલ્યો. પરંતુ થોડા વખતમાં જ તેમનાં માતાપિતાનું અવસાન થયું. માબાપના અવસાનનું દુઃખ હજુ હળવું ન થયું ત્યાં તો મોટાભાઈ સાવજીની પત્ની પણ ગુજરી ગઈ. એટલે સાવજી સંન્યાસી બનીને ચાલ્યો ગયો. આથી આખા કુટુંબની જવાબદારી તુકારામ પર આવી પડી. આ વખતે તુકારામની ઉંમર સત્તર વર્ષની જ હતી. સ્વજનોના અવસાનથી અને મોટાભાઈના ગૃહ-ત્યાગથી તુકારામને સંસારનો ભાર અસહ્ય જણાવા લાગ્યો.

સંત તુકારામ બહુ ઉદાર દિલના અને પ્રામાણિક હતા. તેમની આ ઉદારતાનો ઘરાક અને બીજા વેપારી લોકોએ ખોટો લાભ ઉઠાવ્યો. તેથી વેપારમાં ખોટ આવી. પિતાજીની બધી મિલકત એમાં ખલાસ થઈ ગઈ. પછી તુકારામે એક નાની દુકાન કાઢી અને "વિઠ્ઠલ, વિઠ્ઠલ" એવું સ્મરણ કરતા તે ત્યાં બેસવા લાગ્યા. પરંતુ એમાં પણ તે બહુ ફાવ્યા નહિ. જિજાઈ પણ તેમને આથી વારે વારે પજવવા લાગી. લોકો પણ તેમની ઠેકડી ઉડાવવા લાગ્યા. ઘેર ચાર બળદ હતા તેમાંના ત્રણ બળદ કોઈ રોગથી એકાએક મરણ પામ્યા. એક વખત તુકારામે સાહસ ખેડીને મરચાં ખરીદ્યાં અને એ વેચવા માટે કોથળા ભરીને તે કોંકણ ગયા. ત્યાં રસ્તામાં ઠગોએ તેમના ભોળપણનો દુરુપયોગ કરી તેમને ઠગ્યા !

વળી એક વાર જિજાઈએ તેમને બસો રૂપિયા ઉછીના અપાવ્યા. તેનું મીઠું ખરીદી તુકારામ ગામ બહાર કોઈ બીજે સ્થળે વેચવા ગયા અને મીઠું વેચીને અઢીસો રૂપિયા લઈ ઘેર પાછા આવતા હતા; ત્યાં તો રસ્તામાં એક દરિદ્ર બ્રાહ્મણ સાથે તેમનો ભેટો થઈ ગયો. બ્રાહ્મણે ખૂબ દીન બનીને પોતાની કથની તેમને કહી સંભળાવી. આથી ગળ-ગળા બનીને સંત તુકારામે તેને બધા રૂપિયા આપી દીધા.

આમ, તે સંસારવ્યવહારમાં નિષ્ફળ નીવડવા લાગ્યા. અધૂરામાં પૂરું તે વખતે મહારાષ્ટ્રમાં ભારે દુષ્કાળ પડ્યો. એમાં તુકારામની પહેલી પત્ની રખુમાઈ બીચારી અન્ન વિના ટળવળતી મરણ પામી !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવી બધી આફતોને લીધે તુકારામને સંસાર પ્રત્યે વૈરાગ્ય ઊપજ્યો. દુનિયાદારીનું દુઃખ વીસરી જવા તે એકાંતવાસ સેવવા લાગ્યા. ભીમનાથના ડુંગર પર જઈ તે ધ્યાન ધરવા લાગ્યા. તેમની બીજી પત્ની આમ તો માયાળુ સ્વભાવની હતી. તે રોજ ભીમનાથના ડુંગર પર જતી અને તુકારામને સમજાવીને ખવરાવી આવતી.

ઘરની તેમ જ તુકારામની જવાબદારી સંભાળવા જતાં જિજાઈને ઘણી મુશ્કેલી પડતી. પોતાના પતિને આમ ઘરસંસાર તરફ વિરક્ત કરવા બદલ તે શ્રીવિઠ્ઠલ પર પણ ખૂબ રીસે ભરાઈ હતી. પરંતુ તેણે તુકારામની સંભાળ લેવાનું ચાલુ રાખ્યું. એક દિવસે તેણે ખૂબ ગળગળા બનીને તુકારામને સમજાવ્યું કે, તમે ઘેર રહીને જ શ્રીવિઠ્ઠલનું ભજનકીર્તન કર્યા કરો. પછી તે તેમને સાથે ઘેર લઈ આવી.

ઘેર આવીને પિતાના સમયથી જે જે લોકોને ત્યાં પોતાનું માગતું લેણું હતું, તે બધાનાં ખાતાં તુકારામે બહાર કઢાવ્યાં અને પોતે ઇંદ્રાયણી નદીમાં તેમને ડુબાડી દેવા તૈયાર થયા. પણ તુકારામના નાના ભાઈ કાન્હોબાએ તેમને હાથ જોડી કહ્યું, "મોટાભાઈ, તમે તો સાધુ જેવા થઈ ગયા છો. પણ મારે હજુ મારાં બાળબચ્ચાંને મોટાં કરવાનાં છે. જો તમે બધાં ખાતાં આમ પાણીમાં ડુબાડી દેશો, તો મારે ભીખ માગવાનો જ વખત આવશે!" તુકારામને નાનાભાઈની વાત બરોબર લાગી; એટલે તેમણે પોતાના અડધા ભાગનાં જ ખાતાં પાણીમાં ડુબાડી દીધાં.

હવે દુનિયાદારીની ચિંતામાંથી મુક્ત થઈ સંત તુકારામ આત્મવિકાસને માર્ગે વળ્યા. તે વહેલી સવારે બધી પ્રાતર્વિધિ પતાવીને શ્રીવિઠ્ઠલ-રખુમાઈના મંદિરમાં જતા. ત્યાં પૂજાપાઠ કરતા અને પછી ઇંદ્રાયણીને પેલે પાર કોઈ વાર ભંડારાના તો કોઈ વાર ગોરાડાના ડુંગર પર જઈને ત્યાં જ્ઞાનેશ્વરી ગીતા અથવા શ્રી નાથ ભાગવતનું પારાયણ કરતા અને પછી આખો દિવસ નામસ્મરણ કરતા. સાંજ પડે એટલે ઘેર પાછા ફરતા. ત્યાર બાદ મંદિરમાં ભજનકીર્તન સાંભળવા જતા. ત્યાંથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાછલી રાતે તે થોડુંક સૂઈ લેતા. વળી તે વારકરીઓનો[1] પણ સત્સંગ કરવા લાગ્યા. વારકરીઓના સત્સંગથી પંઢરીની વારી, એકાદશી વ્રત, અહોરાત્ર જાગરણ, ભજનકીર્તન અને નામસ્મરણ, હરિ-કીર્તનમાં હંમેશાં લાગ્યા રહેવું, પુરાણ વગેરેના શ્રવણનો અવસર જવા ન દેવો, કોઈ ભજન કે કીર્તન કરવા ઊભું હોય તો ભાવથી ચિત્તને શુદ્ધ કરી તેની પાછળ ઊભા રહેવું, ધ્રુવપદ ગાવું, ધીરે ધીરે હાથમાં તંબુરો લઈને પોતે કીર્તન કરવું વગેરે સત્પ્રવૃત્તિઓમાં તુકારામ રચ્યા-પચ્યા રહેવા લાગ્યા. વળી સંત તુકારામે ધ્યાનપૂર્વક ખૂબ ભક્તિભાવથી તથા આત્મોન્નતિકર વૃત્તિથી ગીતા, ભાગવત, કેટલાંક પુરાણો, ભર્તૃ-હરિનાં શતક, મહિમ્નાદિ સ્તોત્રો વગેરે સંસ્કૃત ગ્રંથો તથા જ્ઞાનેશ્વરી, નાથ – ભાગવત, નામદેવનાં અભંગો વગેરે મરાઠી ગ્રંથો તેમ જ કબીરાદિ ભક્તોનાં પદો વગેરેનો ઊંડો અભ્યાસ પણ કરવા માંડ્યો હતો. આ સૌ સદ્ગ્રંથોની અસર તેમના અભંગો પર સહેજે દેખાઈ આવે છે.

આમ, સંત તુકારામે પોતાનું જીવન પ્રભુમય બનાવવા શક્ય એટલા બધા પ્રયત્નો કર્યા. પરંતુ હજી તેમને કોઈ ગુરુનો ભેટો થયો ન હતો. એમ કહેવાય છે કે, એક વાર તુકારામને સ્વપ્નમાં બાબા ચૈતન્યે ગુરુમંત્ર આપ્યો. ત્યારથી તુકારામ 'રામકૃષ્ણ હરિ'નો જપ કરવા લાગ્યા. તેથી કરીને તેમને ઘણી શાંતિ મળવા લાગી. વળી એક દિવસ સંત તુકારામને શ્રીવિઠ્ઠલ અને નામદેવ મહારાજ સ્વપ્નમાં દેખાયા. તુકારામને તેઓએ એવી આજ્ઞા કરી કે, "હવે તું અભંગો લખતો જા. તને જે વાણી મળી છે તે ફોગટ જવા ન દઈશ. અમારી તારા ઉપર પૂરેપૂરી કૃપા છે." અને તે વખતથી તુકારામ અભંગો લખવા લાગ્યા.

---

૧. વારકરી સંપ્રદાય મહારાષ્ટ્રના ભાગવતધર્મનું જ બીજું જ નામ છે. એ લોકો વારી – યાત્રા કરતા હોવાથી એ લોકોનું નામ પણ 'વારી' ઉપરથી 'વારકરી' પડ્યું છે. આ સંપ્રદાય શ્રી જ્ઞાનેશ્વર મહારાજથી પણ પહેલાંના વખતથી, ઘણા પ્રાચીન સમયથી ચાલ્યો આવ્યો છે. પરંતુ એ સંપ્રદાયના મુખ્ય પ્રચારકોમાં જ્ઞાનેશ્વર, નામદેવ, એકનાથ અને તુકારામ ગણાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંત તુકારામમાં પરોપકારની વૃત્તિ પણ એવી જ પ્રબળ હતી. 'પરોપકારાય સતાં વિભૂતય:' એ ઉક્તિમાં દર્શાવાયેલું સત્ય બીજા સંતોની પેઠે તુકારામના જીવનમાં પણ જોવા મળે છે. રસ્તે ચાલતાં કોઈ વટેમાર્ગુ માથે ભાર લઈને જતો મળે, તો તે તેનો બોજો ઉપાડી લેતા અને થોડી વાર તેને વિશ્રાંતિ આપતા; વરસાદમાં કોઈ ભીંજાઈ ગયેલું મળે, તો તેને પહેરવા-ઓઢવાનું વસ્ત્ર આપતા; જાત્રાએ નીકળ્યા હોય, ત્યારે ચાલતાં ચાલતાં કોઈ જાત્રાળુના પગ થાકી કે સૂજી જાય, તો તે પગ દાબી આપતા અથવા ગરમ પાણી કરી શેક કરતા; કોઈ જાત્રાળુ બિમાર પડી ગયો હોય, તો તેની સેવાચાકરી કરતા અને જરૂર જણાય તો ઘેર પહોંચાડી આવતા; કોઈ દુર્બળ ગાય, બળદ કે બીજું કોઈ જાનવર જોવા મળે, તો તેને દાણોપાણી ખવડાવતા; નદીએથી કોઈ પાણી ભરીને આવતાં જો થાકેલું કે માંદલું દેખાય, તો તેનું બેડું પોતે ઉપાડી લેતા; કોઈ ઘરડાં આડોશીપાડોશી કશી ચીજ મગાવે, તો તરત લાવી આપતા. કોઈ વખતે આવા પરોપકારના કામમાં તે પોતાના ઘરનો પણ ખ્યાલ કરવાનું ભૂલી જતા. એવો એક પ્રસંગ જાણવા જેવો છે. આમ તો તુકારામના ઘરની આર્થિક સ્થિતિ સારી તો નહોતી. જિજાઈ પાસે પણ સાજાંસમાં પૂરતાં વસ્ત્ર નહોતાં. કયું લૂગડું પહેરવું એની જ એને ચિંતા રોજ થતી. આવી દશામાં પણ એક વાર સંત તુકારામ ઘર બહાર બેઠા બેઠા ભજન કરતા હતા, ત્યારે એક ગરીબ હરિજનબાઈ ભીખ માગતી કરગરતી ત્યાં આવીને ઊભી. તે બાઈની સાડી સાવ ચીંથરેહાલ હતી, આ જોઈને તુકારામનું હૃદય દયાથી ભીનું થઈ ગયું. તે વખતે જિજાઈની એક સાડી બહાર સુકાવા નાખી હતી. તુકારામનું ધ્યાન એ ઉપર પડ્યું; તેમણે તરત જ એ સાડી પેલી ગરીબ બાઈને આપી દીધી!

સંત તુકારામ ભજનકીર્તન દ્વારા પણ લોકોને સન્માર્ગે વાળવા પ્રયત્ન કરતા. વળી 'પરાવિયા નારી માઉલી સમાન' — 'પરસ્ત્રી જેને માત રે' એ વૈષ્ણવનું લક્ષણ પણ તુકારામના જીવન સાથે ઓતપ્રોત હતું. એક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાર એક જુવાન રૂપવતી સ્ત્રી મોહવશ થઈ એમની પાસે આવી હતી. એ કામાસક્ત બાઈનું આવું અવિચારી વર્તન જોઈને સંત તુકારામે દુઃખી અવાજે તેને કહ્યું : "માઈ, મારે મન તું મારી માતા સમાન છે. તારું આવું અનીતિમય વર્તન તને જરાય શોભતું નથી. ભગવાને તને જે રૂપ આપ્યું છે તે શું બીજાને આમ ખોટે માર્ગે લઈ જવા માટે ? માઈ, તારા આ સુંદર શરીરનું અભિમાન વીસરી જઈ શ્રીવિઠ્ઠલની ભક્તિ કરીશ, તો આ સુંદર દેહ વધુ સારી રીતે દીપી ઊઠશે." તુકારામના આ ઉપદેશથી પેલી બાઈ સન્માર્ગે વળી.

આમ, અભંગો રચવા, ભજન કીર્તન દ્વારા અને પ્રત્યક્ષ વર્તન દ્વારા લોકોને સદુપદેશ કરવો, જનસેવા કરવી એ જ સંત તુકારામનું કાર્ય થઈ પડ્યું. પરંતુ સાથોસાથ બીજા સંતોના જીવનમાં બન્યું છે એમ, તુકારામને દ્વેષીલા લોકો તરફથી કનડગત થવા લાગી.

દેહૂ ગામમાં શ્રીવિઠ્ઠલ મંદિરને અડીને જ મંબાજી નામના ગોસાંઈનું મકાન હતું. તે સંત તુકારામની વધતી જતી ખ્યાતિ જોઈને મનમાં ખૂબ જ સમસમી જતો. ગામલોકોને મનમાં ઓછું ન લાગે અને પોતાનું બૂરું ન દેખાય એ માટે કમને પણ તુકારામનું કીર્તન સાંભળવા તે મંદિરે જતો. તુકારામને એના મનની વાત સમજાઈ હતી. તોયે તે તો મંબાજી પર પ્રેમભાવ જ રાખતા. જો કોઈ વાર મંબાજીને આવતાં મોડું થાય, તો તુકારામ કીર્તન શરૂ કરવામાં વિલંબ કરતા અને કોઈ વાર તેને બોલાવવા માણસને પણ મોકલતા. પરંતુ એની અસર મંબાજી પર જરાય પડતી નહીં. તે તો તુકારામ પર વધારે ને વધારે દ્વેષભાવ જ વધારતો ગયો તથા ક્યારે લાગ મળે અને તુકારામને સીધોદોર કરી મૂકું એની જ તે રાહ જોતો હતો.

એક વાર શ્રીવિઠ્ઠલ મંદિરને પરિક્રમા કરવાનો પર્વ હતો. મંબાજીએ પોતાના મકાન અને મંદિરની વચ્ચેના ભાગમાં ફૂલછોડ રોપી નાનો બગીચો બનાવ્યો હતો. એ ફૂલછોડનું રક્ષણ કરવા માટે તેણે કાંટાની ફરતી વાડ બનાવી હતી. સંત તુકારામને થયું કે, લોકો પરિ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ક્રમા આ રસ્તે થઈને ફરશે, તો આસપાસ પડેલા કાંટા તેમને પગમાં ભોંકાશે. તેથી તે કાંટાને વીણીને એકઠા કરતા હતા. આ જોઈને મંબાજીને લાગ્યું કે, વઢવાડ કરવાનો આ ઠીક લાગ છે. એટલે તે તરત જ ત્યાં જઈને વાડને નુકસાન કરવાનું બહાનું કાઢીને તુકારામને કાંટાળી વાડનાં ઝાંખરાં વડે મારવા લાગ્યો. સાથોસાથ તુકારામને એલફેલ પણ બોલ્યે જતો હતો. મારતાં મારતાં તુકારામને અધમૂઆ જેવા કરી મૂક્યા. સંત તુકારામ તો આ બધું શાંતિથી સહન કર્યે જતા હતા. તેમણે મુખેથી એક શબ્દ પણ ન ઉચ્ચાર્યો. તે મૌન સેવીને પોતાને ઘેર ગયા.

એ દિવસે સાંજે મંદિરમાં કીર્તન હતું. સંત તુકારામ કીર્તન સમયે ત્યાં વખતસર પહોંચી ગયા. પરંતુ મંબાજીને હજી આવેલા ન જોઈને તેને તેડવા તે પોતે તેને ઘેર ગયા. તે વખતે મંબાજીની તબિયત અચાનક બગડી ગઈ હતી. તુકારામે તેને પથારીમાં પડેલા જોઈને તેના પગ આગળ બેસી જઈને તેના પગ દાબતાં દાબતાં દીન સ્વરે કહ્યું: "દોષ તો મારો જ છે. મેં તમારી વાડને નુકસાન થાય એવું ન કર્યું હોત, તો તમને પણ ગુસ્સો ન આવત. મને બહુ દુઃખ થાય છે કે આપના હાથ અને મોંને મારે લીધે તકલીફ પડી." આમ કહેતાં તુકારામની આંખમાંથી આંસુ વહેવા લાગ્યાં.

સંત તુકારામનું આવું સૌજન્ય જોઈને મંબાજીનું હૃદય પીગળ્યું; તેને પોતાના દુષ્કૃત્ય માટે પસ્તાવો થયો; તે શરમાઈ ગયો. તે તરત જ પોતાનું શારીરિક દુઃખ ભૂલી ગયો અને તુકારામની સાથે કીર્તનમાં ગયો.

આ પ્રસંગ ફરતાં પણ રામેશ્વર ભટ્ટ સાથેનો તેમનો પ્રસંગ વધારે જાણીતો છે. પૂનાની પાસે વાઘોલી નામે ગામમાં રામેશ્વર ભટ્ટ નામનો મોટો પંડિત રહેતો હતો. સંત તુકારામની કીર્તિ બધે ફેલાયેલી જોઈને તે ઈર્ષાથી બળી મરવા લાગ્યો. તેણે તુકારામને તરત જ પોતાની પાસે બોલાવ્યો. તુકારામ મહારાજ તો બહુ સરળ હૃદયના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
હતા. રામેશ્વર ભટ્ટ જેવા વિદ્વાન માણસ મળવા બોલાવે અને તુકારામ ન જાય, એ બને જ શી રીતે? એટલે ભટ્ટજીને મળવા તુકારામ વાઘોલી ગયા.

રામેશ્વર ભટ્ટે તોછડાઈથી કહ્યું: "અલ્યા તુકા, તું વેદની વાતો કરી લોકોને ઊંધે રસ્તે લઈ જાય છે. તું જન્મે શૂદ્ર છે. વેદ અને ધર્મની વાતો કરવાનો તને શો અધિકાર છે? માટે આજથી તું અભંગો લખવાનું છોડી દે. સમજ્યો કે?"

સંત તુકારામ હાથ જોડીને નમસ્કાર કરીને બોલ્યા: "મહારાજ, હું તો શ્રી પાંડુરંગની આજ્ઞાથી જ અભંગો લખતો હતો. પણ જ્યારે આપ આજ્ઞા કરો છો, ત્યારે હવે આજથી હું અભંગો નહીં લખું. પણ આજ લગી જે અભંગો લખ્યા છે તેનું શું કરું?"

રામેશ્વરે જવાબ આપ્યો: "તે બધા તું ઇંદ્રાયણીમાં ડુબાડી દે!"

સંત તુકારામ એ સાંભળી ભારે હૈયે ઘેર આવ્યા. પછી બધા અભંગો ભેગા કરી, એક કપડામાં વીંટાળી, તેના ઉપર મોટા પથરો બાંધી તેમણે તે અભંગોને ઇંદ્રાયણીમાં પધરાવી દીધા. પછી તુકારામને થયું, શ્રીવિઠ્ઠલની ઇચ્છા આ રીતે ભજનકીર્તન કરાવવાની નથી, તો પછી જીવીને કરવુંયે શું? એટલે તુકારામ અન્ન અને પાણીનો ત્યાગ કરી શ્રીવિઠ્ઠલના મંદિર સામે ભગવાનનું નામ જપતા બેઠા.

આમ, તેર દિવસ પસાર થઈ ગયા. ચૌદમે દિવસે સવારે એક ભક્તે આવીને તુકારામને કહ્યું: "અરે મહારાજ, ચાલો, ચાલો, આપના અભંગોની પોથી ઇંદ્રાયણીના પાણી ઉપર તરે છે!"

સંત તુકારામ સફાળા બેઠા થઈ ગયા અને ભગવાનનું નામ જપતા આનંદ પામતા દોડ્યા. ઇંદ્રાયણીના પાણી ઉપર પોથીને તરતી જોઈને તે ઘેલા જેવા બની ગયા અને ખૂબ આનંદથી તેમણે પોથી પાછી ઉપાડી લીધી. આ તરફ રામેશ્વર મહારાજને પણ પસ્તાવો થવા લાગ્યો અને છેવટે તે તુકારામના શિષ્ય બન્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લોકોમાં સંત તુકારામની કીર્તિ દિવસે દિવસે વધતી જતી હતી. તે સાંભળી છત્રપતિ શિવાજી મહારાજે એક વાર ઘોડા, પાલખી, નજરાણાં વગેરે સાથે પોતાના માણસને મોકલી તુકારામને પોતાને ત્યાં પધારવાનું નિમંત્રણ આપ્યું. સંત તુકારામે શિવાજીને નજરાણાં વગેરે પાછાં મોકલતાં સંદેશો મોકલ્યો: "શિવબા, મારે તમારી પાસે આવીને શું માગવું છે! ઈશ્વરભક્તિમાં મારો એટલો વખત નકામો બગડશે. મારે મન સોનું અને માટી બંને સરખાં છે. હું તો રાજા તેમ જ કીડીમાં ભગવાનનો વાસ જોઉં છું. મારે હવે જીવનમાં કંઈ આશા કે મોહ રહ્યાં નથી. શ્રીવિઠ્ઠલની ભક્તિ સિવાય હવે મને બીજું કાંઈ જ સૂઝતું નથી. તમે રાજા છો; સત્યથી અને નીતિથી રાજ્ય કરજો, પ્રજાનું યોગ્ય રીતે પાલન કરજો, ધર્મ ઉપર શ્રદ્ધા રાખજો, અનાથનું રક્ષણ કરજો, અને શ્રી વિઠ્ઠલની ભક્તિ કરજો. આટલું કરશો તો તે મને નજરાણું મળ્યા બરોબર જ છે."

આ સંદેશો સાંભળીને શિવાજી મહારાજનો સંત તુકારામ પ્રત્યે આદર ખૂબ વધી ગયો. અને તેઓ વારે વારે તુકારામનું કીર્તન સાંભળવા જવા લાગ્યા.

ધીમે ધીમે તુકારામ મહારાજને લાગવા માંડ્યું કે, 'હવે હું વૃદ્ધ થઈ ગયો. આ જીવનનું મારું કાર્ય હવે પૂરું થવા આવ્યું.' વૃદ્ધાવસ્થાને લીધે નિયમ મુજબ તેમનાથી પંઢરપુરની યાત્રા પણ થઈ શકતી ન હતી. એક દિવસ તેમણે ભક્તજનોને ભેગા કર્યા અને છેવટના અભંગો સંભળાવી સૌની વિદાય લીધી અને ઈ. સ. ૧૬૫૦ના અરસામાં તેમણે શ્રીવિઠ્ઠલનું નામ જપતાં જપતાં સમાધિ લીધી.

આમ, મહારાષ્ટ્રના એક મોટા સંત પુરુષ તુકારામે પોતાની જીવનલીલા પૂરી કરી. પરંતુ એમના અભંગો જ્યાં સુધી મરાઠી ભાષા જીવતી રહેશે ત્યાં સુધી ગવાતા રહેશે.

મુકુલ કલાથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રસ્તાવના

'સંત તુકારામની વાણી' એ સંત તુકારામના મરાઠી અભંગો પૈકી કેટલાક અભંગોનો શ્રી. કિશોરલાલ મશરૂવાળાએ અભંગરૂપે કરેલો અનુવાદ છે. એમાંના થોડા અભંગો 'શિક્ષણ અને સાહિત્ય' માસિકમાં ઈ. સ. ૧૯૩૯–૪૨ દરમિયાન પ્રસિદ્ધ થયેલા હતા. તે અને બીજા કેટલાક અભંગો ભેગા કરીને આ પુસ્તક તૈયાર કરેલું છે. શ્રી. કિશોરલાલે જ્ઞાનેશ્વરી, દાસબોધ, તુકારામની ગાથા વગેરે મરાઠી સંત-સાહિત્યનો સારો અભ્યાસ કર્યો હતો. તેમાંયે સંત તુકારામના અભંગો સંત તુકારામની પોતાની તત્કાલીન હૃદયવૃત્તિનું પ્રતિબિંબ હોવાથી તેમને વધારે પ્રિય હતા. બીજી ભાષાના સારા સાહિત્યનો અનુવાદ કરવાનો તેમને રસ હતો. તેથી મૂળ અભંગોનો અનુવાદ કરવાની તેમને ઇચ્છા થઈ હોવી જોઈએ અને જેમ જેમ અનુવાદ થતો ગયો તેમ તેમ લોકોને પણ તે ગમશે એવી સમજણથી તેઓ 'શિક્ષણ અને સાહિત્ય'માં આપતા ગયા. પુસ્તકરૂપે છાપવાના હેતુથી તેમણે આ અનુવાદ કર્યો નથી. કેવળ પોતાની આધ્યાત્મિક રુચિ અને સાત્ત્વિક આનંદ માટે તેમણે આ પ્રયત્ન કર્યો હતો. સંત તુકારામના સાહિત્યની ગુજરાતી વાચકને ઓળખાણ કરાવવાના ઉદ્દેશથી તેમણે આ કામ કર્યું નથી એમ લાગે છે. એવો તેમનો ઉદ્દેશ હોત તો તે દૃષ્ટિએ અભંગોની પસંદગી તેમણે કરી હોત. તેમની હયાતીમાં આ અભંગો પુસ્તકરૂપે પ્રસિદ્ધ કરવાનો પ્રસંગ આવ્યો હોત તો તેમણે આમાં જરૂરી ફેરફાર કર્યો હોત, કેટલાક ઉત્કૃષ્ટ અભંગો આમાં ઉમેર્યા હોત એવી મારી ખાતરી છે. પ્રસ્તુત પુસ્તકમાંના આ થોડાક અભંગો સંત તુકારામની યથાયોગ્ય ઓળખાણ કરાવવા માટે પૂરતા થશે એવી કોઈની સમજણ ન થાય એ કારણે આ બધો ખુલાસો કર્યો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ ૧૨૦ અભંગો પરથી તે મહાપુરુષની પૂર્ણ ઓળખાણ થઈ શકવાની નથી* અથવા આ પ્રસ્તાવનામાં હું કેટલાક અભંગો નમૂના રૂપે આગળ આપવાનો છું તે પણ તેવી જાતની ઓળખાણ કરાવવાને પૂરતા થશે એવું મને લાગતું નથી. કોઈ પણ પ્રાચીન સંતની ઓળખ આપણે તેમના સાહિત્ય પરથી, તેમના જીવનચરિત્ર પરથી કરીએ છીએ. મનુષ્ય જેટલો શ્રેષ્ઠ હોય છે તેટલું જ તેનું શ્રેષ્ઠપણું યથાયોગ્ય જાણવું કહણ છે. શ્રેષ્ઠતા જાણવાને માટે તેમના લખાણનો તન્મયતાથી અભ્યાસ કરવો પડે છે. જીવનમાંના નાના મોટા પ્રસંગોની તેમની ભવ્યતા, તેમની સાત્ત્વિકતા, ગૂઢતા, વ્યાપકતા, તેમના સદ્‌ગુણો અને શીલનું થનારું પ્રગટીકરણ વગેરે સમજવાને માટે આપણે પણ આપણું પોતાનું મન કેટલેક અંશે તે પ્રમાણે બનાવવું પડે છે. તેમના વર્તનનું રહસ્ય સમજી લેવું પડે છે. એકંદરે તેમનાં કાર્યોનો અને જીવનપ્રસંગોનો સૂક્ષ્મપણે અને એકરસ થઈને અભ્યાસ કરવો પડે છે. તે માટે તેમના લખાણની મૂળ ભાષાને સમજવી એ કેટલેક અંશે જરૂરી હોય છે. તત્કાલીન ધાર્મિક, રાજકીય, સામાજિક અને આર્થિક પરિસ્થિતિનું શક્ય હોય તેટલું જ્ઞાન પ્રાપ્ત કરવું આવશ્યક છે. આ બધી બાબતોનો વિચાર કરતાં આ પુસ્તકના કેવળ પ્રકાશનથી એ કાર્ય થઈ શકશે એવું આપણે કોઈએ સમજવું ન જોઈએ, એ વાત જો કે ખરી છે તોપણ આ પુસ્તકના વાચનથી થનારું થોડું જ્ઞાન પણ નકામું જશે નહીં. સારા શબ્દો, સારા સંસ્કારો, સારાં કાર્યો ક્યારે પણ વૃથા જતાં નથી. તેના સામર્થ્ય પ્રમાણે એ પ્રક્રિયા અજ્ઞાતપણે વિશ્વમાં ચાલુ જ હોય છે. એ ન્યાયે શ્રી. કિશોરલાલના આ પ્રયત્નનું પરિણામ સમાજમાં કંઈક અંશે પણ થયા વગર રહેશે નહીં.

ખરું જોતાં સંત તુકારામ જેવા મહાપુરુષનું લખાણ, તેમનો ઉપદેશ એક ગામ, પ્રાંત કે દેશ માટે ઉપયોગી ન હોઈ સમસ્ત માનવજાતિ માટે તેનો ઉપયોગ છે. માણસમાત્રનાં કલ્યાણ અને ઉન્નતિના

* સંત તુકારામના લગભગ ૪૦૮૦ જેટલા અભંગો ગાથામાં છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિયમો અને ઉપાયો એમાં બતાવેલા હોય છે. જીવનમાં જે વિષયોને મહત્ત્વ આપીને તેમણે પોતાનું જીવન ખર્ચ્યું હોય છે, તે વિષયોનો સમસ્ત માનવજાતિના કલ્યાણ સાથે સંબંધ હોય છે. કોઈ પણ દેશના કે કોઈ પણ કાળના સત્પુરુષો સદાચાર, સદ્‌ગુણ અને શીલના આગ્રહી હોય જ છે એવું આપણને જણાઈ આવેલું છે. મનની શુદ્ધિ સાધી શકાય તો જ સદાચારનું પાલન થઈ શકે છે, આપણા સદ્‌ગુણો જાગૃત થઈ તે વધી શકે છે. તેથી દરેક સત્પુરુષ મનની શુદ્ધિ ઉપર ભાર આપતા આવ્યા છે. અને આ બાબતો કચારે પણ માનવજાતિના કલ્યાણની છે. ઈશ્વર, સત્ય, પાવિત્ર્ય અને સદ્‌ગુણની ઉપાસનાને જ કોઈ પણ દેશના અને કાળના સત્પુરુષ ધર્મ સમજે છે. માનવજાતિના કલ્યાણનો આધાર આ જ તત્ત્વ ઉપર છે. આ દૃષ્ટિથી જોતાં બધા સત્પુરુષોના ધર્મ એક જ છે. તેથી ચારિત્ર્યવાન, ઈશ્વરનિષ્ઠ અને સદ્‌ગુણસંપન્ન પુરુષને કચારે પણ એકાદ ગામના કે પ્રાંતના ન માનતાં સમસ્ત જગતના આપણે માનવા જોઈએ. તેમનાં વચનોને આખું જગત સમજી શકે એવી જુદી જુદી ભાષાઓમાં સમજાવવાં જોઈએ. કારણ કે એ સંપત્તિ સમસ્ત માનવજાતિની છે. આ દૃષ્ટિએ જોતાં સંત તુકારામનાં આ થોડાંક બોધવચનો કાં ન હોય, તોપણ ગુજરાતી વાચકોને તે સમજાવવાનો આ પ્રયત્ન અભિનંદનીય છે.

મહારાષ્ટ્રમાં અનેક સંત, મહંતો થઈ ગયા છે. પરંતુ સંત તુકારામ જેટલી ખ્યાતિ તેમાંના કોઈને પણ પ્રાપ્ત થઈ નથી. કેટલાકોએ આધ્યાત્મિક વિષય પર મોટા ગ્રંથો લખેલા છે. સંત તુકારામે લખેલો ગીતા ઉપરનો એક ગ્રંથ હમણાં જ પ્રસિદ્ધ થયો છે એમ સાંભળ્યું છે. પરંતુ તેમની ખ્યાતિ કોઈ પણ વિશિષ્ટ ગ્રંથ ઉપરથી ન મનાતાં જુદા જુદા પ્રસંગોએ તેમના મુખમાંથી નીકળેલા અભંગો પરથી મનાય છે. અભંગ એ મરાઠી ભાષામાં ઘણા જૂના કાળથી પ્રચલિત થયેલો એક સાદો છંદ છે. સંત તુકારામનું લખાણ આ અભંગ વૃત્તમાં જ છે. અભંગોનો સંગ્રહ તેમનો ગ્રંથ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંગ્રહ મનાય છે અને એ સંગ્રહને લીધે જ તેમની સર્વત્ર ખ્યાતિ છે. તેમના અભંગો જુદા જુદા પ્રસંગોએ જુદી જુદી ભાવનાઓની ઉત્કટ અવસ્થામાં તેમના હૃદયમાંથી નીકળેલા ઉદ્‌ગારો છે. તેમાં બુદ્ધિચાતુર્યથી કોઈ પણ તત્ત્વનું પ્રતિપાદન કરેલું નથી. તેમના અભંગોના સંગ્રહને 'ગાથા' કહે છે. એ તેમની અનેક શુદ્ધ મનોવૃત્તિઓનો, ભાવનાઓનો, શ્રદ્ધાનો અને છેવટના અનુભવોનો પોતાના જ મોઢેથી પ્રગટ થયેલો ઇતિહાસ છે. તેમનું તે આત્મચરિત્ર* છે. તે કાળની લોકભાષામાં એ બધું કહેવાયેલું હોવાથી આબાલવૃદ્ધ સ્ત્રીપુરુષોને સમજવા જેવું છે. જુદી જુદી ઉત્કટ મનોવૃત્તિઓનાં તેમણે પોતે જ દોરેલાં તે ચિત્રો છે. જે સમયે જે ભાવ તેમના મનમાં તીવ્રપણે સ્ફૂર્યો તેનું અભંગમાં તેમણે સ્પષ્ટપણે પ્રતિબિંબ પાડ્યું છે. કોઈ પણ સંતની આ પ્રકારની પોતાની મનોવૃત્તિઓનાં આટલાં સ્પષ્ટ અને વિવિધ ભાવના બતાવનારાં ચિત્રો મળતાં નથી. નિદાન મરાઠી ભાષામાં તો મારા જોવામાં આવ્યાં નથી. સંત તુકારામનાં અભંગરૂપી વચનોમાં અનેક પ્રકારની વિશિષ્ટતાઓ છે. પરંતુ તેમાંયે સ્પષ્ટતા અને ઉત્કટતા એ સૌમાં વધારે તરી આવતી વિશિષ્ટતાઓ છે. તેમના મુખમાંથી નીકળેલા અભંગો – આ ઉદ્‌ગારો – પોતાની બુદ્ધિથી આપણે બોલીએ છીએ એમ તેમને ન લાગતાં પોતાને મોઢેથી પરમાત્મા જ આ શબ્દો બોલાવે છે એવી તેમની દૃઢ શ્રદ્ધા હતી. નીચેના અભંગો પરથી એ વાત સ્પષ્ટ જણાય છે.

એક અભંગમાં તેઓ કહે છે :—

आपुलिया बळें नाहीं मी बोलत । सखा कृपावंत वाचा त्याची ।।१।।
साळुंकी मंजुळ बोलतसे वाणी । शिकविता धणी वेगळाची ।।२।।
काय म्यां पामरें बोलावीं उत्तरें । परि त्या विश्वंभरें बोलविलें ।।३।।
तुका ह्मणे त्याची कोण जाणे कळा । वागवी पांगळा पायाविण ।।४।।

---

* પર્યુષણ પર્વની વ્યાખ્યાનમાળામાં સંત તુકારામ અંગે મેં એક વ્યાખ્યાન આપ્યું હતું. અભંગો પરથી તેમનું એ ચરિત્ર તૈયાર કરેલું હતું. તેને લેખરૂપે સુધારીને 'સંત તુકારામની વાણી'ને અંતે 'પરિશિષ્ટ' તરીકે આપ્યું છે, તે જુઓ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'હું મારા પોતાના બુદ્ધિબળથી બોલતો નથી. મારો સખા કૃપાળુ ભગવાન છે. તેની આ વાણી છે. મેના મંજુલ વાણી બોલે છે; પણ તેને શિખવાડનાર માલિક જુદો હોય છે. મારા જેવા પામરે શું વચનો બોલવાં? પણ તે વિશ્વંભર મને બોલાવે છે. તેની કળા કોણ જાણે? પગ વિનાના પાંગળાને તે દોરે છે.'

બીજામાં તેઓ કહે છે :—

सर्वपक्षीं हरि साहे सखा झाला। ओल्या अंगिणीच्या कल्पलता त्याला ।।१।।
सहजचालीं चालतां पायवाटे। चिंतामणीसमान होती गोटें ।।२।।
ऐसें हरिभक्तांचें ज्ञान महिमान। अतर्क्य तयांचें दुर्लभ दरुशन ।।३।।
तुका तरी सहज बोले वाणी। त्याचे घरीं वेदांत वाहे पाणी ।।४।।

'બધી રીતે હરિ જેને સખારૂપ થઈને સહાય કરે છે, તેના આંગણામાંની લીલી વેલીઓ તેને કલ્પલતા સમાન થાય છે. રસ્તે સહેજે ચાલતાં જે પથ્થર આવે તે ચિંતામણિ સમાન થાય છે. આવા હરિભક્તોના જ્ઞાનનો મહિમા અતર્ક્ય છે અને તેમનું દર્શન દુર્લભ છે. તોયે હું સહજ રીતે બોલું છું અને મારે ઘેર વેદાંત પાણી ભરે છે — દાસ થઈને રહે છે.'

સંત તુકારામનો એકનિષ્ઠ ભક્તિભાવ, પોતાના દોષોનું તેમણે કરેલું પૃથક્કરણ, તે વિષેની તેમની અનુતાપપૂર્વક સ્પષ્ટતા, તેમની નિર્દંભતા અને નિરહંકારિતા, જનકલ્યાણ વિષેની તેમની ઉત્કટતા, ઈશ્વર વિષેની તેમની વ્યાકુળતા, તેમની નમ્રતા, સદાચાર વિષેનો તેમનો આગ્રહ, જ્ઞાન વિષેની તેમની જુદી જુદી ભૂમિકાઓ, તેમને પોતાને લાગતી છેવટની ધન્યતા વગેરે સર્વ પ્રકારો તેમના અભંગોમાં ઓત-પ્રોત ભરેલા મળે છે. ભક્તિ, વૈરાગ્ય, યોગ, જ્ઞાન વગેરેની જુદી જુદી ભૂમિકાઓ તેમણે દૃઢતાપૂર્વક સાધના કરીને પ્રાપ્ત કરેલી હતી એવું તેમના સ્વાનુભવપૂર્ણ ઉદ્‌ગારો ઉપરથી સ્પષ્ટ જણાઈ આવે છે. તેમના ઘણાખરા અભંગો ભાવનાની ઉત્કટતા અને ભવ્યતાની કોઈ દૃઢ ભૂમિકા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar
गुरुकुल कांगड़ी

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપરથી પ્રગટ થયેલા હોવાથી અભ્યાસી સાધકોને પોતાના અભ્યાસ તેમ જ ઉન્નતિ માટે તે માર્ગદર્શનરૂપ થતા આવ્યા છે. અંતર્મુખ થઈ પોતાના દોષ શોધી કાઢી ચિત્તની શુદ્ધિ સાધવાનો પ્રયત્ન કરનારને તે પરમ સહાયક છે. આધ્યાત્મિક માર્ગમાં રસ્તો શોધનાર સાધકને તે પ્રકાશ આપનાર છે. આવા પ્રકારની શક્તિ અને પ્રભાવ આ અભંગોમાં છે. જેમનામાં ભાવિકતા છે, પોતાની ઉન્નતિ વિષે જેમને તાલાવેલી છે, અંતર્મુખ થવા તરફ જેમનું વલણ છે અને જેઓ અભંગની ભાષાનું હાર્દ જાણી શકે છે, તેમને તેમાં રહેલી શક્તિનો પ્રત્યય – અનુભવ આવ્યા વિના રહેતો નથી. આ અભંગોના કેવળ અભ્યાસથી સાધક જીવનસાર્થકતાના માર્ગે ચાલી શકશે, પોતાની માનવતા વધારી શકશે અને છેવટની શાંતિ પણ પ્રાપ્ત કરી શકશે. સંત તુકારામે વર્ણવેલી પોતાની છેવટની અવસ્થાને પ્રાપ્ત કરવાને તેને વખત લાગશે નહીં.

એક હિંદી સંતે કહ્યું છે—

'तुकाराम तुक रामसे दोनो सेतु अभंग।
उनका सेतु भंग गया इनका सेतु अभंग।'

રામચંદ્રજી અને તુકારામ એ બંનેએ સેતુ બાંધ્યો; રામચંદ્રજીનો સેતુ તૂટી ગયો, પરંતુ તુકારામનો (અભંગ રૂપી) સેતુ અભંગ છે.

નીચે આપેલા થોડા અભંગો પરથી સંત તુકારામની જુદી જુદી ભૂમિકાઓ અને તે બાબતની સ્પષ્ટ ઉક્તિઓ વાચકના લક્ષમાં આવશે. આ પ્રકારના સેંકડો અભંગોથી તેમની ગાથા ભરેલી છે.

સંત તુકારામના સમયમાં આપણા લોકોમાં અનેક દેવદેવતાઓની કામનિક – સકામ આરાધના આજની જેમ ચાલુ હતી. તેના જુદા જુદા સંપ્રદાયો ચાલુ હતા. સાધકમાં એકેશ્વરી અને એકનિષ્ઠ ભાવ આવ્યા વગર તેની આધ્યાત્મિક ઉન્નતિ થઈ શકતી નથી. તેથી અનેક દેવદેવતાઓની આરાધનાનો નિષેધ તેમણે અભંગોમાં કર્યો છે. તે વિષેનો તેમનો વિચાર અને એકનિષ્ઠા નીચેના અભંગોમાં બતાવેલાં છે :–

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

१

आणिकांची स्तुति आह्मां ब्रह्महत्या। एकावांचूनि त्या पांडुरंगा ॥१॥
आह्मां विष्णुदासां एकविध भाव। न ह्मणों या देव आणिकांसि ॥२॥
शतखंड माझी होईल रसना। जरी या वचना पालटेन ॥३॥
तुका ह्मणे मज आणिका संकल्पें। अवघींच पापें घडतील ॥४॥

२

एकविध आह्मी न धरूं पालट। न संडूं ते वाट सांपडली ॥१॥
ह्मणवूनि केला पाहिजे सांभाळ। माझें बुद्धिबळ पाय तुझे ॥२॥
बहुत बोलतां न कळे प्रकार। अंतरा अंतर साक्ष असे ॥३॥
तुका ह्मणे अगा जीवींच्या जीवना। तूंचि नारायणा साक्षी माझा ॥४॥

३

आणीक दुसरें मज नाहीं आतां। नेमिले या चित्तापासुनियां ॥१॥
पांडुरंग ध्यानीं पांडुरंग मनीं। जागृतीं स्वप्नीं पांडुरंग ॥२॥
पडिलें वळण इंद्रियां सकळां। भाव तो निराळा नाहीं दुजा ॥३॥
तुका ह्मणे नेत्रीं केली ओळखण। तटस्थ तें ध्यान विटेवरी ॥४॥

४

ज्ञानियांचे घरीं चोजवितां देव। तेथें अहंभाव पाठी लागे ॥१॥
ह्मणोनियां अवघे सांडिले उपाय। धरियेले पाय दृढ तुझे ॥२॥
वेदपरायण पंडित वाचक। न मिळती एक एकांमधीं ॥३॥
पाहों गेलों भाव कैसी आत्मनिष्ठा। तेथें देखें चेष्टा विपरीत ॥४॥
आपुलिया नाहीं निवाले जे अंगें। एकी करती रागें गुरगुरु ॥५॥
तुका ह्मणे मज कोणाचा पांगिला। नको बा विठ्ठला करूंआतां ॥८॥

१

'એક પાંડુરંગ સિવાય બીજા કોઈની સ્તુતિ કરવી એ અમારે માટે બ્રહ્મહત્યા સમાન છે. અમને વિષ્ણુદાસને એકવિધ ભાવ છે. અમે બીજા કોઈને દેવ માનતા નથી. જો આ મારા વચનમાં–નિર્ધારમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ફેરફાર થાય, તો મારી જીભના સો કકડા થાઓ. આના સિવાય બીજો કોઈ પણ સંકલ્પ મારા મનમાં ઊઠે તો બધાં પાપ મને લાગો."

૨

'હે નારાયણ, અમે એકવિધ છીએ; અમારો તમારા વિશે એકવિધ ભાવ છે. તેમાં ફેરફાર થનાર નથી. ભક્તિનો જે માર્ગ મને જડી ગયો છે, તેને હું કદી છોડવાનો નથી. તેથી તારે અમારી સંભાળ લેવી જોઈશે. તારાં ચરણ વિષે નિષ્ઠા એ જ મારું બુદ્ધિબળ છે. આ અંતરની સ્થિતિ પુષ્કળ બોલવાથી સમજાય એવી નથી. પણ તારું અંતર મારા અંતરનું સાક્ષી છે. મારા જીવના જીવન નારાયણ, તું જ મારી આ સ્થિતિનો સાક્ષી છે.'

૩

'ચિત્તે એક વાર નિશ્ચય કર્યા પછી હવે મને બીજો વિચાર જ નથી આવતો. ધ્યાનમાં, મનમાં, જાગૃતિમાં અને સ્વપ્નમાં એક પાંડુરંગ માત્ર છે. સર્વે ઇંદ્રિયોને પણ આ જ વલણ પડી ગયું છે. હવે બીજો ભાવ જ રહ્યો નથી. નેત્રમાં હસેલી ઈંટ પરની મૂર્તિનું એકસરખું ધ્યાન મને લાગેલું છે.

૪

'દેવ શોધવા માટે જ્ઞાનીઓને ત્યાં ગયો, તો તેમનામાં અહંભાવ જ દેખાઈ આવ્યો; તેથી બધા ઉપાય છોડીને, હે વિઠ્ઠલ, મેં તારાં ચરણ દૃઢપણે પકડ્યા છે. વેદપરાયણ જોયા, પંડિત અને ગ્રંથ-અભ્યાસી જોયા. તેમાં કોઈનો કોઈ સાથે મેળ નથી; કોઈનું કોઈની સાથે મળતું આવતું નથી. આત્મનિષ્ઠો પાસે ગયો તો તેમનામાં વિપરીત આચરણ જોવા મળ્યું. જેઓ પોતે શાંત થયા નથી, પણ ક્રોધાવિષ્ટ જણાય છે, તેમના તરફ શું જોવું ? હે બાપ વિઠ્ઠલ, આ પૈકી કોઈનો તું મને અંકિત ન કરીશ; દાસ ન કરીશ.'

સાધક આ પ્રકારની નિષ્ઠા પોતામાં લાવવાનો પ્રયત્ન કરતાં તે પોતામાં આવી ગઈ હોય એમ તેને ક્યારેક ક્યારેક લાગે છે. પરંતુ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ્યાં સુધી તે દૃઢ અને કાયમની થતી નથી, ત્યાં સુધી તેના અંતર્બાહ્ય જીવનમાં સુસંગતિ ન આવતાં કયારેક કયારેક વિસંગતિ દેખાઈ આવે છે, ચિત્તમાં ચંચળતા આવી જાય છે; ચિત્ત ક્ષુદ્ર વિષયમાં જાય છે. સંત તુકારામની તે વિષેની તેમના પોતાના જ શબ્દોમાં સ્પષ્ટતા :

૧

बळें बाह्यात्कारें संपादिलें सोंग। नाहीं जाला त्याग अंतरींचा ॥१॥
ऐसें येतें नित्य माझ्या अनुभवा। मनासी हा ठावा समाचार ॥२॥
जागृतीचा नाहीं अनुभव स्वप्नीं। जातों विसरूनी सकळ हें ॥३॥
प्रपंचाबाहेरी नाहीं आलें चित्त। केले करी नित्य वेवसाय ॥४॥
तुका ह्मणे मज भोरग्याची परी। झालें सोंग वरी आंत तैसें ॥५॥

२

ह्मणवितों दास ते नाहीं करणी। आंत वरी दोन्ही भिन्न भाव ॥१॥
गातों नाचतों तें दाखवितों जना। प्रेम नाराणा नाहीं अंगीं ॥२॥
पाविजे तें वर्म न कळेचि कांहीं। बुडालों या डोहीं दंभाचिया ॥३॥
भांडवल काळें हातोहातीं नेलें। माप या लागलें आयुष्यासी ॥४॥
तुका ह्मणे वायां गेलों ऐसा दिसें। होईल या हांसें लौकिकाचें ॥५॥

३

काम क्रोध माझे जीताती शरीरीं। कोवळें तें वरी बोलतसें ॥१॥
कैसा मीं सरता झालों तुझ्या पायीं। पांडुरंगा कांहीं न कळे हें ॥२॥
पुराणींची ग्वाही वदतील संत। तैसें नाहीं चित्त शुद्ध जालें ॥३॥
तुका ह्मणे मज आणूनियां अनुभवा। दाखवीं हें देवा साच खरें ॥४॥

४

माझे मज कळों येती अवगुण। काय करूं मन अनावर ॥१॥
जातां आड उभा राहें नारायणा। दयासिंधुपणा साच करीं ॥२॥
वाचा वदे परी करणें कठीण। इंद्रियां अधीन झालों देवा ॥३॥
तुका ह्मणे तुझा जैसा तैसा दास। न धरीं उदास मायबापा ॥४॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

५

निरोधती परि न मोडे विकार। बहु हीं दुस्तर विषयद्वारें ॥१॥
राहातेति तुह्मी भरोनि अंतरीं। होतों तदाकारी निर्विषयचि ॥२॥
कृपेचिया साक्षी असती जवळी। वचनें मोकळीं सरत नाहीं ॥३॥
तुका ह्मणे ताळा मेळवणीपाशीं। विनंती पायांपाशीं हेचि करीं ॥४॥

६

बोल नाहीं तुझ्या दातृत्वपणासी। आह्मी अविश्वासी सर्वभावें ॥१॥
दंभें करी भक्ती सोंग दावी जना। अंतरीं भावना वेगळिया ॥२॥
चित्ता तूं रे साक्षी तुज कळे सर्व। किती करूं गर्व आतां पुढें ॥३॥
तुका ह्मणे देवा तूं काय करिसी। कर्मा दुस्तरासी आमुचिया ॥४॥

७

अनुभवें कळों येतें पांडुरंगा। रुसावें तें कां गा तुह्मांवरी ॥१॥
आवरितां चित्त नावरे दुर्जन। घात करी मन माझें मज ॥२॥
अंतरीं संसार भक्ति बाह्यात्कार। ह्मणोनि अंतर तुझ्या पायीं ॥३॥
तुका ह्मणे काय करूं नेणें वर्म। आलें तैसें कर्म सोसूं पुढें ॥४॥

१

'ઉપર ઉપરથી આગ્રહપૂર્વક મેં ભક્તિનો સ્વાંગ કર્યો. પરંતુ અંતરમાં વૈરાગ્ય નથી, ત્યાગવૃત્તિ નથી, એવું રોજ મારા અનુભવમાં આવે છે. મારું મન આ સ્થિતિને જાણે છે. જાગૃતિમાં જે ભાવ દેખાડું છું તેને સ્વપ્નમાં વીસરી જાઉં છું. ચિત્ત પ્રપંચમાંથી નીકળેલું નથી. નીકળ્યું હોય એમ બતાવું છું, પણ ચિત્તમાં પ્રપંચનો વ્યવસાય ચાલે છે. સ્વાંગ કરનાર બહુરૂપી જેવી મારી સ્થિતિ થઈ છે. અંદરથી હું જુદો જ છું.'

२

'નારાયણ, હું તારો દાસ છું, એવું લોકોમાં કહેવડાવું છું. પરંતુ મારું વર્તન તેવું નથી. મારામાં અંદર અને બહાર જુદા જુદા ભાવ છે. કથાકીર્તનમાં હું ગાઈ નાચીને દેખાડું છું; પણ તે પ્રમાણે મારા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હૃદયમાં તારા વિષે પ્રેમ નથી. ખરેખર, જે તત્ત્વ મને સમજાવું જોઈતું હતું તે હજુ કંઈ મને સમજાયું નથી. ઊલટું, દંભના ઘરામાં હું બૂડી ગયો છું. કાળ આયુષ્યરૂપી મૂડીને દિવસરાતના માપથી જોતજોતામાં હરી જાય છે. હું વ્યર્થ ગયો એમ દેખાય છે અને લોકોમાં મારી હાંસી થશે એમ પણ મને લાગે છે.'

૩

'કામક્રોધ મારા શરીરમાં જીવતા હોઈ હું ઉપર ઉપરથી સારું બોલું છું. તારાં ચરણ પાસે હું કેવી રીતે આવ્યો એનું મને આશ્ચર્ય થાય છે. સંતો પુરાણોનાં ઉદાહરણો આપે છે તે પ્રમાણમાં મારું ચિત્ત શુદ્ધ થયું નથી. દેવ, મારી બાબતમાં સાચું શું છે તે અનુભવમાં લાવી દેખાડ; તેનો મને અનુભવ કરાવ.'

૪

'મને મારા અવગુણ સમજાય છે, પણ મારું મન અનાવર છે—રોકી શકાતું નથી. તેને હું શું કરું? હે નારાયણ, તું મારા મનની વચમાં ઊભો રહી મારું રક્ષણ કર અને તારું દયાસિંધુપણું સાચું કરી બતાવ. મારી વાણી સારી સારી વાતો કરે છે. પણ તે પ્રમાણે આચરવું કઠ્ઠ છે. કારણ કે હે દેવ, હું ઇંદ્રિયોને આધીન થઈ ગયો છું. હે મારાં માબાપ, હું જેવો તેવો તારો દાસ છું. તું મારી બાબતમાં ઉદાસીનતા ન રાખીશ.'

૫

'મનોવિકારો નિરોધાય છે, પણ તેમને પૂર્ણપણે નિર્મળ કરી શકાતા નથી. કારણ કે વિષયદ્વાર ઘણાં દુસ્તર છે. તેથી જો તમે મારા હૃદયમાં ભરાઈને—વ્યાપીને રહો તો હું તમારી સાથે તદ્રૂપ થઈ નિર્વિષયી થઈશ. તમે પાસે હો તો જ તમારી કૃપાની મને પ્રતીતિ થશે, કેવળ જેવાં તેવાં વચનોનો કશો ઉપયોગ નથી. હું તમારાં ચરણ આગળ આ જ વિનંતી કરું છું. આ રીતે તાળો મેળવાશે.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૬

'દેવ, અમે બધી જ રીતે અવિશ્વાસુ છીએ. તારા દાતાપણામાં કોઈ દોષ નથી; તારા દાતાપણામાં કશું કમીપણું નથી. દાંભિક ભક્તિ કરીને ભક્તિનો સ્વાંગ હું કરું છું. પણ મનમાં ભાવનાઓ જુદી જ છે. હે ચિત્ત, તું સાક્ષી છું. તું આ બધી બાબતોને જાણે છે. આવી સ્થિતિમાં પછી મારે ગર્વ શું કરવાનો ? આવાં મારાં દુસ્તર કર્મોને તું શું કરીશ ?'

૭

'પાંડુરંગ, મને પોતાના અનુભવો પરથી મારા મનની સ્થિતિ સમજાય છે. તો પછી હું તમારા ઉપર શા માટે રિસાઉં ? મારા દુષ્ટ ચિત્તને રોકવા જતાં તે રોકી શકાતું નથી. મારું મન જ મારો ઘાત કરે છે. અંતરમાં મને સંસારની આસક્તિ છે અને બહારથી હું ભક્તિ દાખવું છું. તેથી તારાં ચરણોમાં અંતરાય પડે છે. આવી સ્થિતિમાં ખરું રહસ્ય સમજાતું નથી; શું કરું તે સમજાતું નથી. મારાં કર્મ પ્રમાણે સહન કરું છું. બીજું શું ?'

આ પ્રકારના ઉદ્‌ગારો ઉપરથી સંત તુકારામ પોતાની મનોવૃત્તિ વિષે કેટલા જાગ્રત અને શોધક હતા તથા તે જ પ્રમાણે એ પ્રગટ કરવાની બાબતમાં કેટલા નિર્દંભ હતા એ દેખાઈ આવે છે. આ અવસ્થા બદલાઈ જઈને પોતાના મનમાં ખરી ભક્તિ જાગ્રત થાય તેમ જ પોતાને ઈશ્વરનું દર્શન થાય એટલા માટે તેઓ કેટલી વ્યાકુળતાથી પ્રાર્થના કરતા હતા તે નીચેના કેટલાક અભંગો પરથી લક્ષમાં આવશે :—

१

कईं ऐसी दशा येईल माझ्या अंगा। चित्त पांडुरंगा झुरतसे ।।१।।
नाठवुनी देह पायांचें चिंतन। अवसान तें क्षण नाहीं मध्यें ।।२।।
काय ऐसा पात्र होईन लाभासी। कईं हृषीकेशी तुष्टतील ।।३।।
तुका ह्मणे धन्य मानीन संचित। घेईन नित्यानित्य प्रेमसुख ।।४।।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

२

ऐसें भाग्य कइं लाहाता होईन। अवघें देखें जन ब्रह्मरूप ॥१॥
मग तया सुखा अंत नाहीं पार। आनंदें सागर हेलावती ॥२॥
शांति क्षमा दया मूर्तिमंत अंगीं। परावृत्त संगीं कामादिकां ॥३॥
विवेका सहित वैराग्याचें बळ। धगधगितो ज्वाळ अग्नि जैसा ॥४॥
भक्ति नवविधा भावशुद्ध बरी। अलंकारावरी मुगुटमणि ॥५॥
तुका ह्मणे माझी पुरवीं वासना। कोण नारायणा तुजविण ॥६॥

३

तळमळी चित्त दर्शनाची आशा। बहु जगदीशा करुणा केली ॥१॥
वचनींच संत पावले स्वरूप। माझें नेदी पाप योगा येऊं ॥२॥
वेठी ऐसा करीं भवितवेवसाव। न पवेचि जीव समाधान ॥३॥
तुका ह्मणे कई देसील विसांवा। पांडुरंगे धावां घेतें मन ॥४॥

४

आळवितां कंठ शोकला भीतर। आयुष्य वेचे धीर नाहीं मना ॥१॥
अझून कां नये हें तुझ्या अंतरा। दिनाच्या माहेरा पांडुरंगा ॥२॥
घन दिसे डोळां दगडाचे परी। भोग ते शरीरीं विष झालें ॥३॥
चुकलों काय तें मज क्षमा करीं। आलिंगूनि हरी प्रेम द्यावें ॥४॥
अवस्था राहिली रूपाची अंतरीं। बाहेर भीतरी सर्व काळ ॥५॥
तुका ह्मणे माझे सकळ उपाय। पांडुरंगा पाय तुझे आतां ॥६॥

१

'પાંડુરંગ, દેહનું વિસ્મરણ થઈ એક ક્ષણ પણ વચમાં અંતર ન પડે એવી રીતે તમારાં ચરણોનું ચિંતન થતું રહે, તેવી અવસ્થા મને ક્યારે પ્રાપ્ત થશે? મારું ચિત્ત તે માટે જ ઝૂરે છે. આ લાભને હું પાત્ર થઈશ કે? તું ક્યારે પણ પ્રસન્ન થઈશ કે? આવી રીતે હું ક્યારે ધન્ય થઈશ અને તારું નિત્ય અને અનિત્ય બંને પ્રકારનું પ્રેમ-સુખ મને ક્યારે પ્રાપ્ત થશે?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨

'બધા લોકોને હું બ્રહ્મરૂપે જોઉં એવું ભાગ્ય મને ક્યારે પ્રાપ્ત થશે? એવું થશે ત્યારે મારા સુખનો અંત અને પાર નહીં રહે. આનંદથી સુખનો સાગર ઊછળશે, ત્યારે મારામાં શાંતિ, ક્ષમા, દયા મૂર્તિમંત થશે. કામાદિથી મારું મન સહેજે પરાવૃત્ત થયું હશે, પ્રજ્વલિત અગ્નિની જેમ વિવેકસહિત વૈરાગ્યનું બળ હશે. આ બધા ઉપર – આ અલંકારો ઉપર મુગટમણિરૂપે શુદ્ધ ભાવયુક્ત નવવિધા ભક્તિ મારામાં હશે. આવા પ્રકારની મારી વાસના, હે નારાયણ, તારા સિવાય કોણ પૂરી કરશે વારુ?'

૩

'હે જગદીશ, તમારા દર્શનની ઉત્કંઠાથી મારું ચિત્ત વ્યાકુળ બની ગયું છે. તે માટે મેં તમારી કરુણાયુક્ત પ્રાર્થના કરી છે. આવા પ્રકારનાં કારુણ્ય-વચનોથી સંતોને તમારા સ્વરૂપની પ્રાપ્તિ થઈ છે. પણ મારાં પાપને લીધે તમારા દર્શનનો યોગ મને આવતો નથી. આ સ્થિતિમાં મારા જીવને સમાધાન ન હોવાથી કેવળ વેહની જેમ ભક્તિનો વ્યવસાય કરું છું. હે પાંડુરંગ, મારું મન તમારી તરફ દોડે છે. તું તેને ક્યારે શાંત કરીશ?'

૪

'હે દીનનાં માબાપ પાંડુરંગ, તારી પ્રાર્થના કરતાં કરતાં કંઠ સુકાઈ ગયો. આયુષ્ય નકામું વહી જાય છે. તેથી મનને ધીરજ રહેતી નથી. તારા ધ્યાનમાં આ બધું કેમ આવતું નથી? ધન-સંપત્તિ મને પથ્થર જેવી લાગે છે. શરીરના સુખોપભોગ મને વિષ જેવા લાગે છે. જે કંઈ ભૂલ્યો છું, મારા જે કંઈ અપરાધ હોય, તેની મને ક્ષમા કર. આલિંગન આપીને મારા પર પ્રેમ કર. અંતર્બાહ્ય, બધો સમય તારા રૂપનું ચિંતન એવી અવસ્થા મારી થઈ છે. તારાં ચરણો એ જ મારા બધા ઉપાયોનો ઉપાય છે.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ અવસ્થામાં વૈરાગ્ય અને ભક્તિ વિષેની સ્થિરતા જણાતાં મનની કંઈક દૃઢતા સાધ્યા પછી તેમનામાં કંઈક આત્મવિશ્વાસ ઉત્પન્ન થયો એ સ્થિતિના ઉદ્‌ગારો :—

१

मृत्युलोकीं आह्मां आवडती परी। नाहीं एका हरिनामेंविण ॥१॥
विटलें हें चित्त प्रपंचापासूनी। वमन हें मनीं वैसलेंसे ॥२॥
सोनें रूपें आह्मां मृत्तिकेसमान। माणिकें पाषाण खडे तैसे ॥३॥
तुका ह्मणे तैशा दिसतील नारी। रिसाचियापरी आह्मांपुढें ॥४॥

२

कपट कांहीं एक। नेणें भुलवायाचें लोक ॥१॥
तुमचे करितों कीर्तन। गातों उत्तम ते गुण ॥२॥
दाऊं नेणें जडीबुटी। चमत्कार उठाउठी ॥३॥
नाहीं शिष्यशाखा। सांगों अयाचित लोकां ॥४॥
नव्हें मठपति। नाहीं चाहुरांची वृत्ति ॥५॥
नाहीं देवार्चन। असे मांडिलें दुकान ॥६॥
नाहीं वेताळ प्रसन्न। कांहीं सांगों खाणखूण ॥७॥
नव्हें पुराणिक। करणें सांगणें आणीक ॥८॥
नेणें वाद घटा पटा। करितां पंडित करंटा ॥९॥
नाहीं जाळीत भणदी। उदो ह्मणोनि आनंदीं ॥१०॥
नाहीं हालवीत माळ। भोंवतें मेळवुनि गाबाळ ॥११॥
आगमींचें कुडें नेंणें। स्तंभन मोहन उच्चाटणें ॥१२॥
नव्हे यांच्या ऐसा। तुका निरयवासी पिसा ॥१३॥

३

माझें मन पाहे कसून। चित्त न ठळे तुजपासून ॥१॥
कापूनि देईन शिर। पहा कृपण कीं उदार ॥२॥
मजवरी घालीं घण। परि मीं न सोडीं चरण ॥३॥
तुका ह्मणे अंतीं। तुजवांचूनि नाहीं गति ॥४॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧

'મૃત્યુલોકમાં એક હરિનામ સિવાય બીજું કશું જ ગમતું નથી. પ્રપંચમાંથી મારું મન ઊઠી ગયું છે. તે મને વમન જેવું લાગે છે. સોનુંરૂપું મને માટીસમાન અને રત્નમાણેક પથ્થરના ટુકડાની જેમ લાગે છે. સ્ત્રીઓ મને રીંછની જેમ દેખાય છે.'

૨

'દેવ, લોકોને ઠગવાનાં કંઈ કપટ હું જાણતો નથી. તમારું કીર્તન કરવું અને તમારા ઉત્તમ ગુણોનું વર્ણન કરવું એટલું જ હું જાણું છું. લોકોને મારે નાદે લગાડવા માટે હું જડીબુટ્ટી કે ચમત્કારના કોઈ પ્રકારો જાણતો નથી. મારે શિષ્યશાખા નથી અથવા હું અયાચિત છું એવું લોકોને કહેતો ફરતો નથી. ઘણી જમીનનો માલિક એવો મઠપતિ હું નથી. દેવની મૂર્તિઓ વેચનારાની દુકાન જેવું મારું દેવાર્ચન–દેવપૂજા નથી. મારા ઉપર કોઈ ભૂતવેતાળ પ્રસન્ન નથી કે જેથી લોકોને તેમના મનની વાતો કહું. પુરાણની કથાવાર્તા વખતે કહેવું એક અને પછી વર્તવું બીજું એવો હું પુરાણિક નથી. ઘટપટની વાત કરનાર એવો હું દુર્દૈવી પંડિત નથી. 'ઉદો ઉદો' કહી માથા પર સળગતી સગડી લઈ ફરનારો હું કંઈ દેવીનો ભગત નથી. ભોળા ભલા લોકોને આસપાસ ભેગા કરી માળા ફેરવનારો હું નથી. સ્તંભન, મોહન, અને ઉચ્ચાટનનું શાસ્ત્ર હું જાણતો નથી. આ બધા જેવો નરકે જનારો મૂર્ખ હું નથી. હું તમારું કીર્તન કરું છું અને તમારા ઉત્તમ ગુણોનું વર્ણન કરું છું.'

૩

'પ્રભો, જોઈએ તો મારું મન તું કસી જો. તારી પાસેથી મારું ચિત્ત ઢળનાર નથી. હું કૃપણ છું કે ઉદાર તે જોવા માટે મારું માથું તું માગ. તે કાપીને તને આપીશ. મારા પર ઘણના ઘા મારીને જો હું તારાં ચરણ છોડનાર નથી. છેવટે તારા વિના ગતિ નથી એવી મારી દૃઢ શ્રદ્ધા છે.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભક્તિભાવનામાં અને તદ્રૂપતામાં આનંદ લાગ્યા પછી સંત તુકારામની મનોવૃત્તિ દર્શાવનારા અભંગો :—

૧

रूपें गोविलें चित्त। पायीं राहिलें निश्चित ॥१॥
तुह्मी देवा अवघेचि गोमटे। मुख देखतां दुःख न भेटे ॥२॥
झाली इंद्रियां विश्रांति। भ्रमतां पीडित ते होती ॥३॥
तुका ह्मणे भेटी। सुटली भवबंदाची गांठी ॥४॥

૨

देवें जीव धाला। संसार तो कडू झाला ॥१॥
तेचि येतील ढेंकर। आनंदाचे हरिहर ॥२॥
वेधी आणिकांस। ऐसा जया अंगीं कस ॥३॥
तुका ह्मणे भूक। येणें न लगे आणीक ॥४॥

૩

आनंदाचे डोहीं आनंदतरंग। आनंदचि अंग आनंदाचें ॥१॥
काय सांगों झालें कांहींचियाबाहीं। पुढें चाली नाहीं आवडीनें ॥२॥
गर्भाचे आवडी मातेचा डोहळा। तेथींचा जिव्हाळा तेथें बिंबे ॥३॥
तुका ह्मणे तैसा ओतलासे ठसा। अनुभव सरिसा मुखा आला ॥४॥

૧

'તમારા રૂપમાં મારું ચિત્ત જડાઈ ગયું છે અને તમારાં ચરણોમાં તે સ્થિર થયું છે. દેવ, તમે બધી રીતે સુંદર છો. તમારું મુખ જોતાં દુઃખ નાશ પામે છે. અનેક વિષયોમાં ભમવાને લીધે પીડિત ઇંદ્રિયોને હવે વિશ્રાંતિ મળી છે તમારો મેળાપ થયો એટલે ભવબંધનની ગાંઠ છૂટી ગઈ.'

૨

'ઈશ્વરભક્તિથી મારો જીવ તૃપ્ત થયો. સંસાર મને કડવો લાગે છે. તૃપ્તિને લીધે મને હવે તે પ્રકારના આનંદદાયક હરિહર* નામના

* જમવાનું પૂરું કરીને ઓડકાર આવ્યા પછી સાધુઓ 'હરિહર' શબ્દ બોલે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઓડકાર આવે છે. બીજાને આકર્ષવાનું સામર્થ્ય જેનામાં છે તેની ભક્તિથી ફરીથી ભૂખ ન લાગે એવી તૃપ્તિ થઈ છે.'

૩

'આનંદના સરોવરમાં આનંદના તરંગો જ ઊછળી રહ્યા છે. આનંદનાં બધાં અંગો આનંદમય જ હોય છે. તે પ્રમાણે મારી સ્થિતિ અવર્ણનીય થઈ છે. હવે આગળ અનુભવ લેવાનો રસ રહ્યો નથી. જે પ્રમાણે પેટમાં રહેલા ગર્ભની ઇચ્છા પ્રમાણે માતાને દોહદ થાય છે, તે પ્રમાણે મારા હૃદયમાં જે અનુભવ હસ્યો છે તે જ મારા મુખમાંથી બહાર પડે છે.'

આ સ્થિતિ કાયમની પ્રાપ્ત થાય ત્યાં સુધી તેમને વચમાં વચમાં નિરાશા પણ આવતી; તે વખતે તેઓ કહેતા :

૧

तुझा भरवंसा आह्यां। फार होता पुरुषोत्तमा ॥१॥
भवसागरसंकटीं। तारिशील जगजेठी ॥२॥
नाम आदित्याचें झाड। त्याचा न पडे उजेड ॥३॥
सिलंगणीचें सोनें। त्यासी गाहाण ठेवी कोण ॥४॥
तुका ह्मणे देवा। ब्रीद सोडूनियां ठेवा ॥५॥

૧

'હે પુરુષોત્તમ, હે જગશ્રેષ્ઠ, આ ભવસાગરમાંથી તું અમને તારીશ એવો અમને ઘણો ભરોસો હતો. પરંતુ સૂર્ય નામના ઝાડનો પ્રકાશ પડતો નથી. દશેરાને દિવસે સીમોલ્લંઘન વખતે શમીવૃક્ષનાં પાંદડાંને સોનું કહે છે તેને કોઈ ગીરો રાખે કે? તેમના નામ પ્રમાણે તેમનો ઉપયોગ દેખાતો નથી. તે પ્રમાણે પતિતને પાવન કરનારા તારા બિરુદનો ઉપયોગ નથી. તે બિરુદ હવે તું છોડી દે.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવી સ્થિતિમાં ત્રાસીને તેઓ દેવને કહેતા : —

૨

कशासाठीं आह्मीं जाळिला संसार। न करा विचार ऐसा देवा ।।१।।
कैसें नेणों तुह्मां करवतें उदास। माझा प्रेमरस भंगावया ।।२।।
समर्पूनि ठेलों देह हा सकळ। धरितां विटाळ न लजा माझा ।।३।।
तुका ह्मणे अवघी मोकलूनि आस। फिरतों उदास कोणासाठीं ।।४।।

३

करावा कांटाळा नव्हे हें उचित। आधींच कां प्रीत लावियेली ।।१।।
जाणतसां तुह्मी रूपाचें लाघव। आपुलाले जीव घेतें ऐसा ।।२।।
काय ह्मणऊनि आलेती आकारा। आह्मां उजगरा करावया ।।३।।
तुका ह्मणे भीड होती आजिवरी। आतां देवा उरी कोण ठेवी ।।४।।

૨

'અમે અમારો સંસાર શા માટે બાળી નાખ્યો તેનો તમે વિચાર કરતા નથી. મારો પ્રેમરસ ભગાડીને તમે મને કેમ નિરાશ કરો છો, એ હું જાણતો નથી! દેહ બધી રીતે તમને સમર્પીને હું બેઠો છું અને તમે મારાથી અભડાઈ જાઓ છો, એની તમને શરમ આવતી નથી. તમે જરા વિચાર કરો. તમામ આશાઓને છોડી દઈ ઉદાસપણે હું કોને માટે ભટકું છું!'

૩

'અમારો કંટાળો કરવો, એ તારા માટે ઉચિત નથી. એમ હોત તો પહેલેથી તેં અમને તારી પ્રીતિ કેમ લગાડી? અમારો જીવ તારા રૂપ તરફ આકર્ષાય છે એવો તેનો પ્રભાવ તું જાણતો હતો, તો પછી અમને એની તાલાવેલી લગાડવા – અસમાધાન કરાવવા તમે આકાર શા માટે ધર્યો વારુ? હે દેવ, આજ સુધી મેં તારો સંકોચ રાખ્યો. પણ હવે તારી પરવા કોણ રાખનાર?'

આ સ્થિતિમાં દેવને તેઓ પૂછે છે : —

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪

चित्त घेऊनियां तू काय देशी। ऐसें मजपाशीं सांग आधीं ॥१॥
तरिच पंढरिराया करिन साटोवाटी। नेघें जाय तुटी येईल तें ॥२॥
रिद्धिसिद्धि कांहीं दाविसी अभिलास। नाहीं मज आस मुक्तीचीही ॥३॥
तुका ह्मणे तुझें माझें घडे तर। भक्तीचा भाव रे देणें घेणें ॥४॥

૪

'મારું ચિત્ત લઈને તેના બદલામાં તું મને શું આપીશ તે મારી આગળ પહેલાં કબૂલ કર, તો જ પંઢરીરાય, હું તારી સાથે લેવડ-દેવડનો વ્યવહાર કરીશ. મને નુકસાન થાય એવું કદી હું લઈશ નહીં. તું રિદ્ધિસિદ્ધિઓની અભિલાષા – લાલચ મને બતાવીશ, તો હું પહેલેથી જ કહું છું કે મારે તેની ગરજ નથી એટલું જ નહીં પણ મુક્તિનીયે મારે જરૂર નથી. ભક્તિનો ભાવ આપવા-લેવાનો આપણો વહેવાર હોય તો તારું મારું બનશે.'

આ પ્રમાણે ક્યારેક ભાવનો અતિરેક તો ક્યારેક ઈશ્વરના મેલાપ વિષે ઉત્કંઠા અને વ્યાકુળતા, ક્યારેક નિરાશા તો ક્યારેક ફરીથી આશા લાગતાં તેઓ કહેતા: 'कोण्या काळें तरी होईल अंगिकार।' — 'કોઈ કાળે પણ મારો અંગીકાર થશે અર્થાત્ મારા ઉપર તમારી કૃપા થશે.' આમ વિશ્વાસ રાખીને તેઓ ધીરજ ધરતા અને કહેતા: —

आतां भय नाहीं ऐसें वाटे जीवा। घडलिया सेवा समर्थाची ॥१॥
आतां माझ्या मनें धरावा निर्धार। चिंतनीं अंतर न पडावें ॥२॥
येथें नाहीं जाली कोणाची निरास। आल्या याचकास कृपेविशीं ॥३॥
तुका ह्मणे येथें नाहीं दुजी परी। राया रंका सरी देवापायीं ॥४॥

'દેવ તું સમર્થ છે. તારી કંઈ સેવા મારાથી થઈ છે. હવે કશો ભય રાખવાનું કારણ નથી એમ મને લાગે છે. હવે મારા મનથી મારે પાકો નિશ્ચય કરવો જોઈએ કે મારાથી તારા ચિંતનમાં કશો અંતરાય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ન પડે. તારી પાસે આવેલા કોઈ પણ યાચકને અત્યાર સુધી તારી કૃપાની બાબતમાં નિરાશ થવું પડ્યું નથી. દેવનાં ચરણ આગળ જે કોઈ જાય, પછી તે રાજા હોય કે રંક, કોઈનીયે બાબતમાં જુદો ભાવ નથી.'

આવી જુદી જુદી ઉત્કટ અવસ્થાઓમાંથી પસાર થતાં લોકો તેમને પૂજ્ય માનવા લાગ્યા. એ તેમને અસહ્ય લાગતું; તેથી તેઓ કહેતા :—

१

नव्हे सुख मज न लगे हा मान। न राहे हें जन काय करूं ।।१।।
देहउपचारें पोळतसे अंग। विषतुल्य चांग मिष्टान्न तें ।।२।।
नाइकवे स्तुति वाणितां थोरीव। होतो माझा जीव कासावीस ।३।।
तुजे पावे ऐसी सांग कांहीं कळा। नको मृगजळा गोवूं मज ।।४।।
तुका ह्मणे आतां करीं माझें हित। काढावें जळत आंगींतूनि ।।५।।

२

लाज वाटे मज मानिती हे लोक। हें तों नाहीं एक माझे अंगीं ।।१।।
मोजुनि झिजलों मापाचिया परी। जाळावी हे थोरी लाभाविण ।।२।।
कोमळ कंटक तीक्षण अगरीं। पोचट ते वरी अंगकांति ।।३।।
चित्रींचें लेप शृंगारिलें निकें। जीवेंविण फिकें रूप त्याचें ।।४।।
तुका ह्मणे दिसें वायां गेलों देवा। अनुभव ठावा नाहीं तेणें ।।५।।

३

वाचेच्या चापल्यें बहु जालों कुशळ। नाहीं बीजमूळ हाता आलें ।।१।।
ह्मणोनि पंढरिराया दुःखी होतें मन। अंतरींचें कोण जाणे माझें ।।२।।
पूज्य झालों अंगा आला अभिमान। पुढील कारण खोळंबलें ।।३।।
तुका ह्मणे खूण न कळेचि निरुती। सांपडलों हातीं अहंकाराचे ।।४।।

४

जन मानवलें वरी बाह्यात्कारीं। तैसा मी अंतरी नाहीं झालों ।।१।।
ह्मणुनी पंढरीनाथा वाटतसे चिंता। प्रगट बोलतां लाज वाटे ।।२।।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

संतां ब्रह्मरूप जालें अवघे जन। ते माझे अवगुण न देखतीं ॥३॥
तुका ह्मणे मी तो आपणांसी ठावा। आहें बरा देवा जैसातैसा ॥४॥

५

काय आतां आह्मीं पोटचि भरावें। जग चाळवावें भक्त म्हूण ॥१॥
ऐसा तरी एक सांगा जी विचार। बहु होतों फार कासावीस ॥२॥
काय कवित्वाची घालूनियां रूढी। करूं जोडाजोडी अक्षरांची ॥३॥
तुका ह्मणे काय गुंपोनी दुकाना। राहों नारायणा करूनी घात ॥४॥

૧

'મારે આ માન ન જોઈએ. મને તેનાથી સુખ થતું નથી. પણ લોકો સન્માન કર્યા વગર રહેતા નથી. દેવ, હું શું કરું? શરીરના સુખોપચારથી જેમ મારું અંગ બળી જાય છે, સારાં મિષ્ટાન્ન જેમ મને વિષ જેવાં લાગે છે, તેમ મારી સ્તુતિ કે મોટાઈનું વર્ણન મારાથી સાંભળી શકાતું નથી; તેથી મારો જીવ અકળાઈ જાય છે. દેવ, તારી પ્રાપ્તિ થાય એવું કોઈ સાધન તું મને કહે. મને આ મૃગજળમાં ગૂંચવી ન નાખ. મારું કંઈ હિત થાય એમ કર અને આ બળતા અગ્નિમાંથી કાઢ.'

૨

'દેવ, લોકો માન આપે છે એ બદલ મને લાજ આવે છે. કારણ કે મારામાં કશી પાત્રતા નથી. અનાજ માપવાની પાલી જે પ્રમાણે સેંકડો મણ અનાજ માપી માપીને ઘસાય છે માત્ર, પણ તેને પોતાને તેમાં કશો લાભ થતો નથી; તે પ્રમાણે લાભ સિવાય મોટાઈ શા કામની? કુમળા કાંટાની અણી તીક્ષ્ણ દેખાય તોપણ તે નરમ હોય છે. અથવા ભીંત પરનાં ચિત્રો ઉત્તમ રીતે શણગારેલાં હોય, તોયે તેમાં જીવ ન હોવાથી જેમ વ્યર્થ હોય છે; તેમ તારો અનુભવ મને ન હોવાથી મારો જન્મારો વ્યર્થ ગયો એમ મને લાગે છે.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩

'વાણીની ચતુરાઈને લીધે હું બોલવામાં કુશળ થયો છું. પણ પરમાર્થનું બીજ કે મૂળ મારા હાથમાં આવ્યું નથી. તેથી હે દેવ, મારું મન દુઃખી થાય છે. મારા અંતરની આ સ્થિતિને કોણ જાણી શકે? લોકોમાં પૂજ્ય થવાથી મારામાં અહંકાર આવ્યો છે. તેને લીધે મારી પ્રગતિ અટકી ગઈ છે. અહંકારના હાથમાં સપડાઈ ગયેલો હોવાથી પરમાર્થનું ખરું રહસ્ય મારા સમજવામાં આવતું નથી. ખરું પરમાર્થ જ્ઞાન થતું નથી.'

૪

'મારાં બહારનાં આચરણ પરથી લોકોમાં હું માન-સન્માન પામ્યો છું, પણ અંતરમાં હું તેવો થયો નથી. તેથી હે દેવ, મને ચિંતા થાય છે અને આ સ્થિતિ પ્રગટપણે બોલતાં મને શરમ આવે છે. સંતોને બધા લોકો બ્રહ્મરૂપ લાગતા હોવાથી તેઓ મારા અવગુણ જોતા નથી. પણ હું કેવો છું તેની મને ખબર છે. તેથી હું જેવો હતો તેવો જ હજી છું એમ મને લાગે છે.'

૫

'દેવ, અમારે ભક્ત કહેવડાવી જગતને ઠગતાં રહીને આમ જ પેટ ભરતા રહેવું એવો જ તમારો વિચાર છે કે કેમ, કહો વારુ? હું તો બહુ અકળાઈ જાઉં છું. કવિત્વની ટેવ પાડીને અક્ષરોની આવી જોડાજોડ હું કરતો રહું? અને આવી રીતની દુકાન ચલાવીને મારો પોતાનો ઘાત કરતો રહું?'

માન, કીર્તિ, પ્રતિષ્ઠા વિષે આટલી નિરિચ્છા, નિર્દંભતા અને પોતાની ખરી સ્થિતિ વિષે આટલી સ્પષ્ટતા દર્શાવનારાં વચનો તેમના અભંગોમાં અનેક ઠેકાણે આવેલાં છે. પોતે નિર્દંભ, નિરહંકારી અને નિરિચ્છ હોવાથી સમાજના પાખંડ, દંભ વગેરે જોઈને તેમને ઘણું દુઃખ થતું હતું. પાખંડ અને ઢોંગ કરનારાઓનો કડક શબ્દોમાં નિષેધ કરતાં તેઓ કહેતા:—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

१

आवडीच्या मतें करितो भोजन। भोग नारायणें ह्मणती केला ।।१।।
अवघा देव ह्मणे वेगळें तें काय। अर्थासाठीं डोय फोडूं पाहे ।।२।।
लाजे कमंडलू धरितां भोपळा। आणीक थीगळा प्रावरण ।।३।।
शाला गडवे धातुद्रव्यइच्छा चितीं। नैश्वर बोलती अवघें मुखें ।।४।।
तुका ह्मणे तयां देवा नाहीं भेटी। ऐसे कल्पकोटि जन्म घेतां ।।५।।

२

शिकल्या बोलाचे सांगतील वाद। अनुभवभेद नाहीं कोणा ।।१।।
पंडित हे ज्ञानी करितील कथा। न मिळती अर्था निजसुखा ।।२।।
तुका ह्मणे जैसी लांचासाठीं ग्वाही। देतील हे नाहीं ठावी वस्तु ।।३।।

३

पिंडपोषकाच्या जळो ज्ञानगोष्टी। झणीं दृष्टिभेटी न हो त्याची ।।१।।
नाहीं संतचिन्ह उमटलें अंगीं। उपदेशालागीं पात्र झाला ।।२।।
पोहों नेणे कासे लावितो आणिका। ह्मणावें त्या मूर्खा काय आतां ।।३।।
सिणलें तें गेलें सिणलियापासीं। जाली त्या दोघांसी एक गति ।।४।।
तुका ह्मणे अहो देवा दीनानाथा। दरुषण आतां नको त्याचें ।।५।।

४

मुखें बोले ब्रह्मज्ञान। मनीं धन अभिमान ।।१।।
ऐशियाची करितां सेवा। काय सुख होय जीवा ।।२।।
पोटासाठीं संत। झाले कलींत बहुत ।।३।।
विरळा ऐसा कोणी। तुका त्यासी लोटांगणीं ।।४।।

५

बोल बोलतां वाटे सोपें। करणी करितां अंग कांपे ।।१।।
नव्हे वैराग्य सोपारें। मज बोलतां न वाटे खरें ।।२।।
विष खावें ग्रासोग्रासीं। धन्य तोचि एक सोसी ।।३।।
तुका ह्मणे करूनि दावी। त्याचे पाय माझे जीवीं ।।४।।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧

'જે જ્ઞાની કહેવડાનારા સ્વાદ-લુબ્ધતાથી ભોજન કરે છે અને ભોક્તા નારાયણ એમ કહે છે; અથવા બધે ઈશ્વર ભરેલો છે, તેના વગર બીજું કંઈ નથી એમ પ્રતિપાદન કરે છે, પરંતુ અર્થલોભથી માથાં ફોડે છે; તેમ જ કમંડળુ અને તૂમડું હાથમાં રાખતાં અને થીંગડાંવાળાં વસ્ત્રો ઓઢતાં જેમને શરમ આવે છે, જેમને શાલ, લોટો, સોનુંચાંદી અને દ્રવ્યની ઇચ્છા હોય છે પણ બધું નશ્વર છે એમ મોઢેથી કહે છે, એવાઓને કરોડો જન્મમાંયે દેવનો મેળાપ થનાર નથી.'

૨

'જેઓ અનુભવ ન જાણતાં શીખેલા શબ્દો પરથી વાદવિવાદ કરે છે તેમ જ જે પંડિત અને શબ્દજ્ઞાની આત્મસુખ ન જાણતાં ભગવાનની કેવળ કથા કરે છે, તેઓ વસ્તુની માહિતી ન હોવા છતાં લાંચ લઈ સાક્ષી આપનારા જેવા છે એમ સમજવું જોઈએ.'

૩

'દેહ-મમતાથી સુખોપચાર ભોગવનારાની જ્ઞાનવાર્તાને ધિક્કાર હો. તેમનાં દર્શન પણ મને ન થાઓ. પોતાને તરતાં આવડતું નથી છતાં જે બીજાને તારવાનો ડોળ કરે છે; અને સંતનાં લક્ષણ પોતાના જીવનમાં ઊતર્યાં નથી છતાં જે બીજાઓને ઉપદેશ આપવા લાગે છે; એ બંને સરખા જ મૂર્ખ નથી શું? તેમને શું કહેવું? એક થાકેલો બીજા થાકેલા પાસે જાય તો બંનેની એક જ ગતિ સમજવી. હે દીનાનાથ પ્રભો, એવાઓનું મને દર્શન પણ ન થાઓ.'

૪

'મોઢેથી બ્રહ્મજ્ઞાન બોલનાર, પણ મનમાં ધન અને માનની અભિલાષા રાખનારની સેવા કરવાથી જીવને શું સુખ પ્રાપ્ત થવાનું? કળિયુગમાં પેટ માટે ઘણા સંતો થાય છે; પણ ખરા સંત અને જ્ઞાની આ જગતમાં વિરલ છે. આવા વિરલ સંત અને જ્ઞાનીને મારા સાષ્ટાંગ નમસ્કાર.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫

'વૈરાગ્યનાં વચનો બોલવાં એ સહેલું છે, પણ તેવું આચરણ કરવાનો સમય આવે ત્યારે અંગ કાંપવા લાગે છે. વૈરાગ્યધારણ કરવો એ સહેલી વાત નથી. તેથી કોઈ વૈરાગ્યની વાતો કરે છે, ત્યારે તે મને ખરી લાગતી નથી. વૈરાગ્ય એ કોળિયે કોળિયે વિષ ખાવા જેવું કઠણ છે. તેથી જે આ વ્રત બરાબર પાળે છે તે ધન્ય છે. જે આનું આચરણ કરી બતાવે છે તેનાં ચરણ મારા હૃદયમાં છે.'

સંતો વિષે તેમના મનમાં બહુ પૂજ્યભાવ હતો. સંતોનાં લક્ષણો અને તેમના વિષેના પૂજ્યભાવનું વર્ણન સંત તુકારામના અનેક અભંગોમાં આવેલું છે:

૧

हिरा ठेवितां ऐरणीं। वांचे मारितां जो घणीं ।।१।।
तोचि मोल पावे खरा। करणीचा होय चुरा ।।२।।
मोहरा तोचि अंगें। सूत न जळे ज्याच्या संगें ।।३।।
तुका ह्मणे तोचि संत। सोसी जगाचे आघात ।।४।।

२

तीर्थीं धोंडा पाणी। देव रोकडा सज्जनीं ।।१।।
मिळालिया संतसंग। समर्पितां भलें अंग ।।२।।
तीर्थीं भाव फळे। येथें आनाड तें वळे ।।३।।
तुका ह्मणे पाप। गेलें गेल्या कळे ताप ।।४।।

३

चंदनाचे हात पायही चंदन। परिसा नाहीं हीन कोणी अंग ।।१।।
दीपा नाहीं पाठीं पोटीं अंधकार। सर्वांगे साकर अवघी गोड ।।२।।
तुका ह्मणे तैसा सज्जनापासून। पाहातां अवगुण मिळेचि ना ।।३।।

४

काय वाणूं आतां न पुरे हे वाणी। मस्तक चरणीं ठेवीतसें ।।१।।

* * *

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

जगाच्या कल्याणा संतांच्या विभूती। देह कष्टविती उपकारें ।।२।।
भूतांची दया हे भांडवल संतां। आपुल्या ममता नाहीं देहीं ।।३।।
तुका ह्मणे सुख पराविया सुखें। अमृत हें मुखें स्रवतसे ।।४।।

५

तुह्मी संत मायबाप कृपावंत। काय मी पतित कीर्ती वाणूं ।।१।।
अवतार तुह्मां धराया कारण। उद्धरावे जन जड जीव ।।२।।
वाढवाया सुख भक्ति भाव धर्म। कुळाचार नाम विठोबाचें ।।३।।
तुका ह्मणे गुण चंदनाचे अंगीं। तैसे तुह्मी जगीं संतजन ।।४।।

६

काय सांगों आतां संतांचे उपकार। मज निरंतर जागविती ।।१।।
काय द्यावें त्यासीं व्हावें उतराई। ठेवितां हा पायीं जीव थोडा।।२।।
सहज बोलणें हित उपदेश। करूनि सायास शिकविती ।।३।।
तुका ह्मणे वत्स धेनुवेच्या चित्तीं। तैसे मज येती सांभाळीत ।।४।।

७

मुक्तिपांग नाहीं विष्णूचिया दासां। संसार तो कैसा न देखती ।।१।।
बैसला गोविंद जडोनियां चित्तीं। आदि तेचि अंतीं अवसानीं ।।२।।
भोग नारायणा देऊनि निराळीं। ओवियां मंगळीं तोचि गाती ।।३।।
बळ बुद्धि त्यांची उपकारासाठीं। अमृत तें पोटीं सांठविलें ।।४।।
दयावंत तरी देवाचसारिखीं। आपुलीं पारखीं नोळखती ।।५।।
तुका ह्मणे त्यांचा जीव तोचि देव। वैकुंठ तो ठाव वसती ते ।।६।।

१

'એરણ ઉપર મૂકેલો જે હીરો ઘણના ઘાથી પણ તૂટતો નથી તે જ હીરો સાચો. બનાવટી હીરો ઘા સામે ટકી શકતો નથી; તેના ચૂરેચૂરા થઈ જાય છે. જેની સોબતમાં સૂતર અગ્નિમાં બળતું નથી તે જ ખરો મહોરો.* તે પ્રમાણે ધૈર્યથી જગતના આઘાત જે સહન કરે છે, તે જ ખરા સંત.'

* એક પ્રકારનો મણિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨

'તીર્થમાં પથ્થરની દેવમૂર્તિઓ અને પાણી મળશે. પણ સંતમાં દેવ સાક્ષાત્ મળશે. તેથી સત્સંગ મળે ત્યાં સર્વસ્વ અર્પણ કરવું સારું. તીર્થમાં ભાવ પ્રમાણે ફળ મળે છે; પરંતુ સંત-સંગતિમાં અજ્ઞાનીને પણ જ્ઞાન થાય છે. તે જ પ્રમાણે પાપ અને તાપ નષ્ટ થયાનો પ્રત્યક્ષ અનુભવ થાય છે.'

૩

'ચંદનનાં બધાં અંગ ચંદન જ છે. પારસમણિનો કોઈ પણ ભાગ ઓછો પ્રભાવશાળી નથી. દીવાની પાછળ કે આગળ ક્યાંયે અંધારું નથી. સાકર સર્વાંગે મીઠી જ છે. તે જ પ્રમાણે સજ્જનને કોઈ પણ દૃષ્ટિએ જોઈએ તો તેનામાં અવગુણ દેખાશે નહીં.'

૪

'સંતોના મહિમાનું હું શું વર્ણન કરું? મારી વાણી અપૂરતી છે. તેથી હું તેમનાં ચરણોમાં મસ્તક મૂકું છું. . . . સંતોની વિભૂતિ જગતના કલ્યાણ માટે હોય છે. પોતે કષ્ટ વેઠીને તેઓ જગતના ઉપર ઉપકાર કરે છે. ભૂતમાત્ર વિષે દયા એ જ સંતોની મૂડી છે. પોતાના શરીર ઉપર તેમને મમતા હોતી નથી. બીજાઓના સુખથી તેઓ સુખી થાય છે અને તેમના મોઢેથી અમૃત સતત વહ્યા કરે છે.'

૫

'હે સંતો, તમે મારાં કૃપાળુ માબાપ છો. હું પતિત તમારી કીર્તિનું શું વર્ણન કરું? જડ જીવોનો ઉદ્ધાર કરવા માટે અને સુખ, ભક્તિભાવ, ધર્મ તેમ જ વિઠોબાના નામસ્મરણનો કુળાચાર વધારવા માટે જ તમારો અવતાર છે. ચંદનની જેમ, હે સંતજન, તમારાં અંગેઅંગમાં સદ્‌ગુણ ભરેલા છે.'

૬

'આ સંતજનોના ઉપકારનું હું શું વર્ણન કરું? તેઓ મને નિરંતર જાગ્રત રાખે છે. તેમને શું આપીને તેમના ઋણમાંથી મુક્ત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થાઉં વારુ? તેમનાં ચરણોમાં જીવ સમર્પણ કરીએ તોયે તે થોડું જ છે. તેમના સહજ બોલવામાં હિત અને ઉપદેશ ભરેલાં હોય છે. અને મહેનત લઈનેય તેઓ મને શીખવે છે. ગાયના મનમાં પોતાના વાછડા વિષે જે પ્રમાણે મમતા હોય છે તે પ્રમાણે મમતાથી તેઓ મને સંભાળે છે.'

૭

'વિષ્ણુના ભક્તોને મુક્તિની ગરજ નથી. સંસાર કેવો છે તે તેઓ જોતા જ નથી. તેમના ચિત્તમાં ગોવિંદ દૃઢપણે ઠસી ગયો છે. આદિ અને અંતમાં તેમને ગોવિંદનો જ અનુભવ થાય છે. બધા ભોગ નારાયણને અર્પણ કરીને તેઓ અલિપ્ત રહે છે અને તેનાં મંગળમય ગીતો તેઓ ગાય છે. તેમનું બળ, તેમની બુદ્ધિ એ બધું ઉપકાર માટે હોય છે. તેમના હૃદયમાં અમૃત ભરેલું છે. તેઓ દેવની જેમ દયાળુ હોયછે અને તેમને આપ–પરભાવ હોતો નથી. આ વિષ્ણુભક્તોનો જીવ તે જ દેવ છે અને તેઓ જ્યાં રહે છે તે સ્થાન વૈકુંઠ છે.'

આવા પ્રકારનું સંતપણું શું કર્યાથી પ્રાપ્ત થાય છે તે વિષે તેમનો ઉત્તર : --

૮

नाहीं संतपण मिळत तें हाटीं। हिंडतां कपाटीं रानीं वनीं ।।१।।
नये मोल देतां धनाचिया राशी। नाहीं तें आकाशीं पाताळीं तें ।।२।।
तुका ह्मणे मिळे जिवाचिये साटीं। नाहीं तरी गोष्टी बोलों नये ।।३।।

'સંતપણું બજારમાં મળતું નથી, ગિરિકંદરાઓમાં — જંગલમાં ભટકવાથી મળતું નથી, ધનના ઢગલા આપ્યાથી તે મળતું નથી, નથી તે આકાશમાં કે નથી તે પાતાળમાં. પોતાના જીવની કિંમત આપીને જ તે મળી શકે છે. જીવની આશા રાખીને — સ્વસુખની આશા રાખીને સંતપણું મળતું નથી. પ્રાણની કિંમત આપવાની જેની તૈયારી ન હોય તેણે સંતપણાની વાત કાઢવી નહીં.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભૂત, ભવિષ્ય કહેનારાઓ વિષે તેમનો નિષેધ :—

૧

सांगों जाणती शकून। भूत भविष्य वर्तमान ।।१।।
त्यांचा आह्मांसी कंटाळा। पाहों नावडती डोळां ।।२।।
रिद्धिसिद्धींचे साधक। वाचासिद्ध होती एक ।।३।।
तुका ह्मणे जाती। पुण्यक्षयें अधोगती ।।४।।

૨

भूत भविष्य कळों यावें वर्तमान। हें तों भाग्यहीन त्यांची जोडी ।।१।।
आह्मीं विष्णुदासीं देव घ्यावा चित्तें। होणार तें होतें प्रारब्धें ।।२।।
जगरूढीसाठीं घातलें दुकान। जातो नारायण अंतरोनि ।।३।।
तुका ह्मणे हा हो प्रपंच गाढा। थोरली ते पीडा रिद्धिसिद्धि ।।४।।

૧

'જેઓ શુકન અને ભૂત, ભવિષ્ય, વર્તમાન કહે છે તેમનો અમને કંટાળો છે, એટલું જ નહીં પણ તેમને જોવાની ઇચ્છા અમને થતી નથી. કોઈ રિદ્ધિસિદ્ધિના સાધક હોય છે તો કોઈ વાચાસિદ્ધિની પાછળ લાગેલા હોય છે. તેમનાં પુણ્યનો ક્ષય થયે તે બધા અધોગતિ પામે છે.'

૨

'ભૂત, ભવિષ્ય, વર્તમાન સમજાય એવી જેઓ ઇચ્છા કરે છે, તેઓ ભાગ્યહીન છે. અમે વિષ્ણુદાસ કેવળ ઈશ્વરનું ચિંતન કરીએ છીએ. હવે જે કંઈ થવાનું તે પ્રારબ્ધ પ્રમાણે થતું રહેશે એવી નિષ્ઠા રાખીએ છીએ. જગતની રૂઢિ માટે જેઓ ભૂતભવિષ્ય કહેવાની દુકાનદારી ચલાવે છે, તેમની અને નારાયણની વચ્ચે અંતરાય પડી જાય છે. ચાલુ પ્રપંચ પહેલેથી જ ઘણો કઠણ હોય છે; તેમાં વળી રિદ્ધિસિદ્ધિનો ઉમેરો થવાથી તે મોટી પીડા જ થઈ પડે છે.'

કોઈ સંત તેમને પૂછતા કે, 'તમે દેવને દીઠા છે? અમને પણ તેમનાં દર્શન કરાવો.' એ બાબતમાં સંત તુકારામ કહેતા :—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

नेणे फुंकों कान। नाहीं एकांतीचें ज्ञान ।।१।।
तुह्मी आइका हो संत। माझा सादर वृत्तांत ।।२।।
नाहीं देखिला तो डोळां। देव दाखवूं सकळां ।।३।।
चिंतनाच्या सुखें। तुका ह्मणे नेणें दुःखें ।।४।।

'હે સંતજન, તમે મારું કહેવું આદરપૂર્વક સાંભળો. કાન ફૂંકવાનું એટલે કોઈના કાનમાં મંત્ર કહેવાનું હું જાણતો નથી. એકાંતનું જ્ઞાન આપવાનું પણ મારી પાસે કશું નથી. જે દેવ મેં જોયો જ નથી તે બીજાને કેવી રીતે બતાવું? ઈશ્વરચિંતનના સુખમાં હું દુઃખ જાણતો નથી. એ જ મારી ખરી સ્થિતિ છે.'

વૈરાગ્ય અને ભક્તિને માર્ગે જતાં તેમાં ધન્યતા લાગ્યા પછી તેઓ કહે છે:—

भाग्यवंत आह्मी विष्णुदास जगीं। अभंग प्रसंगीं धैर्यवंत ।।१।।
नाहीं तें पुरवीत अणुनि जवळी। गाउनि माउली गीत सुखें ।।२।।
प्रीति अंगीं असे सदा सर्वकाळ। वोळलीं सकळ सुखें ठायीं ।।३।।
आपुल्या स्वभावें जैसे जेथें असों। तैसे तेथें दिसों साजिरेचि ।।४।।
वासनेचा कंद उपडिलें मूळ। दुरितें सकळ निवारीलीं ।।५।।
तुका ह्मणे भक्तजनांची माउली। करील साउली विठ्ठल आह्मां ।।६।।

'અમે વિષ્ણુદાસ જગતમાં ભાગ્યવાન છીએ. કોઈ પણ પ્રસંગે અમારું ધૈર્ય ભાંગી ન પડે એવા અમે ધૈર્યવાન છીએ. અમે અમારી માના ગુણ સુખેથી ગાઈએ છીએ અને તે અમારી પાસે જે નથી એ અમને આપીને અમારું પૂરું કરે છે. તેના વિષે અમારા મનમાં બધો સમય પ્રીતિ ભરેલી છે. એને લીધે બધાં સુખ અમને પોતાને સ્થાને જ પ્રાપ્ત થાય છે. અમારા સહજ સ્વભાવથી જ્યાં અમે હોઈએ ત્યાં અમે સારા જ દેખાઈએ છીએ. વાસનાનાં કંદ અને મૂળ અમે ઉખેડી નાખ્યાં છે. તેથી અમારાં બધાં પાપ નષ્ટ થયાં છે. ભક્તજનોની મા વિઠ્ઠલની અમારા ઉપર છાયા છે.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ રીતે જુદી જુદી ઉત્તાન અવસ્થાઓ અનુભવતાં તેમણે યોગમાર્ગનું અવલંબન લઈને તેમાંની અવસ્થાઓ પણ સાધ્ય કરી. તે પૈકી કેટલીકનું વર્ણન તેમના શબ્દોમાં નીચે પ્રમાણે છે :—

૧

स्थिरावली वृत्ति पांगुळला प्राण। अंतरींची खूण पावूनियां ॥१॥
पुंजाळले नेत्र जालें अर्धोन्मीळित। कंठ सद्‌गदित रोमांच आले ॥२॥
चित्त चाकाटलें स्वरूपामाझारी। न निघे बाहेरी सुखावलों ॥३॥
सुनीळ प्रकाश उदेजला दीन। अमृताचें पान जीवनकळा ॥४॥
शशीसूर्या जाली जीवें ओंवाळणी। आनंदा दाटणी आनंदाची ॥५॥
तुका ह्मणे सुखें प्रेमेंसीं डुलत। विरालों निश्चित निश्चितीनें ॥६॥

૨

अनुहातीं गुंतला नेणे बाह्य रंग। वृत्ति येतां मग वळ लागे ॥१॥
मदें माते तया नाहीं देहभाव। आपुले अवयव आवरितां ॥२॥
आणिकांची वाणी वदे तेणें मुखें। उपचारदुःखें नाठवती ॥३॥
तें सुख बोलतां आश्चर्य या जना। विपरीत मना भासतसे ॥४॥
तुका ह्मणे बाह्य रंग ते विटले। अंतर निवालें ब्रह्मरसें ॥५॥

૩

रक्त श्वेत कृष्ण पीत प्रभा भिन्न। चिन्मय अंजन सुदलें डोळां ॥१॥
तेणें अंजनगुणें दिव्यदृष्टि जाली। कल्पना निवाली द्वैताद्वैत ॥२॥
देशकालवस्तुभेद मावळला। आत्मा निवळिला विश्वाकार ॥३॥
न जाला प्रपंच आहे परब्रह्म। अहंसोहं ब्रह्म आकळलें ॥४॥
तत्त्वमसि विद्या ब्रह्मानंद सांग। तेंचि जाला अंगें तुका आतां ॥५॥

૧

'વૃત્તિ સ્થિર થઈ, પ્રાણની ગતિ કુંઠિત થઈ અને અંતરનું રહસ્ય પ્રાપ્ત થયું. દૃષ્ટિ તેજઃપુંજ બની જઈ અર્ધોન્મિલિત થઈ. કંઠ ગદ્‌ગદિત થયો. શરીર રોમાંચિત થયું. ચિત્ત સ્વરૂપમાં તદ્‌રૂપ બની જઈ હવે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બહાર નીકળતું નથી એવું થયું અને હું સુખી થયો. સુનીલ પ્રકાશનો દિવસ ઊગ્યો. અમૃતના પાનથી જીવનકળા પ્રાપ્ત થઈ. ચંદ્રસૂર્યના યોગથી જીવને ઓવાળી દીધો અને આનંદ વ્યાપી ગયો. સુખ અને પ્રેમથી હું ડોલવા લાગ્યો. ખરેખર, હું ખાતરીપૂર્વક ભુલાઈ ગયો; મારું અહંપણું નષ્ટ થયું.'

૨

'મદ કે નશામાં મસ્ત થયેલાને જેમ દેહભાન હોતું નથી અને તેના અવયવો તે આવરી શકતો નથી, તે પ્રમાણે જે યોગી અનાહત ધ્વનિમાં તલ્લીન થાય છે તે બહારના રંગને જાણતો નથી. તેને વૃત્તિ પર આવવા માટે પ્રયત્ન કરવો પડે છે. તેના મોઢામાંથી બીજા કોઈ મહાપુરુષના ઉદ્‌ગાર બહાર પડવા લાગે છે. સુખોપચાર કે દુઃખનું તેને સ્મરણ થતું નથી. આ સ્થિતિના સુખનું વર્ણન કરતાં સામાન્ય માણસને આશ્ચર્ય થાય છે અને તે યોગી શું બોલે છે તે ન સમજાયાથી એ બધું વિપરીત જણાય છે. આવા પુરુષને બધા બાહ્ય રંગો ફીકા લાગે છે. કારણ કે તેનું અંતર બ્રહ્મરસથી શાંત થયેલું હોય છે.'

૩

'રાતા, ધોળા, કાળા અને પીળા એવા રંગોથી ભિન્ન એવું ચિન્મય અંજન મારી આંખોએ આંજ્યું છે. તે અંજનના ગુણથી મને દિવ્ય દૃષ્ટિની પ્રાપ્તિ થઈ અને દ્વૈત-અદ્વૈત કલ્પનાઓ શાંત થઈ ગઈ. દેશ, કાળ અને વસ્તુ એ ત્રણેના ભેદ બધા ટળી ગયા. આત્મા વિશ્વરૂપે પ્રકાશિત થયો. જગતવિષયક કોઈ પ્રપંચ રહ્યો નહીં; એક પરબ્રહ્મ જ છે. 'અહં બ્રહ્મ', 'સોહં બ્રહ્મ'નું અપરોક્ષ જ્ઞાન થયું. 'તત્ત્વમસિ' એ મહાવાક્યનો વિચાર કરતાં સંપૂર્ણ બ્રહ્માનંદ થયો અને હું પોતે જ તે બની ગયો.'

વૈરાગ્ય, ભક્તિ, યોગ અને જ્ઞાન વગેરે સાધનોથી સંત તુકારામે જે અદ્વૈત કે સામ્ય અવસ્થા સાધ્ય કરી તેનું પણ વર્ણન તેમણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કર્યું છે. તે ઉપરથી તે સમયની તેમની સ્થિતિ આપણને સ્પષ્ટપણે લક્ષમાં આવશે.

૧

एका वेळे केलें रितें कलिवर। आंत दिली थार पांडुरंगा ।।१।।
पाळण पोषण लागलें ते सोई। देहाचें तें काहीं सर्वभाव ।।२।।
माझीया मरणें झाली हे वसती। लागली ते ज्योती अविनाश।।३।।
झाला ऐसा एका घायें येथें नाहीं। तुका ह्मणे कांहीं बोलों नये ।।४।।

२

अभिनव सुख तरि या विचारें। विचारावें बरें संतजनीं ।।१।।
रूपाच्या आठवें दोन्हींही आपण। वियोग तो क्षण होत नाहीं ।।२।।
पूजा तरि चित्तें कल्पा तें ब्रह्मांड। अहाच तो खंड एकदेसी ।।३।।
तुका ह्मणे माझा अनुभव या परी। डोई पायांवरी ठेवीतसें ।।४।।

३

गोडपणें जैसा गुळ। तैसा देव झाला सकळ ।।१।।
आतां भजीं कवणे परी। देव सबाह्य अंतरीं ।।२।।
उदकावेगळा। नव्हे तरंग निराळा ।।३।।
हेम अळंकार नामीं। तुका ह्मणे तैसे आह्मी ।।४।।

४

पिकलिये सेंदे कडुपण गेलें। तैसें आह्मां केलें पांडुरंगें ।।१।।
काम क्रोध लोभ निमाले ठायींचि। सर्व आनंदाची सृष्टि झाली ।।२।।
आठव नाठव गेले भावाभाव। झाला स्वयमेव पांडुरंग ।।३।।
तुका ह्मणे भाग्य या नांवें ह्मणीजे। संसारीं जन्मीजे याचि लागीं ।।४।।

૧

'એકદમ જ મેં મારું શરીર અહંકારરહિત કરી ખાલી કર્યું અને તેમાં પાંડુરંગને વસાવ્યા. હવે પછી શરીરનું પાલનપોષણ અને તેના બધા ભાવ એ બાબતો તેમના પર છે – પાંડુરંગ પર છે. અહં-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણાના મૃત્યુથી શરીરમાં તેનો વાસ થયો અને અને અવિનાશ જ્યોતિ પ્રગટ થઈ. એક ઘાથી જ અહંપણું નિઃશેષ થયું. હવે બોલવાની કંઈ ગરજ રહી નહીં.'

૨

'ઈશ્વરના સ્વરૂપનું ચિંતન કરતાં તે અને હું બંનેય એક જ છીએ અને બંનેમાં એક ક્ષણ પણ વિયોગ થતો નથી એવો મને અનુભવ થાય છે. આ વિચારથી મને અભિનવ સુખ લાગે છે. હે સંતજન, તમે આ વિષે વિચાર કરો. વિશ્વને ભરીને તે તત્ત્વ છે એવી ધારણા ચિત્ત કરે, એ જ તેની ખરી પૂજા છે. તેને જુદું કરી એકદેશીય બનાવવું એ ઉપરઉપરની દૃષ્ટિ છે. તમારાં ચરણ પર મસ્તક મૂકીને હું કહું છું કે આ જાતનો મારો અનુભવ છે.'

૩

'ગોળ મીઠાશમાં બધી બાજુથી ગળ્યો જ હોય છે; તેવી જ રીતે આ બધું દેવરૂપ થયું છે. હવે કેવી રીતે કોનું ભજનપૂજન કરીએ? બહાર કે અંદર બધે દેવ જ છે. પાણી અને તેનાં મોજાં એક-બીજાથી ભિન્ન નથી; સોનું અને સોનાનાં ઘરેણાં એ બંને કેવળ સુવર્ણ જ છે. એ જ પ્રમાણે હું અને હરિ એક જ છીએ — દેવ અને હરિના ભક્ત એ બેમાં કશું અંતર નથી.'

૪

'કોહંમડાં જ્યારે પાકી જાય છે ત્યારે તેમની કડવાશ જતી રહે છે; તેમ પાંડુરંગે અમારી સ્થિતિ કરી દીધી છે. અમારામાં જે કામ, ક્રોધ, લોભરૂપી વિકારો હતા તે શાંત થઈ ગયા છે અને તેથી બધી સૃષ્ટિ અમારે માટે આનંદરૂપ થઈ છે. હું પોતે જ તે – પાંડુરંગ – થવાથી સ્મરણ કે વિસ્મરણ, ભાવ કે અભાવ એ પ્રકાર રહ્યા જ નથી. આ સ્થિતિને જ ભાગ્ય કહેવું જોઈએ. આને જ માટે સંસારમાં જન્મ લેવો ઘટે.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચિત્તશુદ્ધિના પ્રભાવનું તેઓ વર્ણન કરે છે :—

चित्त शुद्ध तरी शत्रु मित्र होती। व्याघ्रही न खाती सर्प तया ।।१।।
विष तें अमृत आघात तें हित । अकर्तव्य नीत होय त्यासी ।।२।।
दुःख तें देईल सर्व सुख फळ। होतील शीतळ अग्निज्वाळा ।।३।।
आवडेल जीवां जीवाचिये परी। सकळां अंतरीं एक भाव ।।४।।
तुका ह्मणे कृपा केली नारायणें। जाणिजेते येणें अनुभवें ।।५।।

'ચિત્ત શુદ્ધ હશે તો શત્રુ મિત્ર થશે, વાઘ કે સાપ તેને ખાશે નહીં. વિષ તેને અમૃત જેવું થશે. આઘાત હિતરૂપ થશે. ન કરવું જોઈએ એવું આચરણ તેની સાથે કોઈ કરે તોયે તેને તે લાભકારક થશે. દુઃખ પણ તેને સર્વસુખમય ફળ આપશે. અગ્નિ-જ્વાળા તેને શીતળ થઈ જશે. બધાં પ્રાણીઓને તે પોતાના જીવ જેવો પ્રિય લાગશે. બધાના અંતરમાં તેને વિષે સદ્‌ભાવ લાગવા માંડશે. પરમાત્મા કૃપા કરશે તો આ અનુભવ પ્રત્યક્ષ થઈ શકશે.'

જુદી જુદી આધ્યાત્મિક અવસ્થાઓનો આ રીતે અનુભવ લીધા પછી સંત તુકારામને પોતાના મનોરથો સિદ્ધ થયા એમ લાગ્યું ત્યારના તેમના ઉદ્‌ગારો :—

माझे मनोरथ पावविले जें सिद्धी। तईं पायीं बुद्धि स्थिरावली ।।१।।
समाधान जीव राहिला निश्चळ। गेली हळहळ स्मरणें हे ।।२।।
त्रिविध तापाचें जालेंसे दहन। सुखावलें मन प्रेमसुखें ।।३।।
महालाभ वाचे वसे पांडुरंग। अंगाअंगीं संग अखंडित ।।४।।
जीवनाचा जाला ओलावा अंतरीं। विश्व विश्वंभरी समावलें ।।५।।
तुका ह्मणे माप भरीं आलें सिगे। धारवोळ गंगे पूर वाहे ।।६।।

'મારા મનના બધા મનોરથો સિદ્ધ થયા ત્યારે મારી બુદ્ધિ દેવનાં ચરણમાં સ્થિર થઈ ગઈ. સમાધાન પામીને જીવ નિશ્ચળ થયો. અને ઈશ્વરના સ્મરણથી ચિત્તની અસ્વસ્થતા ચાલી ગઈ. ત્રિવિધ તાપ બળી ગયા અને પ્રેમસુખથી મન સુખી થયું. સર્વમાં જે શ્રેષ્ઠ લાભ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે એવા પાંડુરંગ મારી વાણીમાં આવીને વસ્યા છે અને મારા અંગેઅંગમાં એમનો સંગ અખંડિત છે. મારા અંતરમાં એવી આર્દ્રતા થઈ કે તેને લીધે વિશ્વ વિશ્વંભરમાં સમાઈ ગયું. આ અનુભવનું માપ હવે પૂરું ભરાઈ ગયું; અથવા જે પ્રમાણે પુષ્કળ વરસાદ પડતો હોય ત્યારે જ્યાં ત્યાં જમીન પર પાણી વહેવા લાગે છે, શેરીઓ પાણીથી ઊભરાઈ જાય છે અને ગંગાનદીમાંયે પૂર આવે છે; એટલે બધે પાણી પાણી થઈ જાય છે; તે પ્રમાણે આ અનુભવને લીધે મારી સ્થિતિ થઈ છે.'

આ બધા તેમના વિવિધ અને ઉત્કટ અનુભવો પરથી આપણે તેમના વિષે કંઈક કલ્પના કરી શકીએ છીએ. તેમની ભાવોત્કટતાનો વળી એક અભંગ આપીને આ પરિચય આટોપી લઉં છું.

તેમનો વિરોધ કરનારા ઉચ્ચ વર્ણના લોકોએ તેમના અભંગો ડુબાવવાનું તેમને કહ્યું. એ ઉપરથી તેમણે અભંગોની વહીઓ ઇંદ્રાયણી નદીમાં ડુબાડી દીધી. તે બદલ તેમને બહુ ભારે ઉદ્વેગ થયો. અન્ન-પાણીનો ત્યાગ કરીને તેઓ તેર દિવસ મંદિરનાં દ્વાર આગળ પડી રહ્યા. તેરમે દિવસે અભંગોની વહીઓ નદીમાં પાણી ઉપર તરે છે એમ તેમણે જાણ્યું. ત્યાર પછીના તેમના અભંગોમાં ભાવોત્કટતા ઓતપ્રોત વ્યાપેલી છે. એ બધા અભંગો વાંચનારના હૃદય ઉપર પરિણામ કરનારા છે. નીચેના એક જ અભંગ પરથી તે વિષેની આપણને ખાતરી થાય છે :—

तूं माउलीहून मायाळ। चंद्राहूनी शीतळ।
पाणियाहूनी पातळ। कल्लोळ प्रेमाचा ॥१॥
देऊं काशाची उपमा। दुजी तुज पुरुषोत्तमा।
ओंवाळूनी नामा। तुझ्यावरुनी टाकिलों ॥२॥
तुवां केलें रे अमृता। गोड त्याही तूं परता।
पांचां तत्वांचा जनिता। सकळ सत्तानायक ॥३॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

कांहीं न बोलोनी आतां । उगाच चरणीं ठवितों माथा ।
तुका ह्मणे पंढरिनाथा । क्षमा करीं अपराध ।।४।।

'પ્રભુ, તું માતા કરતાં મમતાળુ છે, તું ચંદ્ર કરતાં શીતળ છે, તું પાણી કરતાં પાતળો છે, તું પ્રેમનો કલ્લોલ છે, તને હું શાની ઉપમા આપું? તારા નામ પર ઓવારણાં લઉં છું. તેં મધુર અમૃત નિર્માણ કર્યું છે, પરંતુ તું પોતે તેના કરતાંયે મધુર છે. તું પાંચ તત્ત્વનો કર્તા, સર્વસત્તાનાયક છે. હું હવે કાંઈ બોલતો નથી. તારાં ચરણો ઉપર શાંતિથી માથું મૂકું છું. મારા અપરાધ ક્ષમા કર.'

આમાં તેમની ભાવોત્કટતાની પરિસીમા થયેલી દેખાઈ આવે છે.

સંત તુકારામની ખરી સ્થિતિની ઓળખાણ કરવા માટે તેમના અનુભવોમાંથી જ આપણે પસાર થવું જોઈએ. તેમના જેટલી ઉત્કટ ભાવના ક્વચિત્ કોઈમાં જોવા મળશે. માન અને દંભ વિષે તેમના જેટલો કંટાળો ભાગ્યે જ કોઈમાં દેખાશે. તેમના ઘરમાં બધી રીતે ગરીબી હોવા છતાં શિવાજી મહારાજે મોકલેલા ધનને પાછું ઠેલ્યું અને આપેલાં માનસન્માનનો તેમણે સ્વીકાર ન કર્યો. આવી નિરપેક્ષતા ક્વચિત જ કોઈ સાધી શકે. પણ આ બધી સિદ્ધિઓ જેણે સિદ્ધ કરી હતી એવી એ વિભૂતિ ત્રણસો વરસ પહેલાં ભારતમાં થઈ ગઈ એ આપણું જ નહીં પણ માનવજાતિનું મહદ્ ભાગ્ય છે.

સાધારણ સ્થિતિમાં એમનો જન્મ થયો હતો; બ્રાહ્મણ જેવી ઉચ્ચ જાતિમાં જન્મેલા ન હોવાને કારણે તેમને વિશેષ શિક્ષણ પણ મળ્યું નહોતું; એવી સ્થિતિમાં પોતાનો ધંધોરોજગાર ચલાવતાં નાનપણથી જ એક પછી એક આવેલી આપત્તિઓને લીધે મૂળના સાત્ત્વિક સ્વભાવમાંથી વૈરાગ્યની જ્વાળા સંત તુકારામના હૃદયમાં ઉદ્ભવી. આગળ જતાં સંસારની આપત્તિઓ જેમ જેમ વધતી ગઈ તેમ તેમ તેમનો વૈરાગ્ય, તેમની ઈશ્વરનિષ્ઠા વધતાં જ ગયાં. તે અવસ્થામાં તેમનું મનોમંથન વધારે તીવ્રતાથી થતું રહ્યું અને તેમાંથી જ માનવી જીવનને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અત્યંત ઉપયોગી એવાં અનુભવનાં બોધવચનો બહાર પડ્યાં. તેમનું જીવન અનેક મહાન અનુભવો પ્રાપ્ત કરવામાં ગયું.

આ પ્રસ્તાવનામાં અને પુસ્તકમાં આપેલા અભંગો પરથી તેમના જીવનની કાંઈક કલ્પના આવી શકશે. પ્રસ્તાવનાના પ્રારંભમાં જ મેં કહ્યું છે કે, સંત તુકારામના જેટલી ખ્યાતિ મહારાષ્ટ્રમાં કોઈ પણ સંતને પ્રાપ્ત થયેલી નથી. સંસારનો ત્યાગ ન કરતાં તેમણે પરમાર્થ-પ્રાપ્તિ કરી લીધી. સાદી લોકભાષામાં અભંગો રચીને લોકોને ઉપદેશ કર્યો. ઉત્કટ ભક્તિભાવના, નિરપેક્ષતા, સરળતા વગેરે તેમના મહાન ગુણોથી લોકો તેમના તરફ આકર્ષાયા; લોકોને તેઓ અત્યંત પૂજનીય થયા. તેમનો એક પણ અભંગ જેને આવડતો ન હોય તથા તેમના એક પણ અભંગની માહિતી જેને ન હોય એવો શિક્ષિત કે અશિક્ષિત, શ્રીમંત કે ગરીબ મનુષ્ય મહારાષ્ટ્રમાં મળશે નહીં. ભીખ માગતો ભિખારી પણ સંત તુકારામના અભંગને જાણે છે. અભંગનાં કેટલાંક ચરણો તો લોકોમાં કહેવતરૂપે વપરાય છે. તેમના અભંગોમાં, તેમના ઉદ્‌ગારોમાં ઈશ્વરપ્રાપ્તિની વ્યાકુળતા ઉત્પન્ન કરવાનું સામર્થ્ય છે અને જ્ઞાન આપીને તેને શાંત કરવાની પણ શક્તિ છે. જેઓ તેમનો અભ્યાસ કરશે તેમને આ પ્રકારનો અનુભવ આવ્યા વગર રહેશે નહીં.

સદ્‌ગત મિત્ર શ્રી. કિશોરલાલની હયાતીમાં તેમના આ અનુવાદાત્મક અભંગો પુસ્તકરૂપે છાપવાનો પ્રસંગ આવ્યો હોત તો તેનું સ્વરૂપ આના કરતાં કાંઈક જુદું આવ્યું હોત. ગુજરાતી વાચકોને સંત તુકારામની ઓળખાણ કરાવવા માટે આના કરતાં બીજા ઉત્કૃષ્ટ અભંગો કદાચ તેમણે પસંદ કર્યા હોત અને પ્રસ્તાવના પણ તે જ દૃષ્ટિએ તેમણે લખી હોત. દુર્ભાગ્યે તે યોગ આપણને પ્રાપ્ત ન થયો. તેમની આ અભંગ–કૃતિ વાચકોની સમક્ષ લાવવાનું શ્રેય શ્રી. મુકુલભાઈને છે. મારા ઉપરના તેમના પ્રેમને લીધે પ્રસ્તાવનાનું કામ તેમણે મને સોંપ્યું. શ્રી. કિશોરલાલભાઈએ કરવાનું કામ મારે કરવું પડ્યું તે બદલ એક બાજુથી મને ખેદ થાય છે, તો શ્રી. મુકુલભાઈએ સોંપેલું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાર્ય હું જેમ તેમ કરી શક્યો તેથી બીજી બાજુથી કંઈક સારુંયે લાગે છે. આ પુસ્તકના અભંગો વાચકોને પ્રિય થાય અને તેના વાચનથી સંત તુકારામનો અભંગ-સંગ્રહ વાંચી તેનો અભ્યાસ કરવાની ઇચ્છા તેમનામાં જાગ્રત થાય એ જ પ્રાર્થના.

દાદર–શાંતિકુંજ
મુંબઈ – ૧૪
તા. ૧૫–૮–'૫૬

કેદારનાથ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

संत तुकारामनी वाणी

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

१

अल्प माझी मती । म्हणोनि येतों काकुलती ।। १ ।।
मज दाखवा दाखवा । तुज पाउलें केशवा ।। २ ।।
धीर माझ्या मना । नाहीं नाहीं नारायणा ।। ३ ।।
तुका म्हणे दया । मज करा अभागिया ।। ४ ।।

२

जरि मी नव्हतों पतित । तरि तूं पावन कैंचा येथ ।। १ ।।
म्हणोनि माझें नाम आधीं । मग तूं पावन कृपानिधी ।। २ ।।
लोहो महिमान परिसा । नाहीं तरी दगड तैसा ।। ३ ।।
तुका म्हणे याचकभावें । कल्पतरु मान पावे ।। ४ ।।

३

बुडतां आवरीं । मज भवाचे सागरीं ।। १ ।।
नको मानूं भार । पाहों दोषांचे डोंगर ।। २ ।।
आहे तें सांभाळीं । तुझी कैसी ब्रीदावळी ।। ३ ।।
तुका म्हणे दोषी । मी तों पातकांची राशी ।। ४ ।।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧

અલ્પ મારી મતિ, તેથી ગુજારું વીનતી. ૧
મને દાખવ, દાખવ, તારું ચરણ કેશવ. ૨
ધીરજ મારે મન, નથી નથી નારાયણ. ૩
તુકા અભાગિયા ઉપર, કરો દયા કરુણાકર. ૪

૨

જો હું ન હોત પતિત, તું કયાંથી પાવન ખચીત ? ૧
માટે મારું નામ આદે, પછી તું પાવન કૃપાનિધે. ૨
લોઢે મોટો સ્પર્શમણિ, નહિ તો પથ્થરની કણી. ૩
તુકા યાચકને કામે, કલ્પતરુ માન પામે. ૪

૩

ડૂબતો ઉગાર, મને ભવાબ્ધિ મોઝાર. ૧
ગણીશ ના ભાર, જોઈ દોષોનો પહાડ. ૨
છું તેવો તાર, તારું બિરદ વિચાર. ૩
તુકો કહે ગુનેગાર, હું તો પાપનો ભંડાર. ૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

४

वाटुली पाहातां सिणले डोळुले ।
दाविसी पाउलें कैंवों डोळां ।। १ ।।

तूं माय माउली कृपेची साउली ।
विठ्ठले पाहिली वास तुझी ।। २ ।।

कां बा मोकलिलें कवणा निरविलें ।
कठिण कैसें झालें हृदय तुझें ।। ३ ।।

तुका म्हणे माझ्या आसावल्या बाह्या ।
तुज क्षेम द्याया पांडुरंगा ।। ४ ।।

५

तुम्हां ठावा होता देवा । माझे अंतरींचा हेवा ।। १ ।।
होती काशानें सुटका । तरी हे वैकुंठनायका ।। २ ।।
नसतें सांभळिलें । जरी तुम्हीं आश्वासिलें ।। ३ ।।
तुका म्हणे कृपाळुवा । बरवा केला सावाधावा ।। ४ ।।

६

सोडिला संसार । माया तयावरी फार ।। १ ।।
धांवे चाले मागें मागें । सुखदुःख साहे अंगें ।। २ ।।
यानें घ्यावें नाम । तीसीं करणें त्याचें काम ।। ३ ।।
तुका म्हणे भोळी । विठाई कृपेची कोंवळी ।। ४ ।।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪

વાટડી પેખતાં થાકી ગયાં નેણ,
દેખાડીશ ચરણ, ક્યારે દેવ ! ૧
તું મારી માવડી, કૃપાની છાંયડી,
વિઠ્ઠલા વાટડી, જોઉં તારી. ૨
કાં રે તરછોડ્યો ? દીધો કોને હાથે ?
કઠણ કેમ હૃદે[1] કર્યું તારું ? ૩
તુકો કહે ભુજા ફરકતી મારી,
મળવા બાથ ભરી પાંડુરંગ. ૪

૫

તમે ન જાણત વિશ્વેશ, મારા અંતરની હોંશ. ૧
તો કેમ છૂટકો થાત, મારો વૈકુંઠના નાથ ? ૨
જો સંભાળ્યો ન હોત, નહિ આશ્વાસન દેત. ૩
તુકો કહે, કૃપાનાથે, ઠીક ઝાલ્યો નહોત હાથે. ૪

૬

મૂકે જે સંસાર, કૃપા તે પર અપાર. ૧
દોડે ચાલે કેડે કેડે, સુખ-દુઃખ જાતે ખેડે. ૨
આણે લેવું એનું નામ, તેણે કરવું તેનું કામ. ૩
તુકારામ કહે ભોળી, વિઠાઈ[2] કૃપાની પૂતળી. ૪

---

૧. હૃદય. ૨. વિઠ્ઠલ રૂપી માતા. મહારાષ્ટ્રના સંતોએ ઈશ્વરને અનેક ઠેકાણે માતાની ઉપમા આપેલી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

७

बैसों खेळूं जेवूं । तेथें नाम तुझें गाऊं ।। १ ।।
रामकृष्णनाममाळा । घालूं ओवुनियां गळां ।। २ ।।
विश्वास हा धरूं । नाम बळकट करूं ।। ३ ।।
तुका म्हणे आतां । जीवन शरणागतां ।। ४ ।।

८

तुझे थोर थोर । भक्त करिती विचार ।। १ ।।
जपतपादि साधनें । मज चिंतवेना मनें ।। २ ।।
करुणावचनें । म्यां भाकावीं तुम्हां दीनें ।। ३ ।।
तुका म्हणे घेईं । माझें थोडें फार ठायीं ।। ४ ।।

९

काय नव्हे करितां तुज । आतां राखें माझी लाज ।। १ ।।
मी तो अपराधाची राशी । शिखा अंगुष्ठ तों पाशीं ।। २ ।।
त्राहें, त्राहें, त्राहें । मज कृपादृष्टी पाहें ।। ३ ।।
तुका म्हणे देवा । सत्य घ्यावी आतां सेवा ।। ४ ।।

१०

क्रियामति–हीन । एक मी गा तुझें दीन ।। १ ।।
देवा करावा सांभाळ । वारीं माझी तळमळ ।। २ ।।
नको माझे ठायीं । गुणदोष घालूं कांहीं ।। ३ ।।
अपराधांच्या कोटी । तुका म्हणे घालीं पोटीं ।। ४ ।।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૭

બેસશું, રમશું, ખાશું, તહાં નામ તારું ગાશું. ૧
રામકૃષ્ણ-નામ-માળા ધારી, શોભાડશું ગળાં.[1] ૨
વિશ્વાસ એ ધરશું, નામ બળવાન કરશું. ૩
તુકો કહે જીવન, હવે રહ્યું તારે શરણ. ૪

૮

તારા પરમ પરમ, ભક્ત વિચારે મરમ. ૧
જપ તપાદિ સાધને, — હુંથી ચિંતાય ના મને. ૨
કરુણા વચન, તને ભાખું હું તો દીન. ૩
તુકો કહે માનો, મારું થોડું ઝાઝું જાણો. ૪

૯

કરવા શું ના તને શકય, હવે રાખ મારી પત.[2] ૧
હું તો અપરાધોનો નિધિ, નખથી શિખા સુધી. ૨
ત્રાહે, ત્રાહે, ત્રાહે, હું પર કૃપાદૃષ્ટિ વહે. ૩
તુકો કહે, દેવ, સત્ય અંગીકારો સેવ. ૪

૧૦

ક્રિયામતિ–હીન, એક તારો છું હું દીન. ૧
પ્રભુ, લેજે તું સંભાળ, મારી ઠાર હૈયાઝાળ. ૨
ગુણદોષ કંઈ મારા સંભળાવતો નહિ. ૩
કોટિ દોષ મારા વેઠ, તુકા, રાખી મોટું પેટ. ૪

---

૧. અક્ષરશઃ અનુવાદ — 'પરોત્રી ગળે પહેરશું'–એવો થાય. ૨. આબરૂ; ટેક.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

११

न संडवे अन्न । मज न सेववे वन ।। १ ।।
म्हणउनी नारायणा । कींव भाकितों करुणा ।। २ ।।
नाहीं अधिकार । कांहीं घोकाया अक्षर ।। ३ ।।
तुका म्हणे थोडें । आयुष्य वेंचे अवघें कोडें ।। ४ ।।

१२

गंगेचिया अंताविण काय चाड ।
आपुलें तें कोड तृषेपाशीं ।। १ ।।
विठ्ठल हे मूर्ति साजिरी सुंदर ।
घालूं निरन्तर हृदयपुटीं ।। २ ।।
कारण तें असे नवनीतापाशीं ।
गबाळ तें सोसी इतर कोण ।। ३ ।।
बाळाचे सोईतें घांस घाली माता ।
अट्टाहास चिंता नाहीं तया ।। ४ ।।
गाऊं नाचों करूं आनंदसोहळा ।
भावचि वेगळा नाहीं आतां ।। ५ ।।
तुका म्हणे अवघें जालें एकमय ।
परलोकाची काय चाड आतां ।। ६ ।।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૧

ન ત્યજાયે અન્ન, હુંથી સેવાય ના વન. ૧
માટે, નારાયણા, દીન યાચું હું કરુણા. ૨
નથી અધિકાર, કંઈ ગોખવા અક્ષર. ૩
તુકા કોકડું ભૂંડું, મારું આયુષ એળે જતું. ૪

૧૨

ગંગા તણો અંત ન જાણ્યે શો દોષ?
પૂરી થાય હોંશ, તૃષા છીપ્યે. ૧
વિઠ્ઠલની મૂર્તિ રમણ સુંદર,
રાખું નિરંતર હૃદા વિષે. ૨
ગરજ જો સરે માખણને ગોળે,
બગરું[1] સંભાળે એવો કોણ? ૩
બાળની સવડે માતા આપે ગ્રાસ,
તેને નહિ ત્રાસ-ચિંતા કાંઈ. ૪
ગાઉં, નાચું, કરું આનંદથી લ્હેર,
ન ભાવ ઇતર, રહ્યો જુદો. ૫
તુકો કહે સર્વે થયું એકમય,
હવે પ્રીત નહોય પરલોકે. ૬

---

૧. ઘી તાવવાથી ઉપર તરી આવતો કચરો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

१३

मनवाचातीत तुझें हें स्वरूप ।
म्हणोनियां माप भक्ति केलें ।। १ ।।
भक्तिचिया मापें मोजितो अनंता ।
इतरानें तत्त्वता न मोजवे ।। २ ।।
योग याग तपें देहाचिया योगें ।
ज्ञानाचिया लागें न सांपडसी ।। ३ ।।
तुका म्हणे आम्हीं भोळ्या भावें सेवा ।
घ्यावी जी केशवा करितों ऐसी ।। ४ ।।

१४

तुझे वर्णूं गुण ऐसी नाहीं मती ।
राहिल्या त्या श्रुती मौन्यपणें ।। १ ।।
मौन्यपणें वाचा थोंटावल्या चारी ।
ऐसें तुझें हरी रूप आहे ।। २ ।।
रूप तुझें ऐसें डोळां न देखवे ।
जेथें हें झकवे ब्रह्मादिक ।। ३ ।।
ब्रह्मादिकां देवां कर्माची कचाटी ।
म्हणोनि आटाटी फार त्यांसी ।। ४ ।।
तुका म्हणे तुझें गुण नाम रूप ।
आहेसी अमुप वाणूं काई ।। ५ ।।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મનવાચાતીત સ્વરૂપ છે તારું,
તેથી મેં સ્વીકાર્યું ભક્તિ માપ. ૧
ભક્તિ તણા માપે માપું હું અનંત,
ઇતર ન રીત સાચી એકે. ૨
યોગ-યાગ-તપે, દેહ તણા કષ્ટે,
જ્ઞાનનેય સાટે મળે ના તું. ૩
તુકારામ તણી ભોળે ભાવે સેવ,
સ્વીકાર કેશવ, જેવી કરું. ૪

૧૪

તારા ગુણ ગાવા નહીં મુજ મતિ,
રહી સર્વ શ્રુતિ મૌન ધરી. ૧
મૌન ધરી વાણી ચારે થઈ ચૂપ,
એવું છે અનુપ[1] રૂપ તારું. ૨
રૂપ તારું એવું નેત્ર નહિ પેખે,
ત્યાં સર્વ થાકે બ્રહ્માદિક. ૩
બ્રહ્માદિક દેવો થયા કર્મબદ્ધ,
તેથી ખટાટોપ તેને ઘણો. ૪
તુકો કહે તારાં ગુણ, નામ, રૂપ,
અતિશે અનુપ, કેમ વર્ણું ? ૫

---

૧. અજોડ; શ્રેષ્ઠ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

१५

तुज पाहावें हे धरितों वासना ।
परि आचरणा नाहीं ठाव ।। १ ।।
करिसी कैवार आपुलिया सत्ता ।
तरिच देखता होईन पाय ।। २ ।।
बाहिरल्या वेषें उत्तम दंडिलें ।
भीतरी मुंडिलें नाहीं तैसें ।। ३ ।।
तुका म्हणे वांयां गेलोंच मी आहें ।
जरी तुम्ही साहे न व्हा देवा ।। ४ ।।

१६

विठ्ठल सोयरा सज्जन सांगाती ।
विठ्ठल हा चित्तीं बैसलासे ।। १ ।।
विठ्ठलें हें अंग व्यापिली हे काया ।
विठ्ठल हे छाया माझी मज ।। २ ।।
बैसला विठ्ठल जिव्हेचिया माथां ।
न वदे अन्यथा आन दुजें ।। ३ ।।
सकळां इंद्रियां मन एक प्रधान ।
तेंही करी ध्यान विठोबाचें ।। ४ ।।
तुका म्हणे या विठ्ठलासी आतां ।
नये विसंबतां माझें मज ।। ५ ।।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોંશ રાખું મને તને દેખું એવી,
આચરણ નહિ પત્તો કાંઈ. ૧
નિજ બળે થાય મને તું સહાય,
તો જ તારા પાય દેખી શકું. ૨
ઉત્તમ હું સજ્યો બાહ્ય આડંબરે,
મુંડન અંતરે નહીં તેવું. ૩
તુકો કહે જીવન ગયું સર્વ એળે,
જો નહિ વૂહારે ધાઓ, દેવ. ૪

૧૬

પ્રભુ મારો સગો સંગાથી સજ્જન,
પ્રભુ મારે મન બેઠો દૃઢ. ૧
પ્રભુ મારાં અંગો, વ્યાપી મારી કાયા,
પ્રભુ મારી છાયા બન્યો મને. ૨
પ્રભુ મારો બેઠો રસનાની ટોચે,
નહિ વદું વાચે અન્ય કાંઈ. ૩
સકળ ઇંદ્રિયે મનડું પ્રધાન,
તેયે કરે ધ્યાન પ્રભુજીનું. ૪
તુકો કહે હવે પ્રભુનો વિસાર[1],
અશકય લગાર ઇચ્છું તોયે. ૫

---

૧. વિસ્મરણ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

१७

काम क्रोध आड पडले पर्वत ।
राहिला अनंत पलीकडे ।। १ ।।
नुलंघवे मज न सांपडे वाट ।
दुस्तर हा घाट वैरियांचा ।। २ ।।
आतां कैंचा मज सखा नारायणा ।
गेला अंतरोन पांडुरंग ।। ३ ।।
तुका म्हणे व्यर्थ मोलाचें शरीर ।
गेलें हा विचार कळों आला ।। ४ ।।

१८

करूनि राहों जरी आत्माचि प्रमाण ।
निश्चय नव्हे मन काय करूं ।। १ ।।
जेवलियाविण काशाचे ढेंकर ।
शब्दाचे प्रकार शब्दचि ते ।। २ ।।
पुरे पुरे आतां तुमचें ब्रह्मज्ञान ।
आम्हांसी चरण न सोडणें ।। ३ ।।
विरोधें विरोध वाढे पुढतोपुढतीं ।
वासनेचे हातीं गर्भवास ।। ४ ।।
सांडीमांडी अंगीं वसे पुण्यपाप ।
बंधनें संकल्प याचि नांवें ।। ५ ।।
तुका म्हणे नाहीं मुक्तता मोकळी ।
ऐसा कोण बळी निरसी देह ।। ६ ।।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૭

કામ ક્રોધ ઊભા આડા આ ડુંગર,
અનંતનું ઘર પેલી કોરે. ૧
ઓળંગી ન શકું, મળે નહિ વાટ,
દુસ્તર આ ઘાટ વેરીઓનો. ૨
હવે કેમ મારા સખા નારાયણ,
રહ્યા અન્તર્ધાન, પાંડુરંગ. ૩
તુકો કહે મારો દેહ મહામૂલો,
એળે જાય ચાલ્યો, જોઉં સ્પષ્ટ. ૪

૧૮

કરી રહેવા ઇચ્છું આત્મા જ પ્રમાણ,
નિશ્ચળ ન રૂહે મન, કેમ કરું ? ૧
જમ્યા વિના શાણે[1] આવે ઓડકાર ?
શબ્દોના પ્રકાર[2] શૂન્ય વસ્તુ. ૨
પૂરું પૂરું હવે લૂખું બ્રહ્મજ્ઞાન,
અમે તો ચરણ રાખ્યું ઝાલી. ૩
વિરોધ વિરોધ આગે આગે વાધે,
વાસનાને હાથે ગર્ભવાસ. ૪
ધરછોડ[3] અંગે વસે પુણ્ય પાપ,
બંધન–સંકલ્પ તેનાં નામ. ૫
તુકો કહે નહિ મુક્તિ પડી વીલી,
એવો કોણ બળી[4], નિરસે[5] દેહ ? ૬

---

૧. શા કારણે. ૨. વાનીઓ. ૩. આ કરું, આ છોડું–એવા આગ્રહમાં. ૪. બળિયો. ૫. નિરાસ કરે, વિચારથી દૂર કરે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

तुज वर्णी ऐसा तुजविण नाहीं ।
दुजा कोणी तीहीं त्रिभुवनीं ।। १ ।।
सहस्रमुखें शेष सिणला बापुडा ।
चिरलिया धडा जिव्हा त्याच्या ।। २ ।।
अव्यक्ता अलक्षा अपारा अनंता ।
सच्चिदानंदा नारायणा ।। ३ ।।
रूप नाम घेसी आपुल्या स्वइच्छा ।
होसी भाव तैसा त्याकारणें ।। ४ ।।
तुका म्हणे जरी दाविसी आपणा ।
तरिच नारायणा कळों येसी ।। ५ ।।

२०

माझ्या विठोबाचा कैसा प्रेमभाव ।
आपणचि देव होय गुरु ।। १ ।।
पढियें देहभाव पुरवितो वासना ।
अंतीं तें आपणापाशीं न्यावें ।। २ ।।
मागें पुढें उभा राहे सांभाळीत ।
आलिया आघात निवारावे ।। ३ ।।
योगक्षेम त्याचें जाणे जडभारी ।
वाट दावी करीं धरूनियां ।। ४ ।।
तुका म्हणे नाहीं विश्वास ज्या मनीं ।
पाहावें पुराणीं विचारूनी ।। ५ ।।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તારા વિણ ન્હોય વર્ણવે જે તને,
ત્રણે ત્રિભુવને બીજો કોઈ. ૧
સહસ્ર મુખ થાકયાં શેષનાં બિચારાં,
જિહ્વા માંહી ચીરા પડયા તેને. ૨
અવ્યક્ત, અલક્ષ્ય, અપાર, અનંત,
સચ્ચિદાનંદ, નારાયણ. ૩
નિજ ઇચ્છા વડે રૂપ નામ ગ્રહે,
જેવો જેને ભાવે, તેને કાજ. ૪
તુકો કહે જાતે દાખવે પોતાને,
તો જ ભક્ત જાણે તારું રૂપ. ૫

૨૦

મારા પ્રભુજીનો કેવો પ્રેમભાવ!
સ્વયં હરિ થાય ગુરુદેવ! ૧
પ્રીતે દેહ પાળે, પૂર્ણ કામ કરે,
અંતે લીન કરે આત્મરૂપે. ૨
આગે અને પૂંઠે ઊભીને સંભાળે,
સઘળાયે ટાળે આઘાતોને. ૩
યોગક્ષેમ તેનો ઉપાડે તે ભારે,
દોરે માર્ગે ધીરે ઝાલી હાથ. ૪
તુકો કહે જેને વિશ્વાસ ના મને,
શોધીને પુરાણે સાખ જોવી. ૫

સં. CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

२१

कृपावंत , किती । दीनें बहु आवडती ।। १ ।।
त्यांचा भार वाहे माथां । करी योगक्षेमचिंता ।। २ ।।
भुलों नेदी वाट । करीं धरूनि दावी नीट ।। ३ ।।
तुका म्हणे जीवें । अनुसरतां एका भावें ।। ४ ।।

२२

करितां कोणाचेंही काज । नाहीं लाज देवासी ।। १ ।।
बरें करावें हें काम । धरिलें नाम दीनबंधु ।। २ ।।
करूनि आराणूक पाहे । भलत्या साह्य व्हावया ।। ३ ।।
बोले तैसी करणी करी । तुका म्हणे एक हरी ।। ४ ।।

२३

भक्ताविण देवा । कैचें रूप घडे सेवा ।। १ ।।
शोभविलें येरयेरां । सोनें एके ठायीं हिरा ।। २ ।।
देवाविण भक्ता । कोण देता निष्कामता ।। ३ ।।
तुका म्हणे बाळ । माता जैसें स्नेहजाळ ।। ४ ।।

२४

भक्त देवाघरिंचा सुना । देव भक्ताचा पोसणा ।। १ ।।
येरयेरा जडलें कैसें । जीवा अंग जैसें तैसें ।। २ ।।
देव भक्ताची कृपाळु माता । भक्त देवाचा जनिता ।। ३ ।।
तुका म्हणे अंगें । एक एकाचिया संगें ।। ४ ।।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૧

કેવો હે કૃપાળ, બહુ દીન પરે વહાલ. ૧
તેનો ભાર વહે માથે, ચલવે યોગક્ષેમ જાતે. ૨
ન ભૂલવા દે વાટ, હેતે દોરે ધરી હાથ. ૩
તુકો કહે જીવ સાટે અનુસરતાં એક ચિત્તે. ૪

૨૨

કરતાં કોઈનુંયે કાજ, નહિ લાજ હરિને. ૧
ફડું કરવા એ કામ, ધર્યું નામ દીનબંધુ. ૨
થઈ ઉત્સુક પેખે રાહ, થવા સહાય ગમે તેને. ૩
બોલે તેવાં કરે કામ, તુકો કહે એક રામ. ૪

૨૩

ભક્ત વિના દેવ, ક્યાંથી રૂપ અને સેવ? ૧
શોભે પરસ્પરે, જેમ સોનું હીરા વડે. ૨
દેવ વિણ ભક્તે, કોણ નિષ્કામતા અર્પે? ૩
તુકો કહે બાળ-માતા જેવી સ્નેહીજાળ. ૪

૨૪

ભક્ત દેવ-ઘરનો શ્વાન, દેવ ભક્તનો પોષાણ.[૧] ૧
પરસ્પર જડ્યાં કેવાં, જીવ-અંગ મળ્યાં જેવાં. ૨
દેવ ભક્તની કૃપાળુ માત, ભક્ત દેવ તણો તાત. ૩
તુકો કહે અંગે,[૨] એક એક તણે સંગે. ૪

---

૧ પોષવાવાળો. ૨ અંગવાળાં = અસ્તિત્વ રાખનાર.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

२५

पापाची वासना नको दावूं डोळां ।
त्याहुनी अंधळा बराच मी ।। १ ।।
निंदेचें श्रवण नको माझे कानीं ।
बधिर करोनी ठेवीं देवा ।। २ ।।
अपवित्र वाणी नको माझ्या मुखा ।
त्याजहुनि मुका बराच मी ।। ३ ।।
नको मज कधीं परस्त्रीसंगति ।
जनांतून माती उठतां भली ।। ४ ।।
तुका म्हणे मज अवघ्याचा कांटाळा ।
तूं एक गोपाळा आवडसी ।। ५ ।।

२६

न मिळो खावया न वाढो संतान ।
परि हा नारायण कृपा करो ।। १ ।।
ऐसी माझी वाचा मज उपदेशी ।
आणीक लोकांसी हेंचि सांगे ।। २ ।।
विटंबो शरीर होत कां विपत्तीं ।
परि राहो चित्तीं नारायण ।। ३ ।।
तुका म्हणे नाशिवंत हें सकळ ।
आठवे गोपाळ तेंचि हित ।। ४ ।।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાપી વાસનાયે નહિ જુઓ આંખો,
તેથી ભલે અંધો રહું હું તો. ૧

નિંદાનું શ્રવણ ન હો મારે કાને,
બધિર કરીને રાખો પ્રભો. ૨

અપવિત્ર વાણી ન હો મારે મુખ,
તેથી ભલે મૂક રહું હું તો. ૩

ન હો મને કદી પરસ્ત્રીસંગતિ,
જગથીયે મટી જતાં ભલે. ૪

તુકા મને આવ્યો સહુથી કંટાળો,
લાગે એક વ્હાલો ગોપાળો તું. ૫

૨૬

નહિ મળો ખાવા, ન વધો સંતાન,
પણ નારાયણ કૃપા કરો. ૧

એવી મારી વાચા ઉપદેશે મને,
વળી લોકનેયે તે જ ભાખે. ૨

રિબાઓ શરીર ગમે તે વિપત્તે,
પણ રહો ચિત્તે નારાયણ. ૩

તુકો કહે, નાશવંત આ સકળ,
સ્મરવા ગોપાળ તે જ હિત. ૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

हेंचि दान देगा देवा । तुझा विसर न व्हावा ।। १ ।।
गुण गाईन आवडी । हेंचि माझी सर्व जोडी ।। २ ।।
नलगे मुक्ति धन संपदा । संतसंग देईं सदा ।। ३ ।।
तुका म्हणे गर्भवासीं । सुखें घालावें आम्हांसी ।। ४ ।।

२८

पवित्र तें कुळ पावन तो देश ।
जेथें हरिचे दास जन्म घेती ।। १ ।।
कर्मधर्म त्याचे जाला नारायण ।
त्याचेनि पावन तिन्ही लोक ।। २ ।।
वर्णअभिमानें कोण जाले पावन ।
ऐसें द्या सांगून मजपाशीं ।। ३ ।।
अंत्यजादि योनी तरल्या हरिभजनें ।
तयांचीं पुराणें भाट जालीं ।। ४ ।।
वैश्य तुळाधार गोरा तो कुंभार ।
धागा हा चांभार रोहिदास ।। ५ ।।
कबीर मोमीन लतिफ मुसलमान ।
सेना न्हावी आणि विष्णुदास ।। ६ ।।
कान्होपात्रा खोदु पिंजारी तो दादु ।
भजनीं अभेदु हरिचे पायीं ।। ७ ।।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ જ દાન આપો, હરિ, તને જાઉં ન વીસરી. ૧
પ્રેમે ગાઈશ ગુણ, મારું એ જ સર્વે ધન. ૨
નેચ્છું[1] મુક્તિ ધન સંપદા, સંત સંગ દેજે સદા. ૩
તુકો કહે, ગર્ભવાસે મને ઘાલજે તું સુખે. ૪

૨૮

પવિત્ર તે કુળ, પાવન તે દેશ,
જ્યાં હરિના દાસ ધરે જન્મ. ૧
કર્મધર્મ તેનાં સર્વ નારાયણ,
તેનાથી પાવન ત્રણે લોક. ૨
વર્ણ અભિમાને થયા જે પાવન,
જણાવો, સુજાણ, તેનાં નામ. ૩
અંત્યજાદિ વર્ણો તર્યા હરિનામે,
ગાયો છે પુરાણે તેનો યશ. ૪
વૈશ્ય તુલાધાર, ગોરો તો કુંભાર,
મોચીડો ચમાર રોહીદાસ. ૫
કબીર મોમીન, લતીફ મુસલમાન,
સેનો નાવી[2], જાણ, વિષ્ણુદાસ. ૬
દાદુ તે પીંજારો, કાનોપાત્રા[3], ખોદ[4],
પામ્યા તે અભેદ પ્રભુપદે. ૭

---

૧. ન ઇચ્છું. ૨. હજામ. ૩. વેશ્યા હતી. ૪. નપુંસક હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

चोखामेळा बंका जातीचा महार ।
Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
त्यासी सर्वेश्वर ऐक्य करी ।। ८ ।।
नामयाची जनी कोण तिचा भाव ।
जेवी पंढरीराव तियेसवें ।। ९ ।।
मैराळ जनक कोण कुळ त्याचें ।
महिमान तयाचें काय सांगों ।। १० ।।
यातायातीधर्म नाहीं विष्णुदासा ।
निर्णय हा ऐसा वेदशास्त्रीं ।। ११ ।।
तुका म्हणे तुम्हीं विचारावे ग्रंथ ।
तारिले पतित नेणों किती ।। १२ ।।

२९

कां हो एथें काळ आला आम्हां आड ।
तुम्हांपाशीं नाड करावया ।। १ ।।
कां हो विचाराचें पडिलें सांकडें ।
काय ऐसें कोडें उपजलें ।। २ ।।
कां हो उपजेना द्यावी ऐशी भेटी ।
काय द्वैत पोटीं धरिलें देवा ।। ३ ।।
पाप फार किंवा जालासी दुर्बळ ।
मागिल तें बळ नाहीं आतां ।। ४ ।।
काय जालें देणें निघालें दिवाळें ।
कीं बांधलासि बळें ऋणेंपायीं ।। ५ ।।
तुका म्हणे कां रे ऐसी केली गोवी ।
तुझी माझी ठेवी निवडूनीयां ।। ६ ।।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એવા અમેયે, પાંડુ[1] કુળ તિલક, મહાવીર,
તેશું સર્વેશ્વર ઐક્ય કરે. ૮
નામા તણી જની, કેવો તેનો ભાવ?
જમે પંઢરીરાવ તેના ભેળા! ૯
મૈરાળ જનક, નહિ કુળ જાણું,
માહાત્મ્ય શું તેનું કૂહેવું મુખે? ૧૦
જાતિપાંતિ ધર્મ વૈષ્ણવને નૂહોય,
કર્યો છે નિર્ણય વેદશાસ્ત્રે. ૧૧
તુકો કહે તમે ખોળી જુઓ ગ્રંથ,
કેટલા પતિત તાર્યા આગે. ૧૨

૨૯

કે શું અહીં કાળ આવ્યો મારે આડે,
ભેદ વચ્ચે પાડે વિરોધી તે? ૧
કે શું પડી મોટી વિચારોની ગૂંચ,
ઊપજે સંકોચ એવો પ્રશ્ન? ૨
કે નહિ થાય ભેટવાની વૃત્તિ,
એવી દ્વૈતબુદ્ધિ ધરી દિલે? ૩
પાપ મારું વધ્યું કે બન્યો તું દુર્બળ,
પૂર્વનું તે બળ રહ્યું નહિ? ૪
કે અતિ ક્રોધે મોઢું સંતાડીને રાખો?
કે બંધને શું નાંખ્યો લેણદારે? ૫
તુકો કહે શાને વાળે છે તું ગોટો?
કર હક્ક છૂટો તારો મારો! ૬

---

૧. ઢેડ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

धांव घालीं आई । आतां पाहातोसी काई ।। १ ।।
धीर नाहीं माझे पोटीं । झालों वियोगें हिंपुटी ।। २ ।।
करावें सीतळ । बहु झाली हळहळ ।। ३ ।।
तुका म्हणे डोई । कधीं ठेवीन हे पायीं ।। ४ ।।

३१

न कळतां काय करावा उपाय ।
जेणें राहे भाव तुझ्या पायीं ।। १ ।।
येऊनियां वास करिसी हृदयीं ।
ऐसें घडे कईं कासयानें ।। २ ।।
साच भावें तुझें चिंतन मानसीं ।
राहे हें करिसी कैं गा देवा ।। ३ ।।
लटिकें हें माझें करूनियां दूरी ।
साच तूं अंतरीं येउनि राहें ।। ४ ।।
तुका म्हणे मज राखावें पतिता ।
आपुलिया सत्ता पांडुरंगा ।। ५ ।।

३२

एक भाव चित्तीं । तरी न लगे कांहीं युक्ती ।। १ ।।
कळों आलें जीवें । मज माझियाचि भावें ।। २ ।।
आठवचि पुरे । सुख अवघें मोहरे ।। ३ ।।
तुका म्हणे मन । पूजा इच्छी नारायण ।। ४ ।।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દોડી આવ માડી, શું જુએ રહી ધીરી? ૧
ધીર નહિ મારે ઉર, થાઉં વિયોગે આતુર. ૨
દે શાંતિ તું શીતળ, બહુ થયો હું વિહ્વળ. ૩
તુકો કહે, શિર ક્યારે મૂકું પાયે સ્થિર? ૪

૩૧

ન જાણું હું કેવો કરવો ઉપાય, ૧
ભાવ તારે પાય રહે જેથી.
આવીને તું વાસ કરે મુજ હૈયે,
કેમ, ક્યારે કહે, બને એવું? ૨
સાચ ભાવે તારું મનમાં ચિંતન,
રહે પ્રતિક્ષણ, કરો પ્રભુ! ૪
મિથ્યા મારું-તારું કરીને તું દૂર,
સત્ય તું અંતર આવી રહે. ૪
તુકો હું પતિત કરજો સંભાળ,
રક્ષજો, કૃપાળ, નિજ બળે. ૫

૩૨

અનન્ય ભાવે ભક્તિ, નવ લાગે બીજી યુક્તિ. ૧
એમ સમજાયું મને[1], મુજ ભાવબળે મને. ૨
તવ સ્મૃતિ માત્ર બસ, સુખ સર્વ તેને વશ. ૩
તુકો કહે નારાયણ, ઇચ્છે માનસી પૂજન. ૪

---

૧. મનથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

३३

जेथें जातों तेथें तूं माझा सांगाती ।
चालविसी हातीं धरूनियां ।। १ ।।

चालों वाटे आम्ही तुझाचि आधार ।
चालविसी भार सवें माझा ।। २ ।।

बोलों जातां बरळ करिसी तें नीट ।
नेली लाज धीट केलों देवा ।। ३ ।।

अवघे जन मज झाले लोकपाळ ।
सोईरे सकळ प्राणसखे ।। ४ ।।

तुका म्हणे आतां खेळतों कौतुकें ।
जालें तुझें सुख अन्तर्बाहीं ।। ५ ।।

३४

किती विवंचना करीतसें जीवीं ।
मन धांवडवी दाही दिशा ।। १ ।।

कोणा एका भावें तुम्हीं अंगीकार ।
करावा विचार याच साठीं ।। २ ।।

इतर ते आतां लाभ तुच्छ झाले ।
अनुभवा आले गुणागुण ।। ३ ।।

तुका म्हणे लागो अखंड समाधी ।
जावें प्रेमबोधीं* बुडोनियां ।। ४ ।।

---

* के प्रेमांबुधीं ? कि० ध० भ०

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૩

જ્યાં જ્યાં હું જાઉં ત્યાં ત્યાં તું મારી સંગાથે,
ચલાવતો હાથે ઝાલીને હો. ૧
રસ્તે જાતાં મારે તારો જ આધાર,
ઉપાડેયે ભાર સાથે મારો. ૨
જેવું તેવું બોલું, કરી દે તું સ્પષ્ટ,
કાઢી લાજ ધૃષ્ટ[1] કીધો દેવે. ૩
સર્વે જન મારા થયા લોકપાળ,
સંબંધી સકળ પ્રાણસખા. ૪
તુકો કહે હવે બોલું હું નચિંત,
મળ્યું તુજ સુખ અન્તર્બાહ્ય. ૫

૩૪

કેટલીયે કરું વિમાસણ જીવે,
મન તો દોડાવે દશે દિશા. ૧
કોઈ એક ભાવે તમે અંગીકારો,
કરવા વિચારો એ જ કાજે. ૨
બીજા સર્વ લાભો તુચ્છ હવે થયા,
અનુભવે આવ્યા ગુણ દોષ. ૩
તુકો કહે લાગો અખંડ સમાધિ,
જાઉં પ્રેમાંબુધિ – માંહી ડૂબી. ૪

---

૧. હિંમતવાળો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

३५

तुज मागणें तें देवा । आम्हां तुझी चरणसेवा ।। १ ।।
आन नेघों देसी तरी । रिद्धि सिद्धि मुक्ति चारी ।। २ ।।
संतसंगति सर्व काळ । थोर प्रेमाचा सुकाळ ।। ३ ।।
तुका म्हणे नाम । तेणें पुरे माझें काम ।। ४ ।।

३६

तुझा शरणागत । जन्मोजन्मींचा अंकित ।। १ ।।
आणीक कांहीं नेणें देवा । तुजवांचूनि केशवा ।। २ ।।
हेंचि माझें गाणें । तुझें नामसंकीर्तन ।। ३ ।।
तुझ्या नामाचीं भूषणें । तुका म्हणे ल्यालों लेणें ।। ४ ।।

३७

उतरलों पार । सत्य झाला हा निर्धार ।। २ ।।
तुझें नाम धरिलें कंठीं । केली संसाराची तुटी ।। ३ ।।
आतां नव्हे बाधा । कोणेविशीं कांहीं कदा ।। ३ ।।
तुका म्हणे कांहीं । आतां उरलें ऐसें नाहीं ।। ४ ।।

३८

मज संतांचा आधार । तूं एकलें निर्विकार ।। १ ।।
पाहा विचारूनि देवा । नको आम्हांसवें दावा ।। २ ।।
तुज बोल न बोलवे । आम्हां भांडायाची सवे ।। ३ ।।
तुका म्हणे तरी । ऐक्यभावें नुरे उरी ।। ४ ।।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૫

માગું એક જ હું દેવ, તારા ચરણની સેવ. ૧
બીજું લઉં ન આપે તોયે, ઋદ્ધિ,સિદ્ધિ, મુક્તિ ચારે. ૨
સતસંગ સર્વ કાળ, દઢ પ્રેમનો સુકાળ. ૩
તુકો કહે રામનામ, તેણે સરે મારું કામ. ૪

૩૬

હું તુજ શરણાગત, જન્મોજન્મનો અંકિત. ૧
અન્ય કાંઈ નહિ હોંશ, તારા વિણ જગદીશ. ૨
આ જ મારું ગાન, તુજ નામનું કીર્તન. ૩
તારા નામનું ભૂષણ, તુકે કર્યું છે ધારણ. ૪

૩૭

ઊતરી ગયો પાર, પાકો થયો એ નિર્ધાર. ૧
સંત તુકારામે સંતોનું આવું વર્ણન કર્યું છે. તેઓ કહે છે: 'આ શરીર જ ચિંતામણિ છે. ચિંતામણિ એટલે જે મણિ પાસે હોય તો ઇચ્છેલી વસ્તુ પ્રાપ્ત થાય. આપણું શરીર જ ખરેખર ચિંતામણિ છે. સર્વ સુખ, સર્વ આનંદ આપનાર છે. પણ એ ક્યારે? જ્યારે આપણામાંથી અહંકાર, આશા મૂળસહિત નાશ પામે; નિંદાવૃત્તિ, હિંસા, કપટ, દેહબુદ્ધિ વગેરે બધું નાશ પામે; મન સ્ફટિક જેવું નિર્મળ થાય. ત્યારે આપણું શરીર ચિંતામણિ બને છે — સર્વ સુખ, સર્વ આનંદ આપનારું થાય છે. એવી જેની સ્થિતિ હોય તેને મોક્ષના તીર્થરૂપ વારાણસી જવાની જરૂર નથી. પણ ઊલટું તેની પાસે બધા લોકો પાવન થવા માટે આવતા હોય છે. એટલું જ નહીં પણ તીર્થને પાવનતા, પવિત્રપણું સુધ્ધાં આવા પુરુષને લીધે જ પ્રાપ્ત થાય છે. સંતના રહેવાને કારણે તીર્થ નિર્માણ થતું હોય છે. જ્યાં સંતનો વાસ હોય છે તે જ ખરું તીર્થ છે.' એટલે જ તુકારામ મહારાજ કહે છે કે, 'तीर्थासी तीर्थ जाला तोचि एक ।' 'સંતના દર્શનથી મોક્ષ પણ પ્રાપ્ત થાય છે; તેનો અર્થ એ કે તેમના દર્શનથી મુક્ત પુરુષ કેવા હોય છે એ તમને મૂર્તિમંત દેખાઈ આવશે. જેનું મન શુદ્ધ છે તેને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માળા આદિ બાહ્ય ચિહ્નની જરૂર નથી. કારણ કે તે સર્વ સદ્‌ગુણોથી વિભૂષિત છે. હરિના ગુણનું વર્ણન તેના મુખથી સદૈવ ચાલતું હોય છે અને તેના મનમાં હંમેશાં આનંદ ભરેલો હોય છે. તેણે તન, મન, ધન એ બધું પુરુષોત્તમને–ભગવંતને અર્પણ કરેલાં છે. તેને કોઈની અને કશાની પણ આશા નથી હોતી. પારસમણિ કરતાં પણ આવા સંત શ્રેષ્ઠ છે. હું તેના મહિમાનું શું વર્ણન કરું?'

આ અભંગમાં તુકારામે સંતનું જે વર્ણન કર્યું છે તેવી તેમની પોતાની સ્થિતિ હતી.

સંત તુકારામના જન્મ વગેરે અંગે તમે જીવનચરિતમાં જોશો. સંત તુકારામ જ્યારે સત્તર અઢાર વર્ષના થયા ત્યારે તેમનાં માતાપિતા બન્ને સ્વર્ગવાસી થયાં. મોટા ભાઈ સાવજીની પત્ની પણ તે સમયે સ્વર્ગવાસી થઈ. સાવજી ઘરબાર છોડીને તીર્થાટન કરવા ગયો તે ફરીને ઘેર આવ્યો નહીં. આ વખતે ઘરનો બધો ભાર એકલા તુકારામ પર જ આવી પડ્યો. તેઓ સત્યથી અને પરિશ્રમપૂર્વક પોતાનો ઘર-સંસાર ચલાવતા હતા.

પરંતુ થોડાક જ વખતમાં ઘરની વિકટ સ્થિતિ થવાથી અને બહાર દેશમાંયે દુકાળને લીધે કેર વર્તેલો જોઈને તેમનું મન સંસારથી ત્રાસી ગયું. પહેલેથી તેમનું મન પરમેશ્વર તરફ હતું. આ કહણ સંજોગોને લીધે જગતમાં બધું સુખ નશ્વર હોઈને એક પરમાત્મા જ સત્ય છે અને તેની પ્રાપ્તિ કરી લેવી એ જ ઇહલોકમાં મનુષ્યનું કર્તવ્ય છે, એમાં જન્મનું સાર્થક છે, એવી તેમની દૃઢ ભાવના થતી ગઈ.

દુકાળના દિવસો પૂરા થયા, પણ ફરીને તેમનું મન સંસારમાં આસક્ત થયું નહીં. સંત તુકારામે ત્યારથી જ ઈશ્વરપ્રાપ્તિનો માર્ગ લીધો. ઘરની કાયમની વ્યવસ્થા કરવા પાછળ તેઓ લાગ્યા. ઘરની શાહુકારી હતી અને તેના દસ્તાવેજ તેમની પાસે હતા. તેમના નાના ભાઈ કાન્હોબાને તેના ભાગના અડધા દસ્તાવેજ આપી દીધા. લોકોની પૈસા આપવાની શક્તિ ન હતી. ખતપત્ર પરથી ધીરધારના પૈસા વસૂલ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરવા, એટલે દુષ્ટતા સિવાય વસૂલ કરવા શકય નથી વગેરે વિચારો તેમના મનમાં આવ્યા. દુષ્ટતા તો તેમના હૃદયમાં મૂળથી જ ન હતી, દયા જ ભરેલી હતી. આવી સ્થિતિમાં ધીરેલા પૈસા વસૂલ થવા અશકય જ. ત્યારે આ દસ્તાવેજો કેવળ આશાનું જ મૂળ છે; પરમેશ્વરની પ્રાપ્તિ કરવી હોય તો આશાનો પ્રથમ નાશ કરવો જોઈએ, એ વિચારથી તેમણે એ કાગળિયાંનો નાશ કરવાનો નિશ્ચય કર્યો. તે બધા કાગળો તેમણે કાઢ્યા; તેની ઉપર નીચે પથ્થર બાંધી ઇંદ્રાયણી નદીના વહેળામાં તે કાગળોને તેમણે ડુબાડી દીધા; અને તેઓ પોતે આશામાંથી કાયમના મુક્ત થયા. આશાને જ તેમણે ડુબાડી દીધી. આ હકીકત પરથી સંસાર પ્રત્યેનો તેમનો વૈરાગ્ય અને આશામાંથી છૂટવા માટેનું તેમનું સાહસ એ બાબત સ્પષ્ટ જણાઈ આવે છે. આ રીતે આશાનો નાશ કરવાનો પ્રયત્ન કરવો એ નિઃશંક અદ્‌ભુત વાત છે.

ધંધો બરાબર ચાલે નહીં. શાહૂકારી હતી તે આ રીતે નષ્ટ થઈ. તેમણે લોકોને પોતાના ઋણમાંથી મુક્ત કર્યા; અને તેઓ પોતે સંસાર પ્રત્યે ઉદાસીન થયા. સદૈવ પરમેશ્વરનું નામસ્મરણ કરવું, ભજન કરવું, કદી એકાંતમાં રહેવું, સ્ત્રી પુત્ર પર મમતા ન રાખવી, શરીર-નિર્વાહ પૂરતો કાંઈ ઉદ્યોગ કરવો, લોકોને — વિશેષે કરીને ગરીબોને — ઉપયોગી થવું, તેમનું નાનું મોટું કામ કરવું, થાકયો હોય તેનો ભાર પોતાને માથે લેવો, કોઈ ગરીબ મુસાફર કે યાત્રાળુ ગામમાં આવે ત્યારે પોતાની ગરીબી અને ખાવાની ખરાબ સ્થિતિ હોવા છતાં તેને પોતાને ઘેર લઈ જઈ તેનું આતિથ્ય કરવું, સેવા કરવી, સર્વ ભૂતોમાં પરમેશ્વર છે, કોઈને – જીવમાત્રને – પણ દુઃખ ન થાય એવો પ્રયત્ન કરવો, ગધેડાં તરસ્યાં હોય તો તેમને પણ પાણી પાવું, ભૂતદયાના કામમાં શરમ ન રાખવી, સંસારની વાતોમાં મન ન પરોવવું — આવા પ્રકારની તેમની વિરક્ત અને દયાભાવપૂર્ણ સ્થિતિ થઈ. એને લીધે લોકો તેમને લગભગ ગાંડા માનવા લાગ્યા. ઘરસંસાર કેમ ચલાવવો એ તેઓ સમજતા જ નથી, એમ લોકો કહેવા લાગ્યા. લોકોમાં તેમની જે પ્રતિષ્ઠા,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માન્યતા હતી તે જતી રહી. આ અવસ્થામાંય તેઓ કાંઈ ઉદ્યોગ કરતા હતા અને તેમાં તેમને કોઈ વાર ફાયદો પણ થતો. પરંતુ દયાળુ સ્વભાવને લીધે, સર્વના કલ્યાણની ઇચ્છા હોવાને લીધે એ ફાયદો તેમના કુટુંબને ન મળતાં કોઈ પણ દુઃખી દરિદ્રીને જ તે મળતો હતો. આવી સ્થિતિને લીધે કુટુંબમાં, સગાંસંબંધીઓમાં તેમનું માન કંઈ રહ્યું નહીં. લોકો પણ છડેચોક તેમની નિંદા કરવા લાગ્યા. તેથી તેમનું મન અધિક ઉદાસીન થતું ચાલ્યું અને પરમેશ્વર માટે અધિક વ્યાકુળ થવા લાગ્યું. આ સ્થિતિમાં તેમના મોંમાંથી આપોઆપ અભંગ નીકળવા લાગ્યા. તુકારામને સંતોના અભંગ, જ્ઞાનેશ્વરી અને એકનાથી ભાગવતનો અભ્યાસ હતો જ. પરમેશ્વરની સ્તુતિ, લોકોને ઉપદેશ એ બધું હવે અભંગમાં જ થવા લાગ્યું. તે વખતની તેમની સ્થિતિ તેમના અભંગો પરથી સમજાય છે. તેમનો ભાવ એકેશ્વરી હતો. એ ભાવ કેટલો દૃઢ હતો તે નીચેના અભંગ પરથી લક્ષમાં આવશે :

आणिकांची स्तुति आह्यां ब्रह्महत्या । एकावांचूनि त्या पांडुरंगा ॥१॥
आह्यां विष्णुदासां एकविध भाव । न ह्मणों या देव आणिकांसि ॥२॥
शतखंड माझी होईल रसना । जरी या वचना पालटेन ॥३॥
तुका ह्मणे मज आणिका संकल्पें । अवघींच पापें घडतील ॥४॥

'પાંડુરંગ સિવાય બીજા કોઈની સ્તુતિ કરવી એ અમારે માટે બ્રહ્મહત્યા સમાન છે. અમને વિષ્ણુદાસને એકવિધ ભાવ છે. અમે બીજા કોઈને દેવ માનતા નથી. આ મારા વચનમાં — નિર્ધારમાં ફેરફાર થાય તો મારી જીભના સો કકડા થઈ જાઓ. આના સિવાય બીજો કોઈ સંકલ્પ મારા મનમાં ઉઠે તો બધાં પાપ મને લાગો.'

કેટલી બધી આ એકેશ્વરી નિષ્ઠા! આ નિષ્ઠાના બળ પર જ તેમણે પોતાની આધ્યાત્મિક ઉન્નતિ સાધી હતી. સમાજમાં પ્રચલિત થયેલાં સેંકડો દેવદેવીઓની કામનિક–સકામ આરાધના તેમને મૂળથી જ માન્ય ન હતી. તેમણે આવી કામનિક–સકામ ભક્તિનો વખતોવખત કડક શબ્દોમાં નિષેધ કર્યો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તુકારામ મહારાજ વૈષ્ણવ હતા; ભાગવત સંપ્રદાયના હતા. આ ભાગવત સંપ્રદાયને મહારાષ્ટ્રમાં વારકરી સંપ્રદાય કહે છે. એનું મુખ્ય સ્થાન પંઢરપુર; અને પાંડુરંગ–વિઠ્ઠલ એ ઇષ્ટદેવ. પાંડુરંગ એ વિષ્ણુનો અવતાર મનાતા. આષાઢી અને કાર્તિકી અગિયારસે પંઢરપુરમાં મોટી યાત્રા ભરાતી. હજારો ભાગવત સંપ્રદાયના લોકો તે વખતે ત્યાં જતા. એ યાત્રાએ જવું એટલે વારી કરવી અને તે પરથી તેમને વારકરી કહેવાની રૂઢિ પડેલી હતી. તુકારામ મહારાજ પણ વારકરી હતા. તેઓ આષાઢી કાર્તિકી યાત્રાએ ઘણી શ્રદ્ધાથી જતા હતા. પોતાના ઇષ્ટદેવ પંઢરપુરમાં છે એવી તેમની શ્રદ્ધા હતી. તેમના દર્શન માટે તેઓ વ્યાકુળ રહેતા. તે વ્યાકુળતામાંથી જ તેમને પરમેશ્વરના સાચા સ્વરૂપદર્શનની – સત્યજ્ઞાનની વ્યાકુળતા ઉત્પન્ન થઈ. તે વખતની તેમની માનસિક સ્થિતિ :

'હે પરમેશ્વર, તારા દર્શન વગર મને લોકમાન–કીર્તિ, દેહસુખ, સંપત્તિ, અનેક પ્રકારના ઉપભોગ એ બધું વિટંબણારૂપ, દુઃખરૂપ લાગે છે. તો મારી આ અવસ્થા જાણીને આવ. આવીને મને દર્શન દે; હું તારા દર્શન વગર લૂખૂં તત્ત્વજ્ઞાન લઈને શું કરું? તે તો માયાનાં ખાલી કાટલાં છે. તારા મેળાપ વગર બધું મને દુઃખરૂપ લાગે છે. આત્મસ્થિતિનો વિચાર મારે ન જોઈએ; ઉદ્ધારની ઇચ્છા મને નથી. તારા ચતુર્ભુજ દર્શન વગર મને ધીરજ રહેતી નથી; હું અધીરો બની ગયો છું. રિદ્ધિસિદ્ધિને શું કરવાની? શાસ્ત્રનો વિચાર શા માટે જોઈએ? તારા મેળાપ વગર મને એ બધું ભારરૂપ લાગે છે. તારા સિવાય મને બીજી કાંઈ જ ઇચ્છા નથી. પ્રભો! તારાં ચરણનાં દર્શન આપ.' આ શબ્દો પરથી તેમની કેવળ પરમેશ્વર વિષેની વ્યાકુળતા અને ભૌતિક; – સંસારી સુખ વિષેનો તીવ્ર વૈરાગ્ય દેખાઈ આવે છે.

સંત તુકારામ પોતે સંસાર વિષે ઉદાસીન થયા. તેથી ઘરસંસારનો બધો ભાર તેમનાં પત્ની જિજાઈ પર પડ્યો. કુટુંબનો વ્યવહાર સારી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રીતે ચાલવો જોઈએ એવી તેની સ્વાભાવિક ઇચ્છા; તેનો એમાં કાંઈ દોષ ન હતો. કોઈ પણ સ્ત્રીની સ્વાભાવિક એવી જ ઇચ્છા રહેવાની. પરંતુ તુકારામ મહારાજ અત્યંત વિરક્ત; જગત એ પોતાનું કુટુંબ એવી તેમની ભાવના; સર્વ ભૂતો પ્રત્યે તેમની દયાવૃત્તિ: ઘરમાં જે હોય તે, પોતાના કુટુંબ પરિવારનો વિચાર ન કરતાં ગરીબને — જેને જરૂર હોય તેને આપીને તેનું દુઃખ નિવારણ કરવું એવો તેમનો સ્વભાવ; અને પત્નીની ગૃહસંસારની ભાવના. આવી બે તદ્દન જુદી જુદી ભાવના અને ભૂમિકાને લીધે તેમની વચ્ચે વિરોધના પ્રસંગો હંમેશાં આવતા હતા. તેને લીધે તેમની પત્ની ઘણી જ દુઃખી થતી.

બંનેનો એક વિચાર ન હોવાથી આમ થાય છે એ જાણીને તુકારામ મહારાજે એક દિવસે તેને પુષ્કળ ઉપદેશ આપ્યો. તેમણે કહ્યું: 'તું આ સંસારમાં કેમ ગૂંથાઈને રહી છે? જે મળે તેમાં સમાધાન રાખવું, કશાની આશા કરવી નહીં. બાળકોની ચિંતા ન કરવી; તેમને માટે બધું નિર્માણ થયેલું છે. તું આ બંધનમાંથી મુક્ત થા. સજ્જન તને માન આપશે. જગતમાં તારી કીર્તિ થશે. તું તારા જન્મનું સાર્થક કરી લે. હરિભક્ત બન. સર્વ ઇચ્છા – વાસના છોડી દે. ઘરમાં જે કાંઈ તારું છે એ બધું ગરીબોને તથા બ્રાહ્મણોને આપી દે. ઢોરઢાંખર, બાળક, વાસણ કે કશાની આશા ન રાખ. ઢોર મરી ગયાં, વાસણ ચોરો લઈ ગયા, બાળક થયાં ન હતાં એમ સમજ. મન એક વાર કહણ વજ્ર જેવું કર. તને પરમેશ્વરી આનંદ થશે. તું મારું સાંભળ. આપણે બંને સુખી થઈશું. દેવ અને ઋષિ આપણું ગૌરવ કરશે. તે આપણને વિમાનમાં લઈ જવાને આવશે. ગંધર્વો નામસ્મરણનાં ગીતો ગાશે. સંત, મહંત, સિદ્ધ આપણી સામે આવશે. તેમને આલિંગન આપીને – ભેટીને તેમનાં ચરણ પર પડીએ. આપણી બધી ઇચ્છા પૂરી થશે. આપણાં માબાપ જ્યાં છે ત્યાં આપણે જઈએ, તેમને આપણે આંખથી જોઈએ. તે વખતના સુખનું વર્ણન હું શું કરું? જો, તું નિશ્ચય કર. મનને બધાંમાંથી ખેંચી લે. કાલે સોમવાર દ્વાદશીનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પર્વ છે. મન શુદ્ધ કર. બ્રાહ્મણોને બોલાવીને તેમને બધું અર્પણ કરી દે. તું કાયમની સુખી થઈશ, આ જંજાળમાંથી નીકળીશ. અમને આ સંસારસુખનો કંટાળો કેમ આવ્યો, કયા બળને લીધે અમારે તે સુખ નથી જોઈતું એમ લાગ્યું તે તું જાણતી નથી શું? વિચાર કર. મારી ભૂખતરસ કેવી શમી ગઈ! ચપળ મન કેવું સ્થિર થઈ ગયું! લોકોને દ્રવ્ય એ પોતાના પ્રાણ કરતાંયે પ્રિય હોય છે તે અમને પાષાણ કરતાંયે હીન કેમ લાગવા માંડ્યું? સગાં સંબંધી, જન અને વન એ બધું જ અમને એકસરખું — બધી જગ્યાએ અમને સમભાવ. આ બાબતો કેમ બની? આ કોનો પ્રભાવ? આ કોનું બળ? પરમાત્મા અમારી પાસે છે અને તે જ અમારું બધું સુખદુઃખ સહન કરે છે. તેણે મારો અંગીકાર કર્યો છે. તું પણ તેવી થા. વૈષ્ણવો વિષે સદ્ભાવ રાખ. નામસ્મરણ કર. મન કહણ કરીને આ સંસારના દુઃખમાંથી મુક્ત થા.'

આવી રીતનો ઉપદેશ તેમણે પત્નીને આપ્યો. તેની વૃત્તિ કંઈક વળી. પરંતુ બંને વચ્ચે પૂરેપૂરો મેળ છેવટ સુધી થઈ શક્યો નહોતો. પણ પહેલાંની સ્થિતિ ઘણે અંશે બદલાઈ હશે. તેમની આ પત્ની ઘણી મહેનતુ હતી અને તેમની ઘણી સંભાળ લેતી હતી. અત્યંત દુખના વખતે પણ તેમને છોડીને તે કદી પિયર ગઈ નહોતી.

સંતો વિષે તુકારામ મહારાજના મનમાં ઘણો પૂજ્યભાવ હતો. સત્સંગની તેમને ઘણી ઇચ્છા રહેતી. સંતોના સહવાસથી જ સદાચાર વિષે પ્રીતિ ઉત્પન્ન થઈને મન પરમેશ્વરની ભક્તિ તરફ વળે છે, એવો તેમને વિશ્વાસ હતો. સંત કોને કહેવા, એ વિષે તેમણે કહ્યું છે:

'જે પીડિત, રિબાયેલા, દુઃખી હોય તેમને જે પોતાના ગણે છે, જેનું ચિત્ત માખણ જેવું મૃદુ હોય છે, પરાધીન અને નિરાધારને જે પોતાના હૃદય સાથે ચાંપે છે — પોતાના કરી રાખે છે, પોતાના દીકરા તેમ જ દાસદાસી પર સરખી જ દયા રાખે છે તેને જ સાધુ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તરીકે ઓળખવા અને ત્યાં જ દેવ છે એમ માનવું. હું બીજું શું કહું? એવો પુરુષ એટલે ભગવંતની મૂર્તિ છે.'

દયા અને સમભાવ એ સાધુના મહાન ગુણો છે, એવી તેમની ખાતરી હોવાથી તેમણે આ ગુણો પર કેટલો ભાર મૂકેલો છે તે આ પરથી જણાઈ આવે છે. બીજે ઠેકાણે તેઓ કહે છે: 'જે સજ્જન છે તેમનું બળ, બુદ્ધિ બધું ઉપકાર માટે જ ખર્ચાય છે. દેવોની પેઠે તેમના હૃદયમાં દયા ભરેલી હોય છે. આવા સંત સજ્જનનો જીવ એ જ દેવ અને જ્યાં તેઓ રહે છે તે સ્થાન વૈકુંઠ છે.'

આ વચનો પરથી તેમની સંત વિષેની વ્યાખ્યા કેવી હતી એ દેખાઈ આવે છે. દુઃખી માટે, તેમનું દુઃખ નિવારણ કરવા માટે જે દુઃખ સહન કરે છે તે જ સંત. દુઃખી વિષે જેના મનમાં અપાર કરુણા ભરેલી છે, સ્વ-પર ભાવ જેનામાં નથી તે જ સંત. કરુણા એ સંતનું સ્પષ્ટ લક્ષણ છે. તે જ પ્રમાણે અડગ ધૈર્ય, નિર્ભયતા એ પણ સંતનું મહત્ત્વનું લક્ષણ છે. તેઓ કહે છે:

'એરણ પર મૂકેલો જે હીરો ઘણના મારથીયે તૂટતો નથી તે જ સાચો હીરો. બનાવટી હીરો ઘા સામે ટકી શકતો નથી; તેના ચૂરેચૂરા થઈ જાય છે. જેની સોબતમાં સૂતર અગ્નિમાં બળતું નથી તે જ ખરો મહોરો. તે પ્રમાણે ધૈર્યથી જગતના આઘાત જે સહન કરે છે, તે જ ખરા સંત.'

સંત એટલે ધૈર્યની જાણે મૂર્તિ જ હોય. નિર્ભયતા સંતમાં હોવી જ જોઈએ. જે જગતનો ભય રાખે છે તે સંત જ નથી, એવું તેમનું ખાતરીપૂર્વક કહેવું હતું. 'धन्य तोचि प्राणि क्षमा ज्याचे अंगीं। न भंगे प्रसंगीं धैर्यबळ ॥'—તે જ મનુષ્ય ધન્ય છે જેનામાં ક્ષમા છે અને કાણ પ્રસંગે જેનું ધૈર્યબળ ભાંગતું નથી. આ પરથી ક્ષમા અને ધૈર્ય એ સદ્‌ગુણ સંતમાં હોવા જ જોઈએ એમ તેમનું કહેવું હતું. સંતના હૃદયમાં અપાર કરુણા, અડગ ધૈર્ય, નિર્ભયતા, ક્ષમા, સહિષ્ણુતા, અત્યંત કોમળતા વગેરે અનેક સદ્‌ગુણો હોવા જ જોઈએ. સર્વ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સદ્‌ગુણોનો સમુચ્ચય એટલે સંતપણું. તુકારામ મહારાજ કહે છે: 'આવા પ્રકારનું સંતપણું જેને જોઈએ તેને તે કેવી રીતે પ્રાપ્ત થાય, ક્યાં પ્રાપ્ત થાય? તે બજારમાં મળતું નથી, ગિરિકંદરાઓમાં — જંગલમાં ભટકવાથી મળતું નથી, ધનના ઢગલા આપ્યાથી તે મળતું નથી, નથી તે આકાશમાં કે નથી પાતાળમાં, પોતાના જીવની કિંમત આપીને જ તે મળી શકે છે. જીવની આશા રાખીને — સ્વસુખની આશા રાખીને સંતપણું મળતું નથી. પ્રાણની કિંમત આપવાની જેની તૈયારી ન હોય તેણે સંતપણાની વાત કાઢવી નહીં.'

દયા, ક્ષમા, શાંતિ, નિર્ભયતા, સત્ય, પાવિત્ર્ય, વૈરાગ્ય એ સંતનાં લક્ષણો. એ લક્ષણો ન હોય તો ઈશ્વર કશાથીયે ફસાતો નથી, એમ તેમનું કહેવું હતું. પરમેશ્વર — સત્યજ્ઞાન વિષે તેમના ચિત્તમાં વ્યાકુળતા હોવાથી તેમના પોતામાં કે બીજામાંયે દંભ, અસત્ય ઇત્યાદિ દોષો તેમને જરાયે સહન થતા ન હતા. પોતા વિષે તેઓ ઈશ્વરને કહે છે: 'હું બહારથી દેખાઉં છું તેવો નથી. મનમાં સંસાર અને બહારથી ઈશ્વરભક્તિ એવી મારી ખરી સ્થિતિ હોવાથી મને તારી પ્રાપ્તિ થતી નથી. તેમાં તારો કાંઈ દોષ નથી. હું જ દંભના પ્રવાહમાં ડૂબેલો છું. ભક્તિની વાત માત્ર બોલું છું. તારું નામસ્મરણ કરીને ગાઉં છું, નાચું છું અને લોકોને બતાવું છું. પણ અંતરમાં તારે માટે ખરો પ્રેમ નથી.'

આ પ્રમાણે તેઓ પોતાની સ્થિતિ સ્પષ્ટપણે બતાવતા હતા અને તે સાથે લોકોનેયે ઉપદેશ આપતા કે હૃદયમાં સંસારની કામના રાખીને બહારથી ભક્તિનો ડોળ કરવાથી ભગવાન મળતો નથી. સાચા સંતનાં લક્ષણો અને દંભી માણસોની સ્થિતિ તેઓ સ્પષ્ટપણે કહેતા હતા. તેમના આ પ્રમાણે કહેવાથી લોકોને સાચા ભક્તની – સંતની ઓળખાણ થવા લાગી. લોકો ભક્તિમાર્ગે વળવા લાગ્યા. દંભી માણસોનો દંભ તેમને સ્પષ્ટ દેખાવા લાગ્યો. તેમનામાં સત્યદૃષ્ટિ આવવા લાગી. આ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરિવર્તનને લીધે દંભી લોક તેમના શત્રુ થવા લાગ્યા. તુકારામ મહારાજને દુઃખ થાય તેવા ઉપાયો તેઓ શોધવા લાગ્યા.

તે વખતે મંબાજી ગોસાવી નામનો એક બાવો હતો. તુકારામ મહારાજના આવા ઉપદેશથી તેની પ્રતિષ્ઠા ઓછી થવા લાગી. તેને તુકારામ મહારાજ પર ક્રોધ આવ્યો અને તે તેમનો દ્વેષ કરવા લાગ્યો. તેમને દુઃખ દેવાનો પ્રસંગ તે શોધવા લાગ્યો. એક દિવસ તુકારામ મંદિરની પ્રદક્ષિણા કરતા હતા. પ્રદક્ષિણા કરતાં એ રસ્તા પર પડેલા કાંટા ઉપાડીને તેઓ એક બાજુએ કરતા હતા. જનારાના પગમાં કાંટા ન લાગે એટલા માટે તેઓ તેમ કરતા હતા. એટલું જ નિમિત્ત જોઈને ત્યાં રહેનાર તે મંબાજી તેમને ગાળો દઈને મારવા આવ્યો અને એક કાંટાળી ડાળીથી તેણે તુકારામને ઝૂડ્યા. તે વખતે ક્રોધ ન કરતાં ક્ષમા ધારણ કરીને તેમણે શાંતિ રાખી. તે વખતે તેઓ ભગવાનને કહેવા લાગ્યા, 'હે ભગવન, મારા શરીર પર ગમે તેટલું દુઃખ આવી પડો, શસ્ત્રના ઘાથી આ દેહના સો ટુકડા થઈ જાય તોયે હું બીવાનો નથી. હું તારાં ચરણ છોડવાનો નથી. દુઃખના પ્રસંગે તેં મારી બુદ્ધિ દૃઢ અને સાવધ રાખી. પ્રભો, તેં કેટલું સારું કર્યું! મેં કાંઈ અપરાધ કર્યો નહોતો. કાંટાથી ભરેલો રસ્તો હું સાફ કરવા ગયો હતો, પણ જાણે મારી ક્ષમા જોવા માટે જ હોય નહીં એ માટે તેં મને ગાળો ખવડાવી, કાંટાથી મરાવ્યો અને છેવટે ક્રોધમાંથી મને છોડાવ્યો એ કેટલું સારું કર્યું તેં! ખેર, મારાં સંચિત પ્રમાણે મને પ્રાપ્ત થયું. હવે દુર્જનનો સંગ બહુ થયો! મારું મન તારા ગુણો ગાતાં, સાંભળતાં તલ્લીન થઈ જાય એમ કર. દૂર દેશ ગયેલા દીકરાના શુભ સમાચાર સાંભળતાં માતાને જેમ આનંદ થાય છે અથવા નાદથી લુબ્ધ થયેલું હરણ પોતાનું દેહભાન ભૂલે છે અથવા કાચબાના બચ્ચાને મા તરફ જોતાં જે સ્થિતિ થાય છે તે પ્રમાણે હે ભગવન્, તારા ગુણો ગાતાં, સાંભળતાં મારા મનની સ્થિતિ થાઓ એ જ મારે તારાં ચરણોમાં માગવાનું છે.' આ પરથી તેમના મનમાં કેટલી ક્ષમાવૃત્તિ હતી તે જણાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંત તુકારામના અભંગમાં બીજી એક એવી જ વાત પ્રસિદ્ધ છે. દેહૂ ગામ પાસે લોહગામ નામનું એક ગામ હતું. ત્યાં શિવજી કંસારો નામનો એક માણસ તુકારામ મહારાજની સાધુતા જોઈને તેમના ભજનમાં જવા લાગ્યો. તેથી તેની સ્ત્રીને ચિંતા થવા લાગી. તેને લાગ્યું કે તુકારામના સંસારની જેવી સ્થિતિ થઈ તેવી મારી થશે. એ વિચારથી તેને તેના પતિ કરતાં તુકારામ મહારાજ પર અધિક ક્રોધ આવ્યો. તેણે એક દિવસે તુકારામને પોતાને ઘેર સ્નાન માટે બોલાવ્યા અને તેમને ઓટલાની નીચે બેસાડી ઘરમાંથી ઘણું ઊનું પાણી લાવીને એકદમ તેમના શરીર પર નાખ્યું! તે વખતે અચાનક ઊનું પાણી શરીર પર પડવાથી તેમને અતિશય દુઃખ થયું. પરંતુ આવા સમયે પણ એ સ્ત્રી પર ક્રોધ ન કરતાં આ સંત પુરુષે પરમેશ્વરની પ્રાર્થના કરી: 'હે ભગવન, આ દુઃખ સહન થતું નથી! મારી કાયા બધી બળી ગઈ. તું હવે શીતળ ઉપચાર કર. બધી રોમાવલી બળીને શરીરની હોળી થઈ. શરીર ફાટું ફાટું થાય છે. તું મારી મા છે. આવા છેવટના કઠણ પ્રસંગે હું તારા સિવાય કોની રાહ જોઉં?'

આવો કઠણ પ્રસંગ અને એ પ્રસંગે તુકારામ મહારાજની ક્ષમાવૃત્તિ, એ બંનેનો વિચાર કરીએ તો લાગે છે કે જે પ્રકારનો ઉપદેશ તે લોકોને કરતા હતા તે પ્રકારની પોતાની સ્થિતિ કરવાનો પ્રયત્ન તેઓ કરતા હતા. આવા મહાત્માઓ ધન્ય છે!

આ બધી સ્થિતિ તેમને કેવળ ઈશ્વરભક્તિથી જ પ્રાપ્ત થઈ હતી. પરમાત્મા વિષે તેમને અનન્ય ભાવ હતો. પરમાત્મા જ સર્વ જગતનો આધાર છે, પરમાત્મા જ સર્વશ્રેષ્ઠ છે, એવો તેમનો ભાવ હોવા છતાં તે આપણાં માબાપ છે ને આપણે તેનાં બાળકો છીએ એવો નિકટતાનો ભાવ પણ ઈશ્વર વિષે તેમના હૃદયમાં હતો. એથી બાળક જેમ માબાપ સાથે બોલે છે તે પ્રમાણે તેઓ પરમેશ્વર સાથે બોલતા. કોઈ વાર તેની સાથે પ્રેમળતાથી બોલતા તો કોઈ વાર તેનાથી રિસાતા, તેના પર ગુસ્સે પણ થતા. નિરાશાથી તેઓ તેના પર ચિડાતા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ હતા. આ બધા પ્રકારો તેમના અભંગો પરથી દેખાઈ આવે છે. ઈશ્વરની તેઓ માતા તરીકે પ્રાર્થના કરતાં કહે છે:

'હે ભગવન્, તું મારી માતા છે. હું તારો વત્સ છું અને તું મારી ગાય છે. બાળક પ્રમાણે, વત્સ પ્રમાણે હું તારી રાહ જોઉં છું. મોટો કે નાનો મારે તું એકલો જ છે. મારો પોતાનો કહી શકાય એવો એક તું જ છે. મારાં સગાંસંબંધી, મારો પ્રત્યક્ષ જીવ એવો તું જ મને છે. મારો સર્વ પ્રાણ મેં તારામાં જ રાખ્યો છે. તારા સિવાયની બધી દિશાઓ મને શૂન્ય છે.'

માતા-પિતા, મોટા-નાના, મિત્ર-સંબંધી બધું કાંઈ પરમાત્મા જ છે, એવો તેમનો ભાવ હતો. પરમાત્મા વિષે તેમનો કેટલો તીવ્ર અને નિકટતાનો ભાવ હતો, એ આ અને આવાં જ બીજાં વચનો પરથી જણાઈ આવે છે. આવી તીવ્ર ભાવનાનાં તેમનાં સેંકડો વચનો છે. આવો પ્રેમળતાનો ભાવ રાખતાં છતાં અને પરમેશ્વર માટે સર્વ-સ્વનો ત્યાગ કરતાં છતાં તેની પ્રાપ્તિ થતી નથી એવું જણાઈ આવ્યાથી તેઓ કહે છે:

'હે ભગવન્, મને દર્શન આપતાં, મારી સાથે એક બે વાત કરતાં તારે શું ખર્ચ કરવું પડે છે? તારું રૂપ ઘણું સુંદર છે તો તે હું કાંઈ ચોરી લઈશ એવા ભયથી તું લપાઈ રહ્યો છે? દર્શન આપીશ તો તારી સાથે વૈકુંઠ આવવાની હું હઠ કરીશ એવો તને ભય લાગે છે શું? અરે, તું કેમ બીએ છે? મને તારા વૈકુંઠની શી જરૂર? તું ભય ન રાખ, મને ભેટ. તારા સૂતરના એક ધાગાનીયે મને અપેક્ષા નથી, પણ માત્ર તારા દર્શનની ઇચ્છા છે.' પરમાત્માને પોતાના તરફથી નિઃસંકોચ અને નિઃશંક કરવાની તેમની આ કેટલી બધી ઉદાત્ત કલ્પના અને ભાવના!

અનેક રીતે પરમેશ્વરની પ્રાર્થના કરીને, વૈરાગ્યથી રહીનેયે તેનું દર્શન થતું નથી, એ જોઈને તેઓ નિરાશ થતા અને એ નિરાશામાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેઓ ઈશ્વર પર ગુસ્સે થઈ જતા, તેના પર ચિડાઈ જતા. તેમના તે ગુસ્સામાંયે કેટલો અગાધ પ્રેમ ભરેલો હતો! તેઓ કહેતા :

'હે ભગવન્, તારી સાથે સંબંધ કરવો એ જ મોટી ભૂલ છે! તું હાથપગ વગરનો ઠૂંઠો છે. તારું શું લેવાનું? તારી સાથે સંબંધ કરવો એટલે આપણું પોતાનું જે હોય તે ગુમાવી બેસવાનું. તો પછી તારી પાસેથી કંઈ પણ મેળવવાની વાત જ શી કરવાની? જે વ્યવહારમાં મુદ્દલ – મૂળ રકમ હાથમાં આવવાની ન હોય ત્યાં મરતાંયે વ્યાજ મળે ક્યાંથી? એવી આખા જગતમાં તારી વાયકા છે. તને નહીં શરમ, નહીં વિચાર. તું નિર્લજ્જ છે. બજારના લોકો પ્રમાણે તું ટંટો કરનારો છે. આવો તારા જેવો ટંટો કરનાર જે નિર્લજ્જ થશે તેની સાથે તારો ભેટો થશે, તેને તું મળીશ. તેની સાથે તારી મુલાકાત થવાની. સર્વસ્વનો ત્યાગ કરીને ફક્ત લંગોટી અમે રાખી તો તેયે તારાથી સહન થતું નથી. અમારી પાસેથી અમારું બધું લઈ લેનારો તું ચોર છે અને આ બાબતમાં તને પોતાનાનો અને પારકાનો ભેદ નથી. સર્વસ્વ લૂંટી લેવું એ જ તારો ધંધો; તું પોતે ચોર. તું અમને શું આપનાર? તારી પાસેથી શું મળવાનું?' આ તેમનાં ઉદ્ધત વચનોમાં અને નિંદામાં પણ કેટલો પ્રેમ ભરેલો છે!

પ્રભુને વળી તેઓ કહે છે કે, 'તું શાનો ઉદાર? તારામાં ઉદારતા છે જ ક્યાં? તું કેવળ લઈ જાણે છે. તારી પાસેથી મળવાનું તો કાંઈ જ નહીં. પણ શું કરીએ? તારા સિવાય ગતિ નથી; એટલે તારી પાછળ લાગીએ છીએ. તેમાંયે તું કેવળ અમારું મન રોજ કસીને જુએ છે. પણ તું ગમે તે કર, અમે તારા પરની નિષ્ઠા ઢળવા દેવાના નથી.' વળી તેઓ કહે છે :

'પ્રભો, તું મારું મન જોઈએ તેટલું કસીને જો — પરીક્ષા કરી જો; પણ મારું ચિત્ત તારાં ચરણ પાસેથી જરાયે ઢળનાર નથી. તું મારું માથું કાપીને માગ. તેયે હું તને નિઃસંકોચ આપીશ. હું કૃપણ છું કે ઉદાર, એ તું જોઈ લે! મારા પર ઘણના ઘા મારીને જો. હું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તારાં ચરણ છોડનાર નથી. તારા સિવાય છેવટે ગતિ નથી એ અમે સમજ્યા છીએ.' કેટલી દૃઢ નિષ્ઠા આ અને કેવો અડગ નિશ્ચય આ !

એકાંતમાં જઈને તેઓ ભજન કરતા. એક વખત આમ ભજન કરતા હતા એવામાં પાસેના એક ખેડૂતે આવીને તેમને કહ્યું : " મહારાજ, તમે અહીં ભજન કરો છો, તો બેઠા બેઠા મારી ખેતીનું રક્ષણ કરશો, પક્ષીઓ વગેરે ખેતર પર આવે છે તે હાંકશો તો મારુંયે કામ થશે. હું એ દિવસ બહારગામ જઈ આવીશ અને તમનેય કાંઈ આપીશ. ખેતરે બેસીને ત્યાં જ ભજન કરશો એટલે થયું. " તુકારામ મહારાજે એ કબૂલ કર્યું. ખેડૂત બહારગામ ગયો. તુકારામ દરરોજ ખેતર પર જઈને બેસવા લાગ્યા, ત્યાં જ ભજન વગેરે કરવા લાગ્યા. ખેતરમાં અનાજનાં કણસલાં તૈયાર થયાં હતાં. પક્ષીઓ આવીને ત્યાં બેસવા લાગ્યાં અને કણસલાંમાંથી દાણા ખાવા લાગ્યાં. આ વાત તરફ તેમનું લક્ષ જતાં તેમને લાગ્યું : પક્ષીઓને કેવો આનંદ થાય છે ! બિચારાં ભૂખ્યાં પ્રાણીઓ પેટ પૂરતું ખાય છે; ઘેર કાંઈ લઈ જતાં નથી. કેટલાં નિર્લોભી છે ? પેટ તો આપણને છે તેમ તેમનેય છે. આવા વિચારથી તેમણે પક્ષીઓને ઉડાડયાં નહીં. આજુબાજુના ખેડૂતો પોતાના ખેતરમાં પક્ષીઓને જરાયે બેસવા દેતા ન હતા. તેથી પક્ષીઓનાં ઝૂંડનાં ઝૂંડ આ ખેતર પર આવીને બેસવા લાગ્યાં. થોડા જ દિવસોમાં ખેતર લગભગ સાફ થઈ ગયું. ખેડૂત બહારગામથી પાછો ફર્યો. જુએ છે તો ખેતરની આ દશા ! તેને તુકારામ મહારાજ પર ક્રોધ ચડયો; અને તેણે તેમને સારી પેઠે સંભળાવ્યું. તેમને ખેતર સોંપવા બાબત તે હવે પશ્ચાત્તાપ કરવા લાગ્યો. છેવટે તેને બુદ્ધિ આવી. જેણે પોતાનો સંસાર સંભાળ્યો નહીં તે બીજાનું ખેતર શું સંભાળે ? આ બુદ્ધિ તેને પાછળથી સૂઝી. પરંતુ થયેલા નુકસાન માટે તેને ક્રોધ તો આવ્યો. તેણે તુકારામ મહારાજને દુઃખ પણ દીધું. પણ ઈશ્વરકૃપાથી આ સંકટમાંથી તેમનો છૂટકો થયો અને સંતને દુઃખ દીધું એ માટે તેને પશ્ચાત્તાપ થયો.

એક વાર તેઓ સહજ રીતે એક રસ્તે થઈને જતા હતા. ત્યાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પક્ષીઓ દાણા ખાતાં હતાં, તે તેમને જોઈને ઊડી ગયાં. તેમને આ વાતથી ઘણું દુઃખ થયું. તેમને મનમાં આવ્યું, 'મારા ચિત્તમાં આ પક્ષીઓ માટે સમભાવ હોત તો તેમને મારો ભય લાગ્યો જ ન હોત. હું માત્ર સમભાવની વાતો જ કરું છું. પરંતુ મારામાં સમભાવ નથી!' ચિત્તમાં સમભાવ આવ્યા વગર અહીંથી ઊઠવું જ નથી, એવો નિશ્ચય કરીને તેઓ ત્યાં જ બેઠા. તે પ્રસંગે તેઓ જે અભંગ બોલ્યા તે —

अवघीं भूतें साम्या आलीं । देखिलीं म्यां कैं होती ॥ १ ॥
विश्वास तो खरा मग । पांडुरंगकृपेचा ॥ २ ॥
माझी कोणी न धरो शंका । विश्व हो कां निर्द्वंद्व ॥ ३ ॥
तुका ह्मणे जें जें भेटे । तें तें वाटे मी ऐसें ॥ ४ ॥

'સર્વ ભૂતો વિષે સમાન ભાવ મારા ચિત્તમાં આવેલો મારા પ્રત્યક્ષ અનુભવમાં આવશે ત્યારે જ પાંડુરંગની કૃપા મારા પર થઈ છે એવો વિશ્વાસ – એવો પ્રત્યક્ષ અનુભવ મને થશે. કોઈનેયે મારા વિષે શંકા ન આવો. સઘળું વિશ્વ મને નિર્દ્વન્દ્વ થઈ જાઓ અને જે જે કોઈ મને મળશે તે તે હું જ છું એમ મને લાગો. આવી સામ્યાવસ્થા આવશે ત્યારે જ પાંડુરંગની કૃપા થઈ છે એમ મને લાગશે.'

સમભાવ પ્રાપ્ત થવો એ જ સાચી પરમેશ્વરી કૃપા, એવી તેમની શ્રદ્ધા હતી. ઈશ્વરી કૃપા – સમભાવ સાધવા માટે તેઓ ઇચ્છતા હતા. પોતાના અંતિમ કલ્યાણ માટે જે ઈશ્વરી કૃપાની ઇચ્છા કરે છે, એ જ ખરો સંત, એ તુકારામ મહારાજની અનેક વાતો પરથી સ્પષ્ટ જણાય છે.

સ્વતઃ સાધુવૃત્તિથી રહીને લોકોને તે પ્રમાણે રહેવાનો ઉપદેશ તેઓ આપતા. ઈશ્વરભક્તિ, નીતિ, વેદાંતજ્ઞાન, નિર્વ્યસનીપણું, સંયમ, સાદાઈનો ઉપદેશ તેઓ અભંગ દ્વારા લોકોને કરતા. તેમની અત્યંત વિરક્ત અવસ્થા, તેમની ક્ષમાવૃત્તિ, નિર્દંભ વર્તન, ઈશ્વરપ્રેમ, બધા પ્રત્યે સમભાવ, ગરીબોનું દુઃખ નિવારણ કરવાની તેમની તીવ્ર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઇચ્છા અને તે પ્રમાણેનું તેમનું વર્તન, પોતાનું અને પારકું એવા ભેદભાવ રહિત તેમનું આચરણ વગેરે તેમના અનેક દિવ્ય ગુણો જોઈને, અનેક વિકટ પ્રસંગોમાં તેમની સત્યનિષ્ઠાની અનેક કસોટી જોઈને લોકો તેમના ભજનમાં આવવા લાગ્યા. તેમનો અક્રોધ, કોમળતા, શાંતિ અને નિરપેક્ષતા જોઈને લોકો તેમને દેવ જેવા જ માનવા લાગ્યા. તેમનો ઉપદેશ હજારો માણસો સાંભળવા લાગ્યા. તેમના ઉપદેશનો પ્રભાવ લોકો પર અત્યંત પડવા લાગ્યો. લોકોને સત્યધર્મ સમજાવવા લાગ્યો. ઈશ્વરભક્તિ, દયા, સત્ય, સંયમ, નામસ્મરણ એ બધાંનું માહાત્મ્ય લોકોને સમજાવા લાગ્યું. વર્ણનો ઊંચનીચભાવ સમાજમાંથી ઓછો થવા લાગ્યો. તેમના અભંગોનાં ચરણ સિદ્ધાંતરૂપે લોકોમાં પ્રચલિત થવા લાગ્યાં. આબાળવૃદ્ધ, સ્ત્રી પુરુષ, શિક્ષિત અશિક્ષિત, સ્પૃશ્ય અસ્પૃશ્ય બધાંને તેમના અભંગો માન્ય થવા લાગ્યા. આવી રીતે તેમની અને તેમના અભંગોની ખ્યાતિ તે વખતે સર્વત્ર પ્રસરી ગઈ.

તેમના જીવનમાં એક કાળ એવો ગયો કે જ્યારે લોકો તેમને ગાંડા સમજીને તેમની નિંદા કરતા હતા. તે વખતે પણ તેમણે જગતની પરવા કર્યા વગર પોતાનો માર્ગ છોડ્યો ન હતો. પોતાનું મન શાંત રાખ્યું હતું. ત્યારે તે જગતને ઉદ્દેશીને કહેતા : काय माझे नेति वाईट ह्मणोन । करूं समाधान कशासाठीं ।। — 'મને ખરાબ કહીને લોકો મારું શું ખરાબ કરનાર છે? તો પછી હું પરમેશ્વરને છોડીને તેમનું સમાધાન કરતો રહું?' આવી એક પરમાત્મા ઉપરની જ નિષ્ઠાને પરિણામે લોકો તેમના તરફ વળ્યા. પહેલી સ્થિતિ બદલાઈ ગઈ. લોકો તેમને દેવ પ્રમાણે પૂજ્ય માનવા લાગ્યા, તોયે તેમણે પોતાની સ્થિર વૃત્તિ કાયમ રાખી. નિંદા સ્તુતિ, અપમાન અને પૂજ્યતા એ બંનેમાં સંતની સ્થિતિ કેવી હોય છે એ તેમણે પોતાના ઉદાહરણથી બતાવી આપ્યું. લોકો તેમને દેવ માનવા લાગ્યા, ત્યારે તેઓ પરમેશ્વરને કહે છે:—

'હે પ્રભો, લોકો મને દેવ કહે છે, પણ આ તો ખુલ્લો અધર્મ મને લાગે છે. હવે તને યોગ્ય લાગે તે તું મારું કર. મારું માથું તેમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ છરી તારા હાથમાં છે. લોકો પૂજા કરે છે તે અધિકારને હું લાયક નથી. હે માબાપ પ્રભો, મારું મન મારાં પાપ જાણે છે. હું આ અધિકારને પાત્ર ક્યાંથી હોઉં ?' કેટલી નિરહંકારી અને સરળ વૃત્તિ આ !

તુકારામ મહારાજ માટે લોકોના મનમાં પૂજ્યતા વધતી ચાલી તોયે તે પોતે નિરહંકારી જ હતા. તેમને તે પૂજ્યતા દુઃખરૂપ લાગતી હતી. તેમના ઉપદેશનું પરિણામ લોકો પર થવા લાગ્યું. નામસ્મરણનો માર્ગ બધા વર્ણો માટે ખુલ્લો છે, પરમેશ્વરને ઘેર ઊંચનીચનો ભેદ નથી અને પરમેશ્વરને ભક્તિ સિવાય, પ્રેમ સિવાય બીજું કાંઈ પ્રિય નથી. આ તેમનો ઉપદેશ બધા લોકોને માન્ય થવા લાગ્યો. પણ આ જ કારણથી તેમના પર એક મહાન સંકટ આવી પડ્યું.

ચાતુર્વર્ણ્યના અગ્રણી બ્રાહ્મણોમાંથી કેટલાકને તુકારામ મહારાજનો આ ઉત્કર્ષ અને તેમનું આ પ્રકારનું વધતું જતું માહાત્મ્ય સહન થયાં નહીં. તેમને તુકારામની ઈર્ષા આવવા લાગી. ઉપદેશ કરવાનો તુકારામનો આ ક્રમ આ પ્રમાણે ચાલુ રહે, તો વૈદિક ક્રિયાકાંડ પર અને ચાતુર્વર્ણ્ય વ્યવસ્થા પર લોકોનો વિશ્વાસ જ જતો રહેશે, એવો તેમને ભય લાગવા માંડ્યો.

સમાજમાં આવા પ્રકારના માણસો જ્યારે જ્યારે નિર્માણ થાય છે અને તેમણે સાદી સહેલી ભાષામાં સત્ય પ્રકટ કર્યું હોય છે અને સત્ય ધર્મ લોકોને કહ્યો છે, ત્યારે ત્યારે ધર્મનો સંપૂર્ણ અધિકાર પોતાની પાસે છે એવું માનનારો, રૂઢિપ્રણિત વાતો, ક્રિયાઓ અને માન્યતાઓને જ ધર્મ સમજનારો તથા પરંપરાથી ધાર્મિક આગેવાની જેમને પ્રાપ્ત થઈ હોય છે એવા લોકોનો વર્ગ આવા સંત પુરુષોનો વિરોધ કરતો હોય છે. આવા વિરોધીઓને ધર્માધર્મની પરવા હોય છે જ એવું નથી. રૂઢ ધર્મકલ્પના બદલાઈ જાય તો સમાજમાંનું પોતાનું નેતૃત્વ જતું રહેશે અને માન, પ્રતિષ્ઠા, અર્થપ્રાપ્તિ વગેરે બધી બાજુએથી પોતાને નુકસાન થશે એ કલ્પનાથી, વિશેષે કરીને એ ભયથી જ, તેમને સંતપુરુષોનો વિરોધ કરવો પડે છે. પોતાનું શ્રેષ્ઠપણું જતું રહે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે અથવા પોતાને અર્થહાનિ થાય છે વગેરે ઐહિક કારણો વિરોધ કરવા માટે તેઓ બતાવતા નથી; એટલે ધર્મના નામે તેઓ બધો વિરોધ બતાવે છે. આવા જ કારણે મહાન સાધુ સૉક્રેટિસને ઝેરનો પ્યાલો પીવો પડ્યો, ઈશુ ખ્રિસ્તને શૂળી પર ચડવું પડ્યું, ગુરુ તેગ બહાદુરની ગરદન પર તલવારની ધાર પડી અને માર્ટિન લ્યૂથર તથા સંત એકનાથ સરખા કેટલાકોની પજવણી થઈ. આ વિરોધ, આ ઝઘડો ધર્મના નામ પર ચાલે છે, પણ તે ધર્મનો નથી હોતો. આ વિરોધ, આ ઝઘડો એક તરફથી ધર્મ અને બીજી બાજુથી ઐહિક લાભ, માન, પ્રતિષ્ઠા, સત્તા, અર્થપ્રાપ્તિ વચ્ચેનો હોય છે.

સંત તુકારામ પર આ જ કારણે એક કહણ પ્રસંગ આવ્યો. તુકારામ મહારાજ અબ્રાહ્મણ છતાં ઉપદેશ દે છે; ઉપદેશ આપવાનું કામ તો બ્રાહ્મણોનું. વળી તેમના ઉપદેશમાં વેદાંતનો અર્થ નીકળે છે. એ વેદાંત સ્પૃશ્ય અસ્પૃશ્ય બધી હીન જાતિઓને તેઓ કહે છે. આ મહાન અધર્મ તેમના હાથે થાય છે એમ વિરોધી બ્રાહ્મણો કહેવા લાગ્યા. બ્રાહ્મણો તેમને કહેતા, "તું હીન જાતિનો; તું લોકોને વેદાંત કેમ કહે છે? તને અધિકાર નથી. વેદાંત કહેવાનો અધિકાર અમારો છે." તુકારામ મહારાજ એ પર કહેતા: वेदाचा अर्थ तो आह्मांसीच ठावा । येरांनीं वाहावा भार माथां ॥ — 'વેદોનો અર્થ અમને જ સાચો ખબર છે, બીજાઓને તે અર્થ કાંઈ સમજાતો નથી. તેમણે વેદોનો માત્ર ભાર માથા પર વહન કરવો.' આવા પ્રકારના ઉત્તરો તુકારામ તેમને આપતા; તેથી બ્રાહ્મણોને તેમના પર ક્રોધ આવતો.

પોતે બ્રાહ્મણ નથી પણ કણબી છે અને દેવે પોતાને કણબી બનાવ્યો તે માટે તેમને સંતોષ રહેતો. પરમેશ્વરને તેઓ કહેતા:

'હે પ્રભો, તેં મને કણબીમાં જન્મ આપ્યો એ કેટલું સરસ કર્યું છે! નહીં તો હું દંભમાં જ મરી ગયો હોત. ઊંચ વર્ણમાં મને જન્મ ન આપતાં હીન વર્ણમાં મને જન્મ આપ્યો એમાં તેં મારું કેટલું ભલું કર્યું છે! હું નાચું છું અને તને પગે લાગું છું. મને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેની શરમ લાગતી નથી. મને કાંઈ વિદ્યા નથી એ સારું થયું. કારણ કે વિદ્યા હોત તો તે મારા અપાયનું કારણ થાત. સંતસેવા મારાથી થઈ ન હોત અને મારી નકામી હાનિ જ થઈ હોત. ગર્વ, ઘમંડ, અહંકાર અને મોટાઈને લીધે યમપંથે માત્ર લાગ્યો હોત. મોટાઈ અને તેના અભિમાનથી નરક સિવાય બીજું શું પ્રાપ્ત થાત? આ બધા અનર્થોમાંથી બચાવવા માટે તેં મને કણબી કર્યો એ કેટલું સારું કર્યું!'

આ પ્રાર્થનામાં જ બ્રાહ્મણોના આક્ષેપોનો જાણે ઉત્તર દેવાતો હતો. બ્રાહ્મણો કહેતા: 'ઉપદેશ આપવાનો અધિકાર અમારો છે, કારણ અમે બ્રાહ્મણ છીએ.' તુકારામ કહેતા: 'તમે જ બ્રાહ્મણ શાના? જે વૈષ્ણવ છે તે બ્રાહ્મણ જ છે. જે રામકૃષ્ણનું નામસ્મરણ કરે છે, જે પરમેશ્વરનું ચિંતન કરે છે, શાંતિ દયા ક્ષમા જેનામાં છે, કહણ પ્રસંગે જે અડગ ધૈર્યવાન છે એવો અંત્યજ પણ બ્રાહ્મણ છે. ब्राह्मण तों याती अंत्यज असतां। मानावा तत्वतां निश्चयेसों ।। આવો અત્યંજ પણ બ્રાહ્મણ છે. અને તમે તો બ્રાહ્મણ કેવા? મહારના — અંત્યજના સ્પર્શથી તમને ક્રોધ આવે છે. તમે બ્રાહ્મણ શાના? તમને ક્રોધ આવે છે એ માટે દેહત્યાગ સિવાય તમને પ્રાયશ્ચિત્ત નથી. કામ ક્રોધ એ જ ખરા ચાંડાળ છે. એવાનો સ્પર્શ પણ થવો ન જોઈએ; એને તો તમે હૃદયમાં સંઘર્યા છે. જેના હૃદયમાં ક્રોધનો — ચાંડાળનો સંગ તે એ જ જાતિનો સમજવો જોઈએ. હૃદયમાં ચાંડાળની સોબત; તમે બ્રાહ્મણ શાના?'

આવા પ્રકારના તેમના ઉત્તરથી અને અભંગોથી વિરોધીઓ વધારે ચિડાયા. તેમણે રામેશ્વર ભટ્ટ નામના એક દશગ્રંથી બ્રાહ્મણને પોતાનો આગેવાન બનાવ્યો અને તુકારામના આવા અધર્મનો કાંઈક પ્રતિકાર કરવાનો પ્રયત્ન ચલાવ્યો. રામેશ્વર ભટ્ટે તુકારામ મહારાજને સભામાં બોલાવી મંગાવ્યા અને કહ્યું: "તું શૂદ્ર છે; તને ધર્મનો ઉપદેશ આપવાનો અધિકાર નથી. તારા અભંગમાં વેદોનો અર્થ હોય છે અને તું તે સ્ત્રી, શૂદ્ર, અંત્યજ એ સૌને કહે છે. આ તારો અપ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાખ છે. તું આજથી ઉપદેશ ન કર અને આજ સુધી જે અભંગ તેં કર્યા છે એ બધા ડુબાડી દે."

તુકારામ મહારાજે આ આજ્ઞા માન્ય કરી. આજ સુધી જેટલી કવિતાઓ કરી હતી તે સર્વ અભંગોમાં જ કરી હતી. પરમેશ્વરની પ્રાર્થના, લોકોને ઉપદેશ વગેરે બધું તેમાં જ હતું. તે બધા અભંગો — તેમની બધી વહીઓ તેમણે ઇંદ્રાયણી નદીના ધરામાં ડુબાડી દીધી. તેથી તેમને ઘણું દુઃખ થયું. નદી પરથી તેઓ પાછા આવ્યા. ઘેર ન જતાં મંદિરમાં ગયા અને ત્યાં મંદિરની બહાર એક પથ્થર પર આંખો બંધ કરીને પડી રહ્યા. કેટલાક અભાવિક લોકો હતા જ. તુકારામ મહારાજ જ્યારે આવી સ્થિતિમાં હતા ત્યારે એ લોકો તેમની પાસે આવીને બોલવા લાગ્યા : "કેમ તુકોબા, પહેલાં દસ્તાવેજો ડુબાડીને સંસાર ડુબાડ્યો. ઈશ્વરભક્તિની પાછળ લાગીને અભંગ બનાવ્યા હતા તે પણ હવે ડુબાડ્યા. સંસાર અને પરમાર્થ એ બંને ડુબાડ્યા. જન્મીને સાધ્યું શું ? અમે પ્રથમથી તમને કહેતા હતા કે, જે ઈશ્વરની પાછળ લાગ્યો તે બધી રીતે ડૂબ્યો એમ સમજવું." લોકોના આવા પ્રકારના બોલથી તુકારામના મનમાં ઘણું કષ્ટ અને ઉદ્વેગ વધવા લાગ્યાં. આખું જીવન વ્યર્થ ગયું એમ લાગવા માંડ્યું. એ જ સ્થિતિમાં તેઓ પથ્થર પર આંખો બંધ કરીને તેમ ને તેમ સ્તબ્ધ પડી રહ્યા. મોઢામાંથી વિઠ્ઠલનું નામ નીકળતું હતું; એટલી જ ફક્ત પ્રાણ હોવાની નિશાની હતી. આખરે તેરમા દિવસે ગામમાં ખબર પડી કે અભંગની વહીઓ નદીમાં પાણી પર તરે છે. ભાવિક લોકો આવીને તુકારામ મહારાજને આ વાત કહેવા લાગ્યા. ડુબાડેલા અભંગો ફરીને બહાર આવ્યા અને તેમને પાછા મળ્યા. તે વેળાએ તેમને કદાચિત સમાધાન લાગ્યું હશે. પણ પાછળથી તરત જ તેમને પોતાના ઉદ્વેગ માટે ઘણું દુઃખ થયું. તેમને પશ્ચાત્તાપ થયો. આ વખતે જે અભંગ તેમના મોંમાંથી બહાર આવ્યા તે અત્યંત હૃદયસ્પર્શી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. તેમનાં થોડાંક વચનો પરથી જ આપણને કલ્પના આવશે કે આ વાત માટે તેમને કેટલો પશ્ચાત્તાપ થયો હતો.

थोर अन्याय केला । तुझा अंत म्यां पाहिला ।
जनाचिया बोलासाठीं । चित्त क्षोभविलें ।। १ ।।
भागविलासी केला सीण । अधम मी यातीहीन ।
झांकूनी लोचन । दिवस तेरा राहिलों ।। २ ।।
अवघें घालूनियां कोडें । तान भूकेचें सांकडें ।
योगक्षेम पुढें । तुज करणें लागेल ।। ३ ।।
उदकीं राखिले कगद । चुकविला जनवाद ।
तुका ह्मणे ब्रीद । साच केलें आपुलें ।। ४ ।।

'પ્રભો, મેં મોટો અન્યાય કર્યો. મેં તારો અંત જોયો. લોકોના કહેવા પરથી મેં મારા ચિત્તમાં ક્ષોભ ઉત્પન્ન કર્યો. મેં તને કેટલું કષ્ટ આપ્યું ! તને કેટલો શ્રમ આપ્યો ! હું કેટલો અધમ, કેટલો જાતિહીન ચાંડાળ ! મારી ભૂખ તરસનું બધું સંકટ તારા પર નાખીને આંખો બંધ કરીને તેર દિવસ રહ્યો અને તારા પર બધો યોગક્ષેમ ચલાવવાનું નાખ્યું. તને મેં કેટલી મૂંઝવણમાં નાખ્યો ! મારો અન્યાય કેટલો મોટો છે ! પણ તેં તારું બિરુદ સાચું કર્યું. પાણીમાં કાગળનું રક્ષણ કર્યું અને લોકાપવાદ વ્યર્થ કર્યો.'

વળી તેઓ કહે છે: 'મારા માથા પર કંઈ છરી આવી ન હતી. મારી પીઠ પર કાંઈ શસ્ત્રના ઘા પડતા ન હતા કે મેં આટલું આક્રંદ કર્યું ! મારું રક્ષણ કરવા માટે મારી પાસે અને કાગળનું રક્ષણ કરવાને ધરામાં એમ મેં બે કેકાણે તારા જાણે બે ભાગ કર્યા. પરંતુ તેં દયાળુએ બે સ્થાનમાંથી અહીં કે ત્યાં કયાંયે આઘાત લાગવા દીધો નહીં. માબાપ પણ થોડા અપરાધ માટે પ્રાણ લે છે, પણ તેં મારા કેટલા અપરાધ સહન કર્યા ! તેં મારે માટે કેટલું સહન કર્યું ! આ બધું સહન કરનારો એક તું જ એ જાણે છે. તારા જેવો દાતા કોણ છે? મારી વાણી કુંઠિત થાય છે.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'હે ભગવન્, હવે મારી કોઈ ગરદન કાપી નાખે, દુર્જન ભલે મને પીડા આપે; પણ તને શ્રમ થાય, કષ્ટ પડે એવું હું કદી પણ કરીશ નહીં. આ ચાંડાળે એક વાર અપરાધ કર્યો. તેર દિવસ તને પાણીમાં ઊભો રાખીને મેં મારી વહીઓ તારી પાસે રખાવી. મેં વિચાર કર્યો નહીં. મારો અધિકાર કેટલો ? તારા જેવા સમર્થ ઉપર મારે ભાર શા માટે નાખવો ? પ્રભુ, મને એક વાર ક્ષમા કર. હું હવે પછી સાવધ રહીશ.'

'પ્રભુ, તું માતા કરતાં મમતાળુ છે, તું ચંદ્ર કરતાં શીતળ છે, તું પાણી કરતાં પાતળો છે, તું પ્રેમનો કલ્લોલ છે. તને હું શાની ઉપમા આપું ? તારા નામ પર ઓવારણાં લઉં છું. તેં મધુર અમૃત નિર્માણ કર્યું છે; પરંતુ તું પોતે તેના કરતાંયે મધુર છે. તું પાંચ તત્ત્વનો કર્તા, સર્વસત્તાનાયક છે. હું હવે કાંઈ બોલતો નથી. તારાં ચરણો પર શાંતિથી મસ્તક રાખું છું. મારા અપરાધ ક્ષમા કર.'

આ અર્થના અભંગો તેમના મોંમાંથી તે વખતે નીકળ્યા. આ બધા અભંગો મૂળમાં જ વાંચીને સમજવાથી તેમનો પ્રભાવ સમજાયા વગર રહેતો નથી.

પાણીમાંથી અભંગ બહાર આવ્યા; એટલે રામેશ્વર ભટ્ટને ઘણું દુઃખ અને પશ્ચાત્તાપ થયાં. બનેલી હકીકત માટે તેને મનમાં તાલાવેલી થવા લાગી. તે તુકારામ મહારાજને શરણે આવ્યો. તે વખતે તેમણે તેને ઉપદેશ આપ્યો: 'ચિત્ત શુદ્ધ હશે તો શત્રુ મિત્ર થશે, વાઘ કે સાપ તેને ખાશે નહીં. વિષ તેને અમૃત જેવું થશે. આઘાત હિતરૂપ થશે. ન કરવી જોઈએ એવી વાત, ન કરવું જોઈએ એવું આચરણ તેની સાથે કોઈ કરે તોયે તેને તે લાભકારક જ થશે. દુઃખ પણ તેને સર્વ સુખફળ આપશે. અગ્નિજ્વાળા તેને શીતળ થઈ જશે. બધાં પ્રાણીઓને તે પોતાના જીવ જેવો પ્રિય લાગશે. બધાના અંતરમાં તેને વિષે સદ્ભાવ લાગવા માંડશે. પરમાત્મા કૃપા કરશે તો આ અનુભવ પ્રત્યક્ષ થઈ શકશે.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ અભંગમાં કેટલું સામર્થ્ય છે! પજવણી કરનાર રામેશ્વર ભટ્ટ તેમનો કાયમનો અનુયાયી થયો — એકનિષ્ઠ ભક્ત થયો. તેના મનની તાલાવેલી શાંત થઈ અને સંસારના બધા તાપમાંથી તે કાયમનો મુક્ત થયો.

શિવાજી મહારાજે સંત તુકારામના સાધુત્વની ખ્યાતિ સાંભળી પોતાના દીવાન સાથે નજરાણું, પોશાક, પાલખી, છત્રી, ઘોડા વગેરે મોકલીને ઘણા સન્માનથી તેમને આમંત્રણ મોકલ્યું. પણ તેમણે તેમાંથી એકે વસ્તુ લીધી નહીં. તે બધું પાછું મોકલ્યું. રાજા પાસે ન જતાં પરમેશ્વરને પ્રાર્થના કરી:—

'મશાલ, છત્રી, ઘોડા એ બધું માન એ કાંઈ સારું કરનારી વસ્તુઓ નથી; એમાં કાંઈ કલ્યાણ નથી. પ્રભુ, તું મને આમાં કેમ ગૂંચવે છે? માન, દંભ આ બધી ચેષ્ટા ડુક્કરની વિષ્ટા જેવી છે. પ્રભુ, મને આમાંથી છોડાવવા દોડીને આવ.'

દીવાન સાથે રાજા શિવાજીને સંદેશો અને ઉપદેશ આપ્યો: 'તમે અમારે માટે આ શું મોકલ્યું? અમને પરમાત્મા સિવાય બીજા કશાની જરૂર નથી. અમને પથ્થર આપીને તેના બદલામાં અમારો પારસમણિ લેવાની તમારી ઉદારતા અમે સમજ્યા. જીવ – પ્રાણ આપવો પડે તોયે મારા વચનમાં ફેરબદલી થશે નહીં. ધન અને ગોમાંસ અમને સમાન છે.'

'તમે રાજા છો. પણ અમને રાજા અને કીડી બંને સરખાં છે. કારણ કે અમારા ચિત્તમાંથી મોહ અને આશા નીકળી ગયાં છે. મોહ અને આશા એ કળિકાળનો ફાંસો છે. સોનું અને માટી અમને સમાન છે. અમારી પાસે ધન શા માટે મોકલ્યું? અમારે ઘેર કોઈ પણ ચીજની ઊણપ નથી. અમારા ઘરમાં આખું વૈકુંઠ ભરેલું છે. રાજગૃહમાં માનની આશાએ આવવું; પણ એવી આશા અમને નથી. અમે તમારી પાસે એક જ અપેક્ષા રાખીએ છીએ; પરમેશ્વરનું નામસ્મરણ કરો અને સદ્ધર્મથી જ ચાલો એટલું જ.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવી જાતનો સંદેશો રાજા શિવાજીને મોકલ્યો. બધું દ્રવ્ય અને માનમરતબાનાં બધાં ચિહ્નો પાછાં મોકલી દીધાં. એકાદો સંન્યાસી, જંગલમાં રહેનારો એકાકી માણસ દ્રવ્ય ન સ્વીકારે, તેનો ત્યાગ કરે, એ વિશેષ વાત નથી. પરંતુ તુકારામ જેવા જેને સ્ત્રીપુત્રાદિ પરિવાર છે અને જેના ઘરમાં ગરીબી છે તેઓ સન્માનપૂર્વક ઘેર ચાલી આવેલા રાજદ્રવ્યનો — સત્કારનો સ્વીકાર ન કરે, એ ખરેખર આશ્ચર્યકારક વાત છે. જગતમાં આવાં અલૌકિક ઉદાહરણો ભાગ્યે જ મળી શકે એમ લાગે છે. આ ઉપરથી તુકારામ મહારાજની નિરપેક્ષતાની કસોટી થઈ. તેમના હૃદયમાં ઈશ્વરભક્તિને લીધે કેટલો સંતોષ ભરેલો હતો તે આ વાત પરથી સ્પષ્ટ સમજાય છે.

નામસ્મરણ, એકેશ્વરી નિષ્ઠા, પરમાત્મા વિષે વ્યાકુળતા, સત્યપરાયણતા ઇત્યાદિ સાધનોથી તેમણે છેવટે અદ્વૈતસિદ્ધિનો અનુભવ લીધો. તેમની સાધનામાં તેમને આખરે સિદ્ધિ મળી, ત્યારે તે વખતે તે પ્રકારના ઉદ્‌ગારો તેમના મોંમાંથી નીકળવા લાગ્યા : —

धवळलें जगदाकार । आंधार तो निरसला ॥१॥
लयीं जातां नाहीं ठाव । प्रगट पाहें पसारा ॥२॥
खरियाचा दिवस आला । वाढी बोला न पुरे ॥३॥
तुका ह्मणे जीवें साठीं । पडिली मिठी घुरेसी ॥४॥

'સર્વ જગત ઉજ્જવળ થયું. હવે અંધારું ક્યાંયે રહ્યું નહીં. હવે છુપાઈ જવા માટે જગ્યા જ રહી નથી. અંધારું જ નથી તો સંતાવાનું ક્યાં? સર્વત્ર પરમાત્મા જ ભરેલો છે — બધે જ તેનો પ્રગટ પસારો છે, વિસ્તાર છે. સત્યનો સતત વધનારો દિવસ આવ્યો; હવે રાત્રિ આવવાની જ નથી. જ્ઞાનના દિવસે રાત્રિ ક્યાં? જ્ઞાનનો દિવસ એટલો વધ્યો કે શબ્દોથી તે વર્ણવી શકાતો નથી. જીવને સમર્પીને પ્રમુખ એવા જે પરમાત્મા છે તેની સાથે મેળાપ થયો — તેનું દર્શન થયું — તેનું જ્ઞાન થયું. હવે જગદાકાર ધવળ – ઉજ્જવળ થયો અને અંધારું રહ્યું જ નહીં.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

लवण मेळवितां जळें । काय उरलें निराळें ॥ १ ॥
तैसा समरस जालों । तुजमाजी हरपलों ॥२ ॥
अग्निकर्पूराच्या मेळी । काय उरली काजळी ॥ ३ ॥
तुका ह्मणे होती । तुझी माझी एक ज्योती ॥ ४ ॥

'લવણ – મીઠું પાણીમાં મળી ગયું. હવે જુદું શું રહ્યું? તેમ હે પ્રભો, હું તારી સાથે સમરસ થયો. તારામાં હું સમાઈ ગયો — લોપ પામ્યો — લય પામ્યો. અગ્નિ અને કપૂર એ બંનેનો સંયોગ થયા પછી તેની પાછળ કાજળ શાનું રહે? તેમ હું તારામાં લય પામ્યો — સમરસ થયો. પ્રભો, તારી મારી એક જ્યોત થઈ; હવે જુદાપણું ક્યાં રહ્યું? દ્વૈત ક્યાં રહ્યું?'

આવા પ્રકારની તેમની સ્થિતિ થયા પછી તેમને ધન્યતા લાગવા માંડી; બધી સ્થિતિમાં આ સ્થિતિ શ્રેષ્ઠ છે એમ તેમને લાગ્યું અને જે સાધનથી પોતે આ સ્થિતિ પર આવ્યા તે સાધન પણ સારું છે; તથા આબાળવૃદ્ધ, સ્ત્રીપુરુષ, બ્રાહ્મણથી માંડીને અંત્યજ સુધી બધાંએ તે કરવા જેવું છે, આમ તેમને લાગ્યા પછી તેઓ કહે છે:

कास घालोनी बळकट । झालों कळिकाळासी धीट ।
केली पायवाट । भवसिंधुवरूनी ॥

'દૃઢ કચ્છ મારીને હું કળિકાળ સામે નિર્ભય થયો છું. હવે કળિકાળનો ભય રહ્યો નથી. દુસ્તર એવો આ ભવસિંધુ તરવાને હવે કઠણતા રહી નથી. મેં એના પર પગદંડી બનાવી છે — સરળ રસ્તો કર્યો છે.' એમ જણાવી તેઓ આગળ કહે છે:

यारे यारे लहान थोर । याति भलते नारी नर ।
करावा विचार । नलगे चिंता कोणासी ॥

'અરે આવો; આ રસ્તે તમે બધાં ચાલ્યાં આવો. નાનાં મોટાં, સ્ત્રી પુરુષ, ગમે તે જાતિનાં હો, હીન જાતિનાં બધાં ચાલ્યાં આવો. હવે ભવસિંધુનો ભય રહ્યો નથી. કોઈને એ માટે ચિંતા — વિચાર કરવાની જરૂર નથી.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવો વિશ્વાસ તેમનામાં ઉત્પન્ન થયો. તેમની સ્થિતિ વિષે તેમને ખાતરી થઈ. જીવનનું સાર્થક થયું એમ તેમને લાગ્યું. એ સ્થિતિમાં તેઓ કહે છે: 'મારી આ સ્થિતિ એટલી ઉત્તમ છે કે તે જોઈને બ્રહ્મજ્ઞાનીના મોંમાં પાણી છૂટશે; તેને એની પ્રાપ્તિ માટે લલચાવીશ. મુક્તને પોતાની મુક્ત સ્થિતિ છોડી દેવી જોઈએ એમ લાગશે; તીર્થ-ભ્રમણ કરનારને તીર્થાટન કરવાનું આળસ આવશે. સર્વભોગ અને સ્વર્ગવાસ કડવા લગડાવીશ. તપોનિધિનું અભિમાન ગળી જશે; યજ્ઞદાન વગેરે કર્મો કરવાની લાજ આવશે. ભક્તિનું ભાગ્ય, પ્રેમ અને પુરુષાર્થ સાધ્ય કરીશ. બ્રહ્મનો મુખ્ય અર્થ જે આત્મધન છે તે પ્રાપ્ત કરીશ. લોકો તરફથી હું પોતાને ધન્ય મનાવીશ અને લોકો કહેશે કે અમારું સદ્‌ભાગ્ય કે આવા તુકારામનું અમે દર્શન કર્યું.'

સંત તુકારામના જીવનમાં તેમના પર આવેલા પ્રસંગો, તે પ્રત્યેક પ્રસંગમાં તેમનું વૃદ્ધિંગત થનારું ચારિત્ર્યતેજ અને સદ્‌ગુણોનો વિકાસ, દરેક સંકટમાં ઈશ્વરનિષ્ઠાના બળથી પ્રાપ્ત કરેલો વિજય, લોકો તેમ જ પોતાના મન સાથે તેમનો નિત્ય થનારો સાત્ત્વિક ઝઘડો, પ્રત્યેક નાની મોટી વાતમાં જણાઈ આવતી તેમની નિઃસ્પૃહતા, ઉદાત્તતા, નિર્ભયતા, કોમળતા, દૃઢતા, સાધુતા, તેમની વિવેકશીલતા, તેમનો વૈરાગ્ય, અન્યાય જોતાં જ તેમના હૃદયમાં ઊઠનારો પુણ્યપ્રકોપ, તેમની દયાળુતા, ચિત્તશુદ્ધિ અને ઈશ્વરપ્રાપ્તિની તેમની વ્યાકુળતા, સત્ય-શોધનની તેમની ધગશ, જનહિતની તેમની તીવ્ર ઇચ્છા ઇત્યાદિ મહાન ગુણોથી તેમનું જીવન ભરેલું છે. એ મહાન ગુણોનું કોણ વર્ણન કરી શકે?

ઇતિહાસ લખવાની પ્રથા તે સમયમાં ઘણી ઓછી હતી. તેથી મહાપુરુષો વિષે પણ પરંપરાગત કથાવાર્તા પરથી જ તેમના ચરિત્ર-જ્ઞાનની ઇચ્છા પૂરી કરવી પડે છે. સંત તુકારામના અભંગો પરથી જ આ ચરિત્રનું વર્ણન કર્યું છે.

કેદારનાથ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

मराठी अभंगांची वर्णानुक्रमणिका

	पृष्ठ		पृष्ठ
अक्षयी तें झालें	९०	कासियानें पूजा	९६
अग्नि हा पाचारी	७२	कां रे दाटोन	६२
अनुतापें दोष	५४	कां रे नाठविसी	८०
अल्प माझी मती	२	कां हो एथें काळ	२४
आणीक दुसरें	८२	किती विवंचना	२८
आतां माझें नका	६२	कीर्तन ऐकावया	४२
आमुची विश्रांति	३२	कृपावंत किती	१८
आर्त माझ्या बहु पोटीं	३८	कैसें असोनि ठाउकें	७८
आलिया संसारा	७४	क्रियामति-हीन	६
आह्मां विष्णुदासां	५०	गंगेचिया अंताविण	८
आह्मी तरी आस	३४	घेईं घेईं माझे वाचे	५२
उतरलों पार	३०	चहूं आश्रमांचे धर्म	५२
उत्तम त्या याति	८८	चित्त शुद्ध तरी	६०
उपाधि वेगळे	९४	जन्मा येणें घडे	६६
एक भाव चित्तीं	२६	जरि मी नव्हतों पतित	२
एक मन तुझ्या	६६	जाणे भक्तीचा जिव्हाळा	८४
एक शेरा अन्ना चाड	६२	जाणोनि नेणतें	९२
ऐसे सांडुनियां	३२	जे का रंजले गांजले	८४
कई ऐसी दशा	४४	जेथें जातों तेथें	२८
कन्या सासुऱ्यासि	३८	जोडोनियां धन	७४
करितां कोणाचेंही	१८	झालों म्हणतां त्याचें	६४
करूनि राहों जरी	१४	टिळा टोपी माळा	५४
कलियुगीं कवित्व	५६	ढालतलवारे	५६
काम क्रोध आड	१४	तुज घालोनियां	४२
काय तुझें वेंचे	४६	तुज पाहावें हे	१२
काय देवें खातां	७०	तुज मज ऐशी परी	९२
काय नव्हे करितां तुज	६	तुज मागणें तें देवा	३०
काय माझें नेतो	५०	तुज वर्णी ऐसा	१६
काय वाणूं आतां	८६	तुजविण मज	३६

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

तुझा शरणागत	३०	भक्तिभावें करी	८२
तुझे थोर थोर	६	भय हरिजनीं	६८
तुझे वर्णूं गुण	१०	भेटीची आवडी	४०
तुझें रूप पाहतां	३४	भेटीलागीं जीवा	४०
तुटे भवरोग	५८	मज संतांचा आधार	३०
तुम्हां ठावा होता	४	मन गुंतलें लुलयां	५८
दुडीवरी दुडी	४६	मनवाचातीत	१०
दर्शनाची आस	३४	मनोमय पूजा	५४
देह मृत्यूचें भातुकें	७६	माझ्या विठोबाचा	१६
देहीं असोनियां देव	९४	मी तंव बैसलों	३८
धन्य भावशीळ	८४	मुक्त कासया म्हणावें	९२
धरूनि हें आलों जीवीं	३६	मुसावलें अंग	९०
धांव घालीं आई	२६	रूपीं जडले लोचन	३२
न कळतां काय	२६	लवण मेळवितां	९६
न मिळो खावया	२०	लागोनियां पायां	४८
न संडवे अन्न	८	वंदीन मी भूतें	९०
नाहीं निर्मळ जीवन	५८	वंदिलें वंदावें	७२
नाहीं संतपण	८६	वाटुली पाहातां	४
नित्य उठोनियां	६०	विचारावांचून	९०
निर्वाहापुरतें	८०	विठ्ठल सोयरा	१२
पराविया नारी	७६	वेद अनंत बोलिला	५८
पवित्र तें कुळ	२२	शुद्ध ऐसें ब्रह्मज्ञान	६८
पाठीं पोटीं देव	५२	सदा सर्वकाळ	६४
पापाची मी राशी	४६	सर्वभावें आलों	४४
पापाची वासना	२०	संत गाती हरिकीर्तनीं	८८
बुडतां आवरीं	२	साधकाची दशा	७८
बैसों खेळूं जेवूं	६	सुखाचे व्यवहारीं	६८
भक्त ऐसे जाणा	८८	सोडिला संसार	४
भक्त देवाघरिंचा सुना	१८	हेचि थोर भक्ति	४८
भक्तप्रतिपाळे	३६	हेंचि दान देगा देवा	२०
भक्ताविण देवा	१८	होऊं नको कांहीं	७२

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુજરાતી અભંગોની વર્ણાનુક્રમણિકા

	પૃષ્ઠ		પૃષ્ઠ
અક્ષય તે થયું	૯૧	કેમ હું વખાણું	૮૭
અગ્નિ શું કહે	૭૩	કેવો હે કૃપાળ	૧૯
અનન્ય ભાવે ભક્તિ	૨૭	કે શું અહીં કાળ	૨૫
અનુતાપે દોષ	૫૫	ક્યારે એવી દશા	૪૫
અમ વૈષ્ણવ તણું	૫૧	ક્રિયામતિ-હીન	૭
અમારી વિશ્રાંતિ	૩૩	ગંગા તણો અંત	૯
અમે પણ આશ	૩૫	ચાર આશ્રમોના ધર્મ	૫૩
અલ્પ મારી મતિ	૩	ચિત્ત શુદ્ધ હો તો	૬૧
આગળ પાછળ પરમેશ્વર	૫૩	જન્મ લેવો પડે	૬૭
આ જ દાન આપો	૨૩	જાણીને અજાણ્યું	૯૩
આ જ શ્રેષ્ઠ ભક્તિ	૪૯	જાણે ભક્તિરસ	૮૫
આમ છાંડીને ધીરે	૩૩	જીવને સાટે	૭૩
આર્ત મારા બહુ ઉરે	૩૯	જે કો દબાય	૮૫
આવીને સંસાર	૭૫	જો હું ન હોત પતિત	૩
ઉત્તમ તે જાતિ	૮૯	જ્યાં જ્યાં હું જાઉં	૨૯
ઉપાધિરહિત	૯૫	ટીલું, ટોપી, માળા	૫૫
ઊતરી ગયો પાર	૩૧	ડૂબતો ઉગાર	૩
એક શેર અન્ને	૬૩	ઢાલ-તલવારે	૫૭
કન્યા સાસરવાસે જાયે	૩૯	તને મૂકીને હું	૪૩
કરતાં કોઈનુંયે કાજ	૧૯	તમે ન જાણત	૫
કરવા શું ના તને શકય	૭	તારા ગુણ ગાવા	૧૧
કરી રહેવા ઇચ્છું	૧૫	તારા પરમ પરમ	૭
કળિયુગે કાગ્યે	૫૭	તારા વિણ નહોય	૧૭
કામ ક્રોધ ઊભા	૧૫	તારી સર્વસ્વ મૂડી	૬૭
કાં રે જાણીને	૭૯	તારું રૂપ પેખતાં	૩૫
કાં રે થાઓ પૂરા	૬૩	તારો મારો એ સંબંધ	૯૩
કાં રે ન સંભારે	૮૧	તુજ વિણ મારું	૩૭
કીર્તન સુણવા	૪૩	તૂટે ભવરોગ	૫૯
કેટલીયે કરું	૨૯	થઈશ ના જરા	૭૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'થયો' કહે તેનું	૬૫	મન ગૂંચાયું વિષયે	૫૯
દર્શનની આશ	૩૫	મનવાચાતીત	૧૧
દેવે ભર્યું સર્વ અંગ	૯૧	મને સંતોનો આધાર	૩૧
દેહ ભાથું મૃત્યુતણું	૭૭	માગું એક જ હું દેવ	૩૧
દેહે વસતાંયે દેવ	૯૫	મારા પ્રભુજીનો	૧૭
દોડી આવ માડી	૨૭	મુક્ત શાને કહાવું	૯૩
ધન્ય ભાવશીલ	૮૫	મૂકે જે સંસાર	૫
ધારીને હું આગ્યો	૩૭	મેળવીને ધન	૭૫
ન જાણું હું કેવો	૨૭	રૂપે અટકયું લોચન	૩૩
ન ત્યજાયે અન્ન	૯	લવણ જળે મળ્યું	૯૭
નહિ પાણી જો નિર્મળ	૫૯	લાગીને હું પાયે	૪૯
નહિ મળો ખાવા	૨૧	લેને લેને મારી વાણ	૫૩
નહીં સંતપણું	૮૭	વંદીશ હું	૯૧
નિર્વાહ પૂરતું	૮૧	વાટડી પેખતાં	૫
પવિત્ર તે કુળ	૨૩	વિચાર કર્યા વણ	૯૧
પાપનો હું રાશ	૪૭	વેદ બહુ બહુ બોલે	૫૯
પાપી વાસનાયે	૨૧	શાના વડે પૂજા	૯૭
પારકી નારી	૭૭	શુદ્ધ લહો બ્રહ્મજ્ઞાન	૬૯
પ્રભાતે ઊઠીને	૬૧	શું રે તારું જાયે	૪૭
પ્રભુ મારો સગો	૧૩	શું રે દેવ લેતો	૭૧
બેડે બેડું મેલે	૪૭	શું રે બગડે મારું	૫૧
બેસશું, રમશું, ખાશું	૭	સદા સર્વકાળ	૬૫
ભક્ત એ જ જાણો	૮૯	સર્વ ભાવે આગ્યો	૪૫
ભક્ત દેવ-ઘરનો શ્વાન	૧૯	સંત ગાતાં હરિકીર્તને	૮૯
ભક્તપ્રતિપાળા	૩૭	સાધક સ્વદશા	૭૯
ભક્ત વિના દેવ	૧૯	સુખના વ્યવહારે	૬૯
ભક્તિભાવે કરી	૮૩	હવે નહિ બીજું	૮૩
ભય હરિજને	૬૯	હવે મારો નહિ	૬૩
ભાવભરી ભક્તિ	૫૫	હું તુજ શરણાગત	૩૧
ભેટ કાજે જીવે	૪૧	હું તો હવે બેઠો	૩૯
ભેટની હોંશે	૪૧	હોંશ રાખું મને	૧૩

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખરું જોતાં સંત તુકારામ જેવા મહાપુરુષનું લખાણ, તેમનો ઉપદેશ એક ગામ, પ્રાંત કે દેશ માટે ઉપયોગી ન હોઈ સમસ્ત માનવજાતે માટે તેનો ઉપયોગ છે. માણસમાત્રનાં કલ્યાણ અને ઉન્નતિના નિયમો અને ઉપાયો એમાં બતાવેલા હોય છે. જીવનમાં જે વિષયોને મહત્ત્વ આપીને તેમણે પોતાનું જીવન ખર્ચ્યું હોય છે તે વિષયોનો સમસ્ત માનવજાતિના કલ્યાણ સાથે સંબંધ હોય છે. કોઈ પણ દેશના કે કોઈ પણ કાળના સત્પુરુષો સદાચાર, સદ્‌ગુણ અને શીલના આગ્રહી હોય જ છે, એવું આપણને જણાઈ આવેલું છે. . . . તેથી ચારિત્ર્યવાન, ઈશ્વરનિષ્ઠ અને સદ્‌ગુણસંપન્ન પુરુષને ક્યારે પણ એકાદ ગામના કે પ્રાંતના ન માનતાં સમસ્ત જગતના આપણે માનવા જોઈએ. તેમનાં વચનોને આખું જગત સમજી શકે એવી જુદી જુદી ભાષાઓમાં સમજાવવાં જોઈએ. કારણ કે એ સંપત્તિ સમસ્ત માનવજાતિની છે. આ દૃષ્ટિએ જોતાં સંત તુકારામનાં આ થોડાંક બોધવચનો કાં ન હોય. તોપણ ગુજરાતી વાચકોને તે સમજાવવાનો આ પ્રયત્ન અભિનંદનીય છે.

કેદારનાથજી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'શ્રીમદ્ રાજચંદ્ર જયંતી આળા'નાં અન્ય પુસ્તકો

શ્રીમદ્ રાજચંદ્ર પ્રણીત

આત્મસિદ્ધિશાસ્ત્ર

સંપા૦ સુકુલભાઈ કલાર્થી

શ્રીમદ્ રાજચંદ્રનું સંક્ષિપ્ત જીવનચરિત; પંડિત સુખલાલજીની પ્રસ્તાવના; અને ટિપ્પણ સહિત.

કિં૦ રૂ. ૧-૮-૦ ટપાલખાનગી ૦-૭-૦

શાંતિદેવાચાર્યકૃત

બોધિચર્યાવતાર

[અધ્યાપક ધર્માનંદ કોસંબીનો સંક્ષિપ્ત અનુવાદ]

સંપા૦ સુકુલભાઈ કલાર્થી

અધ્યા૦ ધર્માનંદજીનું સંક્ષિપ્ત જીવનચરિત અને પંડિત સુખલાલજીની પ્રસ્તાવના સહિત.

કિં૦ રૂ. ૧-૦-૦ ટપાલખાનગી ૦-૪-૦

પ્રાપ્તિસ્થાન

નવજીવન કાર્યાલય

અમદાવાદ અને મુંબઈ-૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar